શ્રી મહાવીરનો-
સામાયિક યોગ

અને તેથી થતા આત્મવિકાસનાં
પદો અને વ્યાખ્યાનો

લાલન

શ્રી મહાવીરના–

સામાયિક યોગ

અને તેથી થતા આત્મવિકાસનાં

પદ્યો અને વ્યાખ્યાનો

સંયોજક–લાલન

: પ્રકાશક :

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

અમદાવાદ

પ્રકાશક
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
શંભુલાલ જગશી
ગાંધીરોડ : અમદાવાદ

સંવત ૧૯૮૭
સુધારાવધારાવાળી બીજી આવૃત્તિ

મુદ્રક
મૂળચંદભાઈ ત્રીકમલાલ પટેલ
સૂર્યપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસ
પાનકોરનાકા — અમદાવાદ

ॐ શાંતિ

શ્રી વીરપરમાત્માનો સામાયિક યોગઃ—

ઉપોદ્‌ઘાત.

દેહગેહની સેવાઃ—સામાન્ય રીતે મનુષ્યનો આખો જન્મારો દેહરૂપી ઘરની સેવામાં જ જાણે વહ્યો જતો હોય એમ ઘણે ભાગે સંસારમાં જોવામાં આવે છે. દેહ મનુષ્યની સાથે ૨૫–૫૦–૭૫ ૧૦૦ કે ૧૨૦ વર્ષ રહે છે.

તેની સેવામાં એ રાત્ર દિવસ જાણે મંડયો જ રહ્યો હોય એવું દેખાય છે. દેહને ખાવાને અન્ન જોઇએ તેને માટે સવારથી સાંજ સુધી શ્રમ કરતો તે જોવામાં આવે છે, એ દેહને પહેરવાને વસ્ત્ર જોઇએ તેને માટે પણ અહોરાત્ર પરીશ્રમ વેઠતો જોવામાં આવે છે, અને એ જ દેહને રહેવાને છાપરૂં જોઇએ તેને પેદા કરવામાં તેની સાઠે ઘડી–ચોવીસે કલાક વ્યતીત થયા કરે છે. આટલું જ નહિ પરંતુ મનુષ્ય, બીજા મનુષ્યથી પોતે મોટો દેખાય એટલા માટે, પણ તે અતિશ્રમ કરતો જણાય છે આમ ખાવામાં, પહેરવામાં, વસવામાં અને મોટા થવામાં તેનો જન્મારો જે વહેતો જણાય છે. તે બધો દેહગેહની સેવામાં જ ચાલ્યો જાય છે.

આટલું જ નહિ પરંતુ કદાચ તેને ખાવાને કોદરા મલ્યા તો તે કંસાર મેળવવાને મહેનત કરે છે; એ પણ તેની મહેનત દેહના માટે છે, કદાચ મહેનત કરતાં પહેરવાને ખાદી મલી તો કીનખાબ પ્રાપ્ત કરવા પરિશ્રમ વેઠે છે. વળી રહેવાને પર્ણકુટી, ઝુપડું, ઘર, હવેલી, બંગલો મહેનત કરતાં કરતાં મળે તોપણ તે મહેલ મેળવવા

પ્રયત્ન કરતો અટકે એમ જોવામાં આવતું નથી. આ પ્રમાણે દેહગેહની સેવા કરવામાં—દેહરૂપી ઘરની પરીચર્યા કરવામાં તે બાકી રાખતો નથી, જે દેહ તેને વિશેષમાં વિશેષ આશરે સવાસો વર્ષ રહી છોડી જાય છે; તે દેહનો તે ગુલામ થઈ રહે છે, પરંતુ એ દેહરૂપી ઘરમાં રહેનાર, દેહરૂપી ઘરનો ઘણી જે દેહ જન્મ્યો તેની પહેલાં પણ હતો; હાલ પણ છે, અને હવે પછી પણ હશે, તેની દરકાર કરતો જરાપણ જોવામાં આવતો નથી. એટલું જ નહિ પરંતુ દેહરૂપી ઘરમાં રહેનાર કોઈ છે કે નહિ તેની પણ તેને ઘણે ભાગે ખબર હોતી નથી, એટલે કે **દેહને જ હું માને** છે અને દેહના જન્મને પોતાનો જન્મ, દેહના વૃદ્ધપણાને પોતાનું વૃદ્ધપણું, દેહના વ્યાધિને પોતાનો વ્યાધિ, અને દેહના મરણને પોતાનું મરણ સમજે છે. આમ દેહને હું માનનારને શાસ્ત્ર **બહિરાત્મા** કે નિશ્ચય મિથ્યાત્વી કહે છે, અને દેહગેહમાં રહેનાર દેહથી જે જુદો છે, એમ સમજનારને સમ્યક્ત્વવાન કહે છે.

દેહગેહના ધણીનું દર્શન—અ જ્યારે દેહમાં તેનો ધણી હોય છે, ત્યારે તેનો દેહ ચકચકતો દેખાય છે. અને જ્યારે તે એ દેહરૂપી ઘરમાંથી રવાનો થાય છે, ત્યારે તેનો દેહ થોડીવારમાં કાલો મેશ થઇ જાય છે, એટલું જ નહિ પણ તે ગંધાવા લાગે છે અર્થાત્ જ્યાં સુધી એ દેહનો ધણી એ દેહરૂપી ઘરમાં હોય છે ત્યાં સુધી તેની ચામડી તેજવાળી દેખાય છે, અને તેમાંથી કોઇપણ પ્રકારની દુર્ગંધ નીકલતી નથી, હવે આત્મપ્રિય વાચક ? વિચાર કરો કે એ દેહમાં કોણ હતું કે જેથી તેને **અભાવે** દેહ કાળો પડી ગંધાય અને **સદ્‌ભાવે** દેહ ચકચકિત રહી ગંધાતો બંધ થાય ? **એ** જ તું **પોતે (तत्त्वम्)** દેહ નહિ—દેહરૂપી ઘર નહિ, પણ એ ઘરનો માલિક. એવા દેહ તો તેં ઘણા બનાવ્યા—એવાં દેહરૂપી ઘરો તો તમે ઘણાં બાંધ્યાં અને ઘણાં બાંધો પણ ખરા પણ એ ઘરનો બાંધનાર તેનાથી જુદો જે કોઇ છે; તે તું **પોતે** છે:—

૪ દેહગેહના ધણીની કિંમત—હાલની દુનિયામાં મોટામાં

મોટી નગરી જો કોઈ હોય તો એંસી લાખની વસ્તીવાળી લંડન નગરી છે. પંચમ જ્યૉર્જ હાલ ત્યાં રાજ્ય કરે છે, તેમના રાજ્યમાં એવો દુનિયાનો કોઇપણ દેશ નથી કે, જેમાં સૂર્ય કદાપિ પણ અસ્ત થતો હોય અર્થાત્ તેમના કોઇ કોઇ દેશમાં તો સૂર્ય ઊગેલો જ હોય. એ પંચમ જ્યૉર્જના અલંકારો, લંડન ટાવરમાં લોકોને જોવા માટે રાખવામાં આવે છે, એ અંલકારોમાં સર્વથી શ્રેષ્ટ જે હીરો છે. તેને કોહીનુર (પ્રકાશનો પર્વત) કહે છે. એ જ કોહીનુરને કોઇ કૌસ્તુભમણિ કહે છે. એવી દંતકથા છે કે, જેનો એ હીરો હોય તે ચક્રવર્તી હોય, એ હીરાની કીંમત સાડાચાર કરોડ રૂપિયા છે. પરંતુ આત્મપ્રિય મનુષ્ય ! એ કોહીનુર જોવાને કદાચ આંખ ન હોય. તો તે કોહીનુરની કીંમત શી ? વિચાર કરતાં તને જણાશે કે ફુટી બદામ, ત્યારે જે ચક્ષુરૂપી હીરાથી કોહીનુર અને એવા અનેક હીરાઓ દેખાય છે, એ ચક્ષુરૂપી હીરાની કીંમત શી આંકે ? ધારો કે એ ચક્ષુરત્નની કીંમત સાડાચાર અબજ છે. હવે જરા વિચાર કરો કે—કદાચ ચક્ષુ હોય—ચક્ષુરૂપી રત્ન હોય, સામે કોહીનુર હીરો પણ પડેલો હોય પણ જો તમે શરીરમાં ન હો તો તમારા ચક્ષુરત્ન, જેની કીંમત સાડા ચાર અબજ આપણે આંકી હતી તે પણ શું કામનું ? એની કીંમત પણ આપણે કોહીનુર પ્રમાણે આપણે શરીરમાં ના હોઇએ તો ફુટી બદામ છે. ત્યારે આ વાતનો સાર એ થયો કે—બધી કીંમત આપણે પોતે શરીરમાં હોઇએ, તો થાય છે અને ના હોઇએ તો નથી થતી. હવે જ્યારે કોહીનુરની કીંમત આપણે સાડા ચાર કરોડની માંડી હતી, આંખરૂપી રત્નની કીંમત સાડા ચાર અબજની માંડી હતી, તો દેહરૂપી ઘરમાં રહેનાર જે ચક્ષુરત્નને તેમજ કૌસ્તુભમણિને જોઈ રહ્યો છે. તેની કીંમત સાડા ચાર પરાર્ધ ગણીએ તો ખોટું શું છે ! આશ્ચર્ય તો એ જ છે કે, બહાર દેખાતા કોહીનુરમાં કે બહારના પદાર્થમાં મનુષ્ય મોહી રહ્યો છે અને ચક્ષુરત્નની કીંમત તે જાણતો નથી, કદાચ તેની

કીંમત જાણે છે તો પણ એ ચક્ષુમાં રહી જોનાર પોતે—આત્મ તેની કીંમત અઢળક હોવા છતાં તેની તે દરકાર કરતો નથી. આમ ખરૂં જોતાં જો તે અંતર-દષ્ટિ કરે તો તેને આત્માની ઝાંખી થાય કે જેનું મૂલ્ય અપરંપાર છે. પરંતુ આપણે સમજવાની ખાતર તેની કીંમત સાડા ચાર પરાર્ધ આંકેલી છે. આ ઉપરથી સહજ સમજાશે કે દેહગેહથી આત્મા ભિન્ન છે અને તેની કીંમત અપરંપાર છે.

ક દેહગેહના ધણીની ઉંચાઇ અને મ્હોટાઇ—જમીનના તળીયાથી ગિરનાર પર્વતની પાંચમી ટુંકનું શિખર પાંચ માઇલ એટલે અઢી કોશ છે. માણસ છેક તેની ટોચ પર જઈ ત્યાં **શ્રી નેમીશ્વરનાં** દર્શન કરી શકે છે. ગુરૂ દત્તાત્રયનાં પગલાં પણ જોઇ શકે છે અને ત્યાં જ બાવાઓ જે લાકડીઓ નાંખે છે તેનો ઢગલો પણ તે સામે જુએ છે. એટલું જ નહિ પણ ત્યાં જે ઘંટ બાંધેલો છે, તેને વગાડવામાં યાત્રા સફળ સમજે છે. હવે આત્મપ્રિય મનુષ્ય ! તમે વિચાર કરો કે પર્વત પર ચઢતાં પાંચમી ટુંકનાં શિખરે તમે પહોંચ્યા, જે પાંચ માઇલ ઊંચું હતું અને હજી પણ તમે જો એ વિશેષ ઊંચુ હોય તો ચડી શકો છો, ત્યારે વિચાર કરો કે તમે ઊંચા છો કે તે પર્વતનું શિખર ? તે પાંચ માઇલની ઊંચાઈએ આવેલું એ પાંચમી ટુંકનું શિખર ચડતાં ચડતાં ગિરનાર પર્વતની ઊંચાઇ પુરી થઇ, પરંતુ તમારા પગની ઊંચાઇ જે ત્યાં ચડી ગયો—તેની ઊંચાઇ કોઇથી માપી શકાય ! ? હવે વિચાર કરો કે પર્વત ઊંચો કે તમો પોતે ? ગિરનાર ઊંચો કે તમારા શરીરમાં રહેલો આત્મા ઊંચો ? પરંતુ જો તમે શરીરમાં ના હો તો તમારી ઊંચાઇ માત્ર પાંચ ફુટ ને છ ઇંચની છે. અને શરીરમાં હોત, તો પાંચ માઇલથી પણ તમે વિશેષ ઊંચા છો, આ ઊંચાઈ એ તમારા શરીરના સામર્થ્યની નહિ પણ તમારા શરીરથી ભિન્ન એવા **આત્માની** છેઃ—

૨ **આત્મા ટેપલાઇન-ફુટપટી છે અને પૃથ્વીને પણ**

પગમાં રહી માપી શકે છેઃ—સાંપ્રતકાળની ભૂગોળવિદ્યા અને ખગોળવિદ્યામાં જણાવેલું છે કે પૃથ્વીનો પરિઘ સાડી બાવીશ હજાર માઇલ છે, હવે જો એક માણુસ રોજના આઠ માઇલ પ્રમાણે ચાલવા માંડે તો આઠ વર્ષમાં પૃથ્વીની પ્રદક્ષિણા ફરી વળે એટલે કે પૃથ્વી ઊપરનાં સાડી બાવીશ હજાર માઇલ ચાલતાં ચાલતાં પૂરાં થાય પણ તેનો પગ ખૂટી જઈ શકે નહિ. એનો પગ તો હજુપણ બીજા પણ માઇલોને પોતાના પગમાં છૂપાવી રહ્યો છે. આ વિચારથી આત્મપ્રિય બંધુ સમજી શકશે છે કે પૃથ્વી તો મનુષ્યના પગમાં ઘડી વાળીને સમાઈ ગઇ છે. તેના પગના તળીયામાં સમાઈ રહી છે. એટલું જ નહિ પરંતુ તે એટલો બધો વિશાળ છે કે આખા બ્રહ્માંડને તે વ્યાપવા માંડે તો બ્રહ્માંડ (Cosmos) પુરૂં થાય પણ પોતે પૂરો ન થાય. જડ બ્રહ્માંડને માપનાર આત્મા–બ્રહ્મ તો અસંખ્ય માઇલનો છે, પરંતુ એ આત્મા એટલે પોતે શરીરમાં ન હોય તો તેના પગનું તળીયું માત્ર એક ફુટનું છે. શરીરમાં પોતે હોય તો અમાપ છે અને પર્વતને, પૃથ્વીને, બ્રહ્માંડને માપી શકે એવો તે મહાન છે.

૩. આત્મબળની ઝાંખી.

બહારની વસ્તુઓ બાહ્ય ઇંદ્રિયોથી એટલે બહિઃકરણથી અને અંતરની વસ્તુઓ અંદરની ઇંદ્રિયોથી એટલે અંતઃકરણથી જોઇ શકાય–જાણી શકાય. આ ઉપર એક દૃષ્ટાંત લેવું પડશે.

આત્મપ્રિય મનુષ્ય ! તમને પથ્થરો કઠણ જણાય છે કે પાણી ? સામાન્ય રીતિએ જોતાં તમો એવું ઉત્તર આપશો કે પથ્થર કઠણ છે અને પાણી પોચું. તમારી સ્પર્શેન્દ્રિય પથ્થર કઠણ દેખાડે છે અને પાણીને પોચું. હવે વાંચનાર આત્મબંધુ ! આપણે એ જ પથ્થર અને પાણીને અંતરદૃષ્ટિથી જોવાને પ્રયત્ન કરીએ. આપણો અંતરાત્મા જ્યારે વિચાર કરવા લાગે છે ત્યારે તેના અંતરમાં સ્પષ્ટ દેખાય છે કે પર્વતના કઠણ પથ્થરો ઉપર હેલીબંધ વરસાદ પડતાં તે પર્વતના

પત્થરના કટકા થઈ જાય છે. એ પથ્થરના કટકા ઉપર વરસાદ પડયા કરે છે ત્યારે તે કટકાના કાંકરા થઇ જાય છે અને કાંકરા ઉપર પડતા વરસાદનું પાણી એ કાંકરાઓને રેતીનું રૂપ આપે છે. આમ પથ્થરના ટુકડા કરનાર, ટુકડાના કાંકરા કરનાર અને કાંકરાને રેતી બનાવનાર શું વરસાદનું પાણી નથી ? આ ઉપરથી સમજાશે કે બાહ્ય સ્પર્શેન્દ્રિયથી ઓળખાયેલો કઠણ પથ્થર પાણીથી ભાગી જતો હોવાથી પોચો જણાશે અને પાણી જે પોચું હતું તે કઠણ જણાશે. કારણ કે પથ્થરને તેણે તોડી પાડયા !

એક લોખંડનો કટકો લ્યો અને એક પ્યાલામાં પાણી ભરી તેમાં એ કટકાને મૂકો. થોડા દિવસમાં લોખંડનો કટકો કટાઇ જશે. પછી તેની ઝીણી ઝીણી લાલ રેતી થઈ જશે. એટલું જ નહિ પરંતુ રેતી પણ બારીક થઇ ઉડી જશે. આ હિસાબે પાણી લોખંડ કરતાં કઠણ ન થયું ?

એ જ પ્રકારે વિચાર કરશો તો જણાશે કે ઘણા મનુષ્યો બાહ્યદષ્ટિ હોવાથી એમ વિચારે છે કે કર્મ કઠણ છે અને આત્મા પોચો છે. કર્મથી દબાયેલો છે. પરંતુ **અંતરઆત્મા** જ્યારે અંતર્દષ્ટિથી વિચારીને જુએ તો કઠણ પાણીની માફક પોચા પત્થર જેવા કર્મને તોડી પાડે છે. પાણીદાર એટલે બળવાન આત્મા કર્મરૂપી પર્વતોને વજ્રરૂપ બની તેના ભૂકેભૂકા કરી નાખે છે.

૪ શરીર અને આત્માનો સંબંધ; તેમજ શરીરનું વિનાશીપણું અને આત્માનું અવિનાશીપણું—મૂળાક્ષરોમાં **અ**, **આ** વગેરે સ્વરો છે અને **ક્**, **ખ્** વગેરે વ્યંજનો છે. સ્વરો એટલે જેનો ઉચ્ચાર સદા થયા કરે તે અને વ્યંજનો એટલે જેની ભીતરમાં સ્વર ન હોય તો તેનો ઉચ્ચાર પણ ન થઇ શકે તો બોલી તો કેમ શકાય ! લખવામાં પણ તે વ્યંજનો ખોડા લખાય. આ ઉપરથી સાધકને સમજાશે કે સ્વરના ઉચ્ચાર જેમ શાશ્વત છે–નિત્ય છે–અવિનાશી છે તેમ શરીરરૂપી વ્યંજનમાં રહેલો સ્વરરૂપી આત્મા અવિનાશી

છે, નિત્ય છે, શાશ્વત છે અને વ્યંજનની માફક શરીર અશાશ્વત વિનાશી અને અનિત્ય છે.

આ શ્રોતાઓમાંના કે વાચકોમાંના કોઇએ સાંભળ્યું કે વાંચ્યું હશે કે આઠે કર્મમાં મોહનીય કર્મની પ્રકૃતિ મોટામાં મોટી એટલે સિત્તેર કોડાકોડી સાગરોપમની છે. આ વાત સાંભળી કે વાંચી, જે સાધક પચીસ પચાસ કે પોણોસો વર્ષના શરીરને હું માની રહેલ છે, તેને મોહનીય કર્મની ભયંકરતા જણાતાં ગભરામણું પણ છૂટે વખતે (Heart) હાટ પણ ફેલ થાય. પરંતુ અંતર્દષ્ટિવાળો સાધક તો જાણી શકે છે કે અનંત કોટાકોટિ સાગરોપમવાળો મારો આત્મા, મોહનીય કર્મને તો એક ઇંચ કરતાં પણ નાનું ગણે છે. સિત્તેર કોડાકોડિ સાગરોપમનો તો અંત છે, મારો કે આત્માનો તો અંત નથી અને આદિએ નથી. મોહનીય કર્મ ઉપરાંત સર્વકર્મનો ક્ષય થાય પરંતુ મારા આત્માનો ક્ષય થઇ શકે નહિ.

આત્મબંધુ તમારૂં નામ શું ? બંધુ ઉત્તર આપે છે કે મારૂં નામ શંભુ. પ્રશ્નકાર પૂછે છે કે હું તમારા શરીરનું નામ નથી પૂછતો, શંભુ એ નામ તો તમારા શરીરનું હશે, પણ તમારૂં એટલે તમારા આત્માનું નામ મારે જાણવું છે. ધારો કે તમારા આત્માનું નામ આપણે સમજવા ખાતર **સંવેગ** રાખીશું. કારણ કે શંભુ તો ૨૬ વર્ષનો છે. તેના આ શરીરને ૨૬ વર્ષ થયાં છે. પરંતુ શંભુના શરીર રૂપી ઘરમાં રહેલ **સંવેગ** તો મરણજન્મની પણ પર છે. અનંત વર્ષનો તે હતો, છે અને હશે. તમારા આત્માએ શંભુ જેવાં ઘણાં શરીરો રચ્યાં અને ઘણાં ભાંગ્યાં, તથાપિ તમે તો હજુ કાયમ છો. નારક, તિર્યંચ, માનુષ્ય અને દેવનાં શરીરો પૂરાં થયાં, પરંતુ તમે પૂરા થાઓ નહિ એવા છો. હજુ પણ કદાચ આત્મભાન ભૂલો તો શરીરની હદમાં–સીમામાં–લીમીટમાં આવી પડો. પરંતુ તમે એટલે સંવેગ અસીમ છો. શરીરના જન્મ મરણ તમને હવે સ્પર્શી શકવાનાં નથી.

જેમ બાહ્યમાં આવેલી વસ્તુનું દર્શન સૂર્યનો ઉદય હોવા છતાં ચર્મચક્ષુ ઉઘાડયા વિના થતાં નથી, તેમ આંતરમાં આવેલી મહાન વસ્તુનું દર્શન વિવેકચક્ષુ–વિચારચક્ષુ ઉઘાડયા વિના થતાં નથી. બાહ્ય વસ્તુ આ જગત છે. અને અંતરની મુખ્ય વસ્તુ આત્મા છે. જગત જડ છે–અચેતન છે. આત્મા ચૈતન્યરૂપ છે. બહાર આવેલા જગતને અંતરમાં રહેલો ચૈતન્યદેવ જેમ જેમ જોઇ રહ્યો છે તેમ તેમ અંતરમાં રહેલો ચૈતન્યદેવ પણ પોતાના વિચારચક્ષુથી પોતાને પણ જોઇ શકે છે. જેમ દીવાને જોવા માટે બીજા દીવાની જરૂર પડતી નથી પણ એ જ દીવાના પ્રકાશથી દીવો જેમ જોવાય છે તેમ આત્માને જોવાને બીજા જ્ઞાનપ્રકાશની જરૂર નથી. પરંતુ અંતરમાં રહેલો જ્ઞાનપ્રકાશ જેમાંથી એ પ્રકાશ વહી રહ્યો છે તે આત્માને પણ જોઇ શકે છે. જેમ દીવાનો પ્રકાશ એ દીવાનો ગુણ છે, તેમ આત્મામાંથી નીકળતું જ્ઞાન એ આત્માનો ગુણ છે.

છેવટે ઉપસંહારમાં લખવાનું કે આત્મા અવિનાશી છે. મહાનમાં મહાન છે અમાપ છે. બળવાનમાં બળવાન છે. સર્વજ્ઞાનમાં શિરોમણી છે અને અનવધિ સુખ સંપૂર્ણ છે. આ વાતનો અનુભવ શ્રી વીરપ્રભુના સામાયિકને આદર્શ રાખી જે સાધક જિજ્ઞાસુ તેનું અનુકરણ કરશે તેને અનુભવ થશે એમ ભાવના કરવામાં આવે છે.

સામાયિકને આચારમાં મૂકતાં જે જે સ્ફુરણો થયાં તેને વ્યક્ત કરવાનો અહીં પ્રયત્ન કરવામાં આવ્યો છે. માટે સિલસિલેવાર આ લેખ હોવાનો સંભવ નથી. પરંતુ સામાયિકને જીવનમાં ઉતારનારને આ સ્ફુરણો મોક્ષ માર્ગની દિશાસૂચક થાય એવો સંભવ છે.

આ પુસ્તકના મુદ્રણમાં આ સામાયિકની ઉત્તમતા યથાશક્તિ સમજી શેઠ ભોળાભાઇ જેસીંગભાઈએ પ્રત ૧૦૦૦ તેમજ આત્મબંધુ ભાઇ સારાભાઇ મોદીએ પણ પ્રત બીજી ૧૦૦૦ નો ખર્ચ આપ્યો છે.

૧૫૭૭૪

સામાયિક—આત્મવિકાસ

(Perfection)

ગ્રંથપ્રવેશ:

પંચાવયવ ધર્માનુષ્ઠાન-જૈન ધર્મમાં જે ધર્માનુષ્ઠાન—જે ધર્મવિધિ- જે ધર્મક્રિયા-અને જે ધર્મવ્યાપાર **મોક્ષરૂપી** સાધ્ય અર્થે કે પરિપૂર્ણતા પામવાને કરવાનો છે, તેના શ્રીમદ્ હરિભદ્ર આચાર્યે પાંચ પ્રકાર નીચે પ્રમાણે જણાવ્યા છે:—

૧ **પ્રણિધાન**=સાધ્ય, ઉદ્દેશ. Aim.

૨ **પ્રવૃત્તિ**=સાધન- વિધિ Means to end.

૩ **વિઘ્નજય**=બત્રીસ દોષોનો પરાજય.

૪ **સિદ્ધિ**=મોક્ષ; પૂર્ણતા. Perfection.

૫ **વિનિમય**=પૂર્ણતા સિદ્ધ થયા પછી જે સાધનવડે સિદ્ધિ પ્રાપ્ત કરી તે સાધન અન્યને જણાવવું. અન્યને એ ફળનું દાન. Self-dedication.

સાધ્ય-ઉદ્દેશ:—શ્રી **વીર પરમાત્માએ** સામાયિક ચારિત્રવડે આત્મવિકાસની પૂર્ણતા પ્રાપ્ત કરી, અનંતજ્ઞાન, અનંતદર્શન; અનંત-ચારિત્ર; અનંતવીર્ય અને અનંતઆનંદ પ્રાપ્ત કર્યાં; અને એ અનન્ત ગુણો પ્રાપ્ત કર્યા પછી- સાધના પૂર્ણ થયા પછી તેઓશ્રીએ જૈન શાસન એટલા માટે સ્થાપ્યું કે, મનુષ્યોને એ સામાયિકના સાધનથી તેઓશ્રી આત્માના અનંત ગુણો પ્રગટ કરાવવા જનતાને માર્ગદર્શક થઇ શકે.

સાધન:—(પ્રવૃત્તિ) સામાયિકની ક્રિયા

પ્રત્યેક ધર્મના નેતાઓનું ચરિત્ર એ ધર્મના અનુયાયી કે પાળ-

નારાઓને આદર્શરૂપ હોય છે. શ્રી જૈન ધર્મ પાળનારાઓને શ્રી જિનેશ્વર ભગવાનનું-શ્રી **મહાવીર સ્વામીનું** ધાર્મિક ચારિત્ર આપણા ધર્મ જીવનમાં આદર્શરૂપ હોવું જોઇએ.

જૈનોનું આદર્શ સામાયિક

જૈનોનું આદર્શ સામાયિક તે શ્રી **મહાવીર સ્વામીનું** સામાયિક છે; અર્થાત્ શ્રી **મહાવીર સ્વામીએ** મુક્તિનું-પૂર્ણતાનું-મહાન્ આનંદનું અવ્યાબાધ સુખનું મુખ્ય સાધન સામાયિકને ગણ્યું છે; એમ શ્રી આચારાંગસૂત્રમાં આવેલા તેઓશ્રીના ચરિત્ર ઉપરથી જણાય છે.

શ્રી આચારાંગ સૂત્રમાં લખ્યું છે કે-" તે કાળે, તે સમયે શિયાળાના પ્રથમ માસે એટલે માર્ગશીર્ષ માસે પ્રથમ પક્ષે માગશર વદ દસમના સુવ્રત[1] નામના દિને વિજય મુહૂર્તે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો યોગ આવતાં, પૂર્વમાં છાયા વળતાં, છેલ્લા પહોરમાં પાણી વગરના બે ઉપવાસે-ચોવિહાર છઠ્ઠ ઉપવાસે એક વસ્ત્રધારી સહસ્ર-વાહિની **ચંદ્રપ્રભા** નામની શિબિકા (પાલખી) ઉપર ચઢી દેવ મનુષ્ય અસુરોની પર્ષદાઓ સાથે ચાલતાં ચાલતાં **ક્ષત્રિયકુંડપુર** નગરના મધ્યમાં થઇને જ્યાં **જ્ઞાતખંડ** નામનું ઉદ્યાન છે, ત્યાં ભગવાન આવ્યા. આવીને ભૂમિકાથી એક હાથ ઉંચી શિબિકા સ્થાપી ધીમે ધીમે પૂર્વાભિમુખે સિંહાસનપર બેસી આભરણ—અલંકારો ઉતારવા લાગ્યા. ત્યારે વૈશ્રવણ દેવે ગોદોહાસને રહી સફેદ વસ્ત્રમાં ભગવાનનાં તે આભરણો-અલંકારો ગ્રહણ કર્યા.

પછી ભગવાને જમણા હાથથી, મસ્તકના જમણા કેશોનો અને ડાબા હાથથી, ડાબા કેશોનો પંચમુષ્ટિએ લોચ કર્યો. શક્રેન્દ્રે ત્યારે ગોદોહાસને રહી, ભગવાનના તે કેશો રત્નથાળમાં ગ્રહણ કરીને ભગવાનને જણાવીને **ક્ષીરસમુદ્રમાં** પહોંચાડ્યા.

---

૧ સુવ્રત નામના દિને પ્રભુએ સામાયિક નામનું પોતાના જીવનમાં સુવ્રત સાધન અંગીકાર કર્યું.

આ પ્રકારે ભગવાને પંચમુષ્ટિએ લોચ કર્યા પછી સામાયિક ચારિત્ર લેવાનો ઠરાવ કર્યો, અને નીચે પ્રમાણે સામાયિક ચારિત્રનો ઉચ્ચાર કરવા, પ્રથમ સિદ્ધ ભગવાનને નમસ્કાર કર્યો.

नमो सिद्धाणं સિદ્ધોને નમસ્કાર હો !

સામાયિકના પાઠોનો ઉચ્ચાર*

करेमि सामाइयं—(હું સમતામાં–સમભાવમાં રહીશ) **सव्वं मे अकरणिज्जं पावकम्मं ॥**

(કોઇપણ પ્રકારનું પાપ નહિ કરીશ,) અર્થાત્ આજથી સમભાવમાં રહી–આત્મભાવમાં રહી–શુદ્ધ સ્વભાવમાં રહી કોઇપણ પ્રકારનો પાપવ્યાપાર નહિ કરીશ; એટલે કે મારા મનને મારા વચનને મારી કાયાને પાપવ્યાપારમાં જતા સર્વથા અટકાવીશ.[1]

આ પછી પ્રભુએ સાડા બાર વર્ષ અને ત્રણ અઠવાડિયાં સુધી સમભાવરૂપ સામાયિકમાં રહી સર્વ પાપનો સર્વથા નાશ કરી, કેવળજ્ઞાન, કેવલદર્શન, (અર્થાત્ પૂર્ણજ્ઞાન પૂર્ણદર્શન) અનંત આનંદ અને અનંત વીર્ય પ્રાપ્ત કર્યાં.

---

* આ સામાયિક ઉચ્ચારતી વખતે શ્રી **મહાવીર સ્વામીએ** કરેલો દૃઢ સંકલ્પઃ—

" મુજઆત્મ વિકાસ કરીશ સદા, હર એક પળે ધરી તત્પરા,
મુજ સાધ્ય વિષે યદિ કાંઇ નડે, મનવાચ શરીર તણી જરીએ,
પ્રકૃતિ ઝટ દૂર કરીશ વળી, બસ જીવ સટોસટ યત્ન કરી. ૧

આપણે પણ સામાયિકમાં હોઇએ તેટલો વખત સુધી આ પદને યથાશક્તિ વર્તનમાં મૂકવા પ્રયાસ કરવો.

સામાયિક લઇ લીધા પછી આ નીચેના પદનું સ્મરણ કરવું;

" કાયાથી કાંઇ નવ કરવું, મૌનપણે સ્થિર બેસી રહેવું;
બાહ્ય અભ્યંતર વિચારને અટકાવવારે–
વ્હાલા વ્હેલો વ્હેલો લાગ તું એવા ધ્યાનમાંરે. "

૧=મહાનુભાવ સાધુ સાધ્વીઓ પણ, શ્રી પ્રભુની પેઠે સ ત્યાગ કરી સામાયિક અંગીકાર કરે છે.

સામાયિકનો ઉપદેશ

જે સાધન વડે પોતાને કેવલ જ્ઞાનાદિ અનંત ચતુષ્ટય પ્રાપ્ત થયાં, તે સાધનનો પ્રચાર કરવા-વિનિમય કરવા શ્રી પ્રભુએ ધર્મ-રૂપ તીર્થનું[1] સ્થાપન કર્યું-શ્રી સંઘની રચના કરી.

સામાયિક ચારિત્રનો ઉપદેશ કરતાં, પ્રથમ મહાવ્રતનો અને પછી અણુવ્રતનો-જાવજીવ સુધી સામાયિકનો અને પછી ઇત્વર (જ્યાં સુધી નિયમ હોય ત્યાં સુધી) સામાયિકનો બોધ કર્યો. જાવજીવ સુધી સામાયિક અંગીકાર કરનારાઓ પ્રભુએ સ્થાપેલા તીર્થમાં સંઘમાં, સર્વથી ત્યાગ કરનારા સાધુ-સાધ્વીઓ ગણાયા અને ઇત્વર-થોડા વખત માટે સામાયિક લેનારા શ્રાવક શ્રાવિકાઓ, આમ શ્રી પ્રભુનું તીર્થ, ચતુર્વિધ સંઘરૂપે સ્થપાયું

ષડ આવશ્યકો

જૈનોમાં અવશ્ય કરવાની ક્રિયાઓને-વિધાનોને-અનુષ્ઠાનોને વિધિઓને આવશ્યક એટલે અવશ્ય કરવાની ક્રિયા કહે છે. એવા આવશ્યકો છ છે. જેમાં પ્રથમ સામાયિક છે. એક પ્રકારે આ છએ આવશ્યકોનો સામાયિકમાં સમાવેશ થાય છે. જે આપણે આગળ ઉપર જોઈશું.

સાધુ સાધ્વીઓનું સામાયિક

નીચે પ્રમાણે સાધુ સાધ્વીઓનું સામાયિક રચાયું. એટલે કે સામાયિક વ્રત ઉચ્ચરાવતાં તેઓના માટે આ પ્રકારે સામાયિકનો પાઠ પ્રવર્ત્યો:—

करेमिभंते सामाइयं—હે ભગવન્! હું સમતારૂપ સામાયિક ચારિત્ર લઉં છું.

૧=Religious Brotherhood. સંઘ, સમાજ,

सव्वं सावज्जं जोगं पच्चक्खामि--

સર્વ સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરૂં છું, **जाव जीवाए** જ્યાં સુધી જીવું ત્યાં સુધી.

तिविहं, तिविहेणं—ત્રણ કારણે અને ત્રણ યોગે એટલે કે

मणेणं, वायाए, कायेणं—મને, વચને અને કાયાએ—**न करेमि न कारवेमि, करंतंपि अन्नं न समणुज्जाणामि**–કરૂં નહિ, કરાવું નહિ, અને અન્ય કરતા હોય તેને રૂડું માનું નહિ.

तस्स भंते पडिक्कमामि–निंदामि--
गरिहामि--अप्पाणं वोसिरामि—

હે ભગવાન્ ! તે (પાપવ્યાપારથી) હું નિવર્તું છું, નિંદુ છું, ગર્હું છું, તેવા બહિરાત્મભાવને વોસીરાવું છું. (અર્થાત્ ગયા કાળમાં મારાથી પાપવાળી વ્યાપારની પ્રવૃત્તિ થઇ હોય તેથી હું પાછો હઠું છું. આત્મ-સાક્ષીએ તે પાપને નિંદુ છું, ગુરૂસાક્ષીએ તે પાપને ગર્હું છું અને હવેથી તેમ ન કરવા માટે મારા આત્માને તેવા ભાવનો ત્યાગ કરાવું છું.)

શ્રાવક, શ્રાવિકાનું સામાયિક વ્રત–ચારિત્ર.

જેઓશ્રી **મહાવીર સ્વામીનું** ઉપદેશેલું–અંગીકાર કરાવેલું સર્વવિરતિ–જાવ જીવ સુધીનું સામાયિક (ચારિત્ર) ઇચ્છાયોગથી તો અંગીકાર કરી શકયા; પણ સામર્થ્ય યોગથી ન લઇ શકયા; તેઓને માટે દેશ ચારિત્રરૂપ આ પ્રકારનો સામાયિક પાઠ પ્રવર્ત્યો—

करेमि भंते सामाइयं–હે ભગવાન્ ! હું સમભાવરૂપ–આત્મ-સ્વભાવરૂપ ચારિત્ર (સામાયિક વ્રત) અંગીકાર કરૂં છું.

सावज्जं जोगं पच्चक्खामि—

પાપ વ્યાપારનો નિષેધ કરૂં છું.

जाव नियमं पज्जुवासामि—

જ્યાં સુધી નિયમ છે (ઓછામાં ઓછી બે ઘડી) ત્યાં સુધી અંગીકાર કરૂં છું.

दुविहं, तिविहेणं—બે કરણે[1] એટલે કરૂં નહિ, કરાવું નહિ. ત્રણ પ્રકારે **मणेणं, वायाए, कायेणं**—મન, વચન, કાયાથી ત્રણ પ્રકારે **न करेमि, न कारवेमि** કરૂં નહિ, કરાવું નહિ.

तस्स भंते, पडिक्कमामि–निंदामि,
गरिहामि, अप्पाणं वोसिरामि.

હે ભગવાન્! પાપવ્યાપારથી એ છ કોટીએ (પ્રકારે) નિવર્તું છું. તે પાપવ્યાપારને નિંદું છું. ગુરૂ સાક્ષીએ ધિક્કારૂં છું, એવા બાહ-

---

૧ શ્રાવક, શ્રાવિકા પરિગ્રહ ધારી હોવાથી ત્રણ કરણે સામાયિક વ્રત ઉચ્ચારવાને, પાળવાને ઘણે ભાગે સમર્થ હોય નહિ એટલે તેમને અનુમોદનની છૂટ રહી. દાખલા તરીકે, સામાયિકમાં બેઠેલ શ્રાવક શ્રાવિકા જુએ છે કે મારાથી થોડે છેટે તિજોરીની ચાવી પડી છે. થોડીવારમાં કોઇ સ્વજન આવી તે લઈ સાચવીને ઉંચે મૂકે છે. આ જોઇ સામાયિક વ્રતમાં રહેલ શ્રાવક, શ્રાવિકા મનમાં આનંદ પામે છે કે ઠીક થયું કે ચાવી સુરક્ષિત સ્થાને મૂકાઈ એટલે હવે ચોર લૂંટારાને હાથ નહિ જાય. આવી રીતે સાંસારિક કર્તવ્યની અનુમોદના થઇ જતાં વ્રતમાં ત્રૂટી ન લેખાય માટે શ્રાવક, શ્રાવિકાઓને અનુમોદનની છૂટ રહે છે.

રાત્મભાવને વોસિરાવું છું એટલે કે તજું છું, એટલે કે અંતરાત્મ ભાવમાં આવી શુદ્ધ આત્મભાવમાં રહેવાનો નિશ્ચય કરૂં છું.

વિશિષ્ટ શુદ્ધિ

સામાયિકનું પચ્ચખાણુ લેતાં, સામાયિકની પ્રતિજ્ઞા લેવામાં છેવટે એવો ઉચ્ચાર કરવામાં આવે છે કે—**अप्पाणं वोसिरामि**—એટલે દેહાદિભાવ–બહિરાત્મભાવ છોડી શુદ્ધ આત્મભાવમાં રહીશ.

કાઉસગ્ગ કરવા પૂર્વે પાપની આંતરભાવવડે વિશેષ શુદ્ધિ કરવી જોઇએ, તો જ કાઉસગ્ગમાં અર્થાત્ શુદ્ધ આત્મસ્વભાવમાં રહી શકાય; આટલા માટે સામાયિક કરવા પહેલાં અનંત જીવોની–ચોર્યાસી લાખ જીવાયોનિમાં આવેલા અનંત જીવોની વિરાધના કરી હોય, તે સર્વ જીવો સાથે ક્ષમાપના કરી લેવા **इरियावहियं** ગણુવામાં આવે છે. અને એ ભાવપૂર્વક ગણુવાથી પાપથી નિવૃત્ત થઇ આંતરશુદ્ધિ થાય છે. એટલે કે **मिच्छामि दुक्कडं** અર્થાત્ સર્વ દુષ્ટ કૃત્ય, પાપ મિથ્યા હો ! એમ કહેવામાં આવે છે.

શુદ્ધિ (૨)

રસ્તે વહન કરતાં, અર્થાત્ ચાલતાં–હાલતાં, જતાં–આવતાં, બે ઇંદ્રિયાદિ ક્ષુદ્ર જીવોને ચાંપ્યા હોય; બીજ ચાંપ્યા હોય; વનસ્પતિ કચડી હોય; ઝાકળ કીડીયારૂં, સેવાળ લીલીમાટી, પાણી કીચડ અને કરોળીયાના પડ કે જાળાં, ચાંપ્યા હોય તે સર્વ પાપ મિથ્યા હો. પછી તે જીવ એક ઇંદ્રિયવાળો હો, બે ઇંદ્રિય, ત્રણુ ઇંદ્રિય, ચાર ઇંદ્રિય કે પાંચ ઇંદ્રિયવાળાં હો ! હવે—

૧ એ જીવો સામે આવતા અથડાયા હોય,
૨ ધૂળથી ઢાંક્યા હોય,
૩ ભૂમિ સાથે કે, ભીંત સાથે ઘસ્યા હોય,
૪ ભેળાં કર્યા હોય,
૫ વિશેષ તેઓનું સંઘટન કર્યું હોય,
૬ પરિતાપ ઉપજાવ્યો હોય,
૭ થકવી નાંખ્યા હોય,
૮ ઉપદ્રવ કર્યો હોય,
૯ એક સ્થાનકેથી બીજા સ્થાનકે મૂકયા[1] હોય,

૧૦ જીવિતથી ચૂકાવ્યા હોય (મારી નાંખ્યા હોય) એ સર્વ વિરાધનાથી લાગેલું પાપ મિથ્યા હો! એવી ઇરિયાવહિથી દઢ ભાવના કરવી.

વિશેષ આંતર શુદ્ધિ

तस्स उत्तरी વડે આંતર શુદ્ધિ થાય છે. જે જે પાપવ્યાપારો થયા હોય છે, તેનાં કારણો બહુ ઉંડા હોય છે, અર્થાત્ કાર્મણ શરીરમાં હોય છે, માટે જીવોની વિરાધનાથી થયેલા પાપની **इरियावहि** વડે **मिच्छामि दुक्कडं** અર્થાત્ ક્ષમા માગવી એટલું જ બસ નથી; પરંતુ આ **तस्स उत्तरीना** સૂત્ર વડે થયેલાં પાપનો પશ્ચાતાપ કરવો કે જેથી મન વચન તનનાં પાપ ધોવાઇ આત્માની વિશુદ્ધિ થાય.

અને ત્રણ શલ્ય કે જે માયા (કપટ) નિદાન (વાસના) મિથ્યાત્વ (ખોટું) એટલે દેહમાં છુપણું જીવોમાં રહે છે, તેથી રહિત થઇ સર્વ પાપનો નાશ કરવાને અર્થે કાયોત્સર્ગમાં રહી ધ્યાન કરવું ઘટે.

૧—પાણીના જીવ, જમીન ઉપર; અને જમીનના જીવ પાણી ઉપર મૂક્યા હોય; તો તે થોડા વખતમાં તરફડી મરણ પામે છે.

સૂચના—આમ સર્વ જીવોની વિરાધનાથી થતા આંતરની વિશિષ્ટ શુદ્ધિ કરી રહ્યા પછી, આપણા મન, વચન, અને કાયાના યોગમાં એવી આત્મસ્ફુરણા થાય કે અનાદિ કાળથી અત્યાર સુધી જે હું જીવોની વિરાધના કરી રહ્યો હતો, તે હું એવી વૃત્તિ ધારણ કરૂં કે, એ સર્વ જીવોની હું મન, વચન, કાયાવડે **આરાધના** સેવા-પૂજા કરૂં. '**सवी जीव करुं शासनरसी**' એવી ભાવના થાય તો **પુણિયા શ્રાવક** જેટલું પુણ્ય ઉપાર્જન કરે કે **તીર્થંકર ગોત્ર** જેટલું મહાપુણ્ય ઉપાર્જન કરે એવું અનુમાન થાય છે.

કાયોત્સર્ગ ધ્યાન પ્રકાર

જૈન ધર્મમાં તપ બે પ્રકારનાં કહ્યાં છે—

બાહ્ય અને અભ્યંતર. અભ્યંતર તપમાં **काउसग्ग** ધ્યાનનો સમાવેશ થાય છે. કાઉસગ્ગમાં પ્રવેશ કર્યા પૂર્વે, સોળ પ્રકારના **આગાર**-અપવાદોની છૂટ રાખવામાં આવેલી છે.

સામાયિક યોગનો અભ્યાસ કરનાર આત્માર્થી આરંભમાં આ કુદરતી અપવાદની છૂટ રાખે. અને જો તેને રોકવા જાય તો કાઉસગ્ગના ધ્યાનથી ચૂકે; પરંતુ સામાયિક યોગનો યોગાર્થી સતત અભ્યાસ કર્યા કરે તો એ સોળ આગારમાંથી ઘટાડતાં, ઘટાડતાં માત્ર બે આગાર એટલે કે ઉંચો શ્વાસ અને નીચો શ્વાસ કાઉસગ્ગમાં લેવો પડે. એ સિવાયના બીજા તમામ આગાર ટળી જાય છે.

કાઉસગ્ગમાં પ્રવેશ કર્યા પૂર્વે, શરીરને સ્થિર રાખવા, **कायं ठाणेणं**, વાણીને મૌન રાખવા, **मोणेणं**. અને મનને ધ્યાનસ્થ રાખવા **झाणेणं** એ પાઠો વડે પ્રતિજ્ઞા કરી શ્રી જિનેશ્વર મહારાજેનું પુષ્ટ આલંબન લેવા ઉજમાલ થાય છે. પરંતુ તેમ કરવા પૂર્વે અનાદિ

કાળથી, શરીરોને ધારણ કરતો હું જીવ એ શરીર–કાયા, (ક્ષાલન) નથી. પણ આ શરીરમાં રહેલ આત્મા (प्रज्ञम) સાક્ષી છું, એવો અંતરાત્મભાવ રાખી કાઉસગ્ગમાં પરમાત્માઓનું ધ્યાન ધરવું; અને એ ધ્યાન ધરવાનું लोगस्स નામના સૂત્રમાં આવ્યું છે.

ત્રણે લોકને ઉદ્યોત કરનારા, ધર્મરૂપ તીર્થને–સંઘને–ભાતૃભાવને સ્થાપનારા એવા શ્રી અરિહંતોનું–ચોવીશે તીર્થંકરોનું અને અતીત અને અનાગત કાળમાં થનારા તીર્થંકરોનું કીર્તન કરીશ.

આમ કહી વર્તમાન ચોવીશીના, તથા ભૂત અને ભવિષ્યકાળના તીર્થંકરોને વંદન કરવું.

એ પ્રકારે પ્રભુનું ભાવ સ્તવન કરવું કે જે પ્રભુએ કર્મરજરૂપ જરા અને કર્મમલરૂપ મરણનો ક્ષય કર્યો છે તે ચોવીશે પ્રભુઓ મારા ઉપર પ્રસન્ન થાઓ; કે જેથી હું જરા મરણરૂપ કર્મફળનો અને તેને ઉત્પન્ન કરનાર કર્મનો જય કરી આપના જેવો અમર થાઉં.

જે પ્રભુઓનું હું કીર્તન કરૂં છું, જેને વંદન કરૂં છું, અને જેનું હું ભાવ પૂજન કરૂં છું તે પ્રભુઓ મને આરોગ્યતા આપો, ક્ષાયક સમ્યક્ત્વ આપો અર્થાત્ પરમ શુદ્ધ આત્મ સ્વભાવ આપો; અને ઉત્તમ સમાધિનું–વરદાન પૂર્ણ સાક્ષાત્કાર જેમાં છે, એવી નિર્વિકલ્પ સમાધિ આપો.

વળી જે પ્રભુઓ ચંદ્રોથી પણ નિર્મળતર છે (કેવળ દર્શન વાળા છે), જે પ્રભુઓ સૂર્યોથી પણ અધિક પ્રકાશ કરવાવાળા છે; (કેવળજ્ઞાનવાન છે), અને જે પ્રભુઓ સ્વયંભૂરમણ સમુદ્રના જેવા ગંભીર છે (જે પ્રભુઓ સ્વસ્વરૂપાનંદમાં સદા રમણ કરી રહ્યા છે) તે પ્રભુઓ–સિદ્ધ પ્રભુઓ મને આપના સરખી સિદ્ધિ આપો.

ધ્યાન કરતાં કાઉસગ્ગ ધ્યાનનો ધ્યાની સાધક જ્યારે પોતાને

ભૂલી પોતાના ધ્યેયમાં લીન થાય છે ત્યારે સર્વ પાપની નિર્ઘાતનાને અર્થે કરેલું કાઉસગ્ગ ધ્યાન સર્વ પાપનો નાશ કરે છે; એટલું જ નહિ પણ પ્રભુઓમાં જે ગુણો પ્રકટ હોય છે, તે ગુણો કર્મરૂપ આવરણોને ખસેડીને પ્રગટ થાય છે.

આટલું તો સાધક સમજી શકે એવું છે કે જે વેળા આ પ્રકારે પ્રભુના ગુણોમાં નમન, પૂજન, સ્મરણ કરે છે, તે વેળા તેમના આત્માના પરિણામ ઘણા ઉચ્ચ થાય છે. શ્રીમદ્ આનંદઘનજી મહારાજ પણ કહે છે કે, અંતરાત્મ થઇ પરમાત્માની ભાવના કરવી એ આત્માને પરમાત્માને અર્પણ કરવાનો માર્ગ છે. જેને તે અર્પણ થાય છે તેવો તે બને છે.

આગારો (અપવાદો)

કેટલાક શારીરિક વિકારો એવા હોય છે કે, સામાયિક યોગના જઘન્ય અભ્યાસીઓને સ્વાભાવિક જેવા થઈ ગયેલા હોય છે. માટે શાસ્ત્રકારોએ કાઉસગ્ગ ધ્યાનમાં પણ અમુક આગારો, અપવાદો કહ્યા છે, અને એ આગારો આ પ્રમાણે ગણાવ્યા છેઃ—

ઉંચો શ્વાસ લેવાયે કરી, નીચો શ્વાસ લેવાયે કરી, ખાંસીએ કરી, છીંક આવવાથી, બગાસું ખાવાથી, ઓડકાર ખાવાએ કરી, વાયુ સંચાલને કરી, ભમરી આવવાથી, પીતના ઉછાળા વડે મૂર્ચ્છા આવવાથી, અંગનાં અવયવોની સૂક્ષ્મ હીલચાલથી, સૂક્ષ્મ શ્લેષ્મના ચલનથી, અને સૂક્ષ્મ દ્રષ્ટિના સંચલનથી, ઇત્યાદિ[1] અપવાદો થઇ જાય

---

૧ આગ લાગી હોય; સર્પ વિગેરે હિંસક પ્રાણીનો ઉપદ્રવ હોય; ચોરાદિનો ભય હોય; અને રાજાનો ભય હોય તો તે વખતે સ્થાનાંતર કરતાં મારો કાઉસગ્ગ અખંડ હો !

તો મારા કાઉસગ્ગ ધ્યાનમાં ભંગ ન હોય એમ ઇચ્છી સાધક કાઉસગ્ગમાં પ્રવેશ કરે છે.[1]

સામાયિકની પૂર્ણાહુતિ

सामाइयवयजुत्तो–એ સૂત્રથી સાધક–શ્રાવક શ્રાવિકા સામાયિકની પૂર્ણાહૂતિ કરે છે. અર્થાત્ જ્યાં સુધી સાધક સામાયિકમાં એટલે સમતાપૂર્વક જ્ઞાન, દર્શન, ચારિત્રમાં હોઈ પોતાની પ્રતિજ્ઞા, નિયમને પર્યુપાસે છે, ત્યાં સુધીમાં તો તેનાં અશુભ કર્મો છેદાઈ જાય છે. વળી જે શ્રાવક પાંચમા ગુણસ્થાનકે પોતાની સામાયિક કરી રહ્યો છે, એટલો વખત તે પ્રાયે સાધુના જેવો એટલે છઠ્ઠા ગુણસ્થાનવાળા સાધુની ભૂમિકા ઉપર જાણે ચડયો હોય તેવો લાગે છે. એટલે કે બે ઘડીના સાધુ જેવો શ્રાવક પણ હોય છે.*

---

૧ વિશેષ સૂચના—પરંતુ ધ્યાન, અભ્યાસે વધતા વધતા સાધકનો કાયભાવ છૂટી અંતરાત્મભાવ થઇ પરમાત્મભાવમાં એવો તલ્લીન થઇ જાય છે કે, દેહનું ભાન તેમને દૂર થઇ જાય છે, એટલે દેહ સંબંધી આ આગારો જે ઉપર ગણાવ્યા છે તે આગારો આવતા રફતે રફતે બંધ પડી જાય છે; કારણ કે આત્મા એક વેળાએ બે ક્રિયા કરી શકતો નથી, (એટલે એક આગાર સેવવાનું અને બીજું પરમાત્માનું અખંડ ધ્યાન કરવાનું કામ.)

* આપણા જૈન સમાજમાંના ચતુર્વિધ સંઘમાંથી જે શ્રાવક, શ્રાવિકાનો આદર્શ શ્રીમહાવીર સ્વામીનું સામાયિક કે આત્માનો પૂર્ણ વિકાસ હોય છે તેમણે તો પોતાના શુદ્ધ પરિણામ કે શુભ પરિણામના માટે સાતમા કે અપ્રમત્ત ગુણસ્થાનકની; આઠમા કે અપૂર્વ ગુણસ્થાનકની; નવમા કે, અનિવૃત્તિ ગુણસ્થાનકની; દશમા કે

આજ સામાયિકમાં જ્યારે જેવું સમ્યગ્ દર્શન, જેવું સમ્યગ્જ્ઞાન હોય છે તેવું જ્યારે સમ્યક્ ચારિત્ર થઇ એ ત્રણે ઉત્કૃષ્ટ સમ પ્રમાણમાં આવે છે, ત્યારે એ ત્રણે ઉપયોગો એકત્ર થઈ પ્રગતિવાન સાધક ક્ષીણ–મોહે પહોંચી કેવળ જ્ઞાન દર્શન પ્રાપ્ત કરે છે, એટલે કે છેવટે પોતાની સામાયિકના આદર્શરૂપ શ્રી **વીર** પ્રભુના સામાયિકમાં તલ્લીન થાય છે.

આ સામાયિક કે આત્મવિકાસમાં, આત્મોપયોગ–અંતરાત્મોપયોગ–જ્ઞાનાદિ ગુણોપયોગ એટલો ઉન્નત છે કે, આ કુશળ સાધકને દુઃખો, ઉપસર્ગો, પરિષહો જાણે બીલકુલ સ્પર્શ કરતા ન હોય અને પોતાનો આત્મા શાંત આનંદમાં મ્હાલતો હોય એમ લાગે છે, આટલે આવ્યા પછી તેરમા અને ચૌદમા ગુણસ્થાનકની ભાવનામાં પ્રવેશ કરવા પ્રયત્ન કરે છે. અને યોગને સ્થિર કરી, અનુક્રમે તેનો વિચ્છેદ કરી એ કુશળતર સાધક તે ગુણસ્થાનકોથી પર એવી ગુણસ્થાનાતીત

સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકની; બારમા કે ક્ષીણમોહ ગુણસ્થાનકની: ભૂમિકા ઉપર ચઢવા તે તે ગુણસ્થાનકવાળું સામાયિક કરવા પ્રયત્ન કર્યા કરવો.

શ્રી **સાધુ** મહારાજની સામાયિક કરતાં સમ્યક્ દર્શનની બહુલતા અને સાધુ મહારાજના મહાવ્રતની ભાવનામાં સાધક સ્થિરતા પામતો રહે છે.

શ્રી **ઉપાધ્યાય** મહારાજની સામાયિકની ભાવનાવાળો સમ્યક્ દર્શન ઉપરાંત સમ્યક્ જ્ઞાનની ભૂમિકા ઉપર ચઢે છે. અને પંચ મહાવ્રતની ભાવનામાં સામાયિક વેળાએ તો વિશેષ દૃઢ થતો રહે છે.

શ્રી **આચાર્ય** મહારાજની સામાયિકની ભાવનામાં સમ્યક્ દર્શન, જ્ઞાન ઉપરાંત સમ્યક્ ચારિત્રની ભાવનાની બહુલતા રહે છે. અને પંચ મહાવ્રતોની ભાવના પરિપક્વ અવસ્થાએ પહોંચે છે.

અવસ્થાની એટલે કે સિદ્ધાવસ્થાની ભાવનાઓએ પહોંચે છે; કારણ કે સામાયિક એ જ શુદ્ધાત્મા છે.

"સામાયિક તે હી આત્મા ધારો શુદ્ધો અર્થ."

ઉપસંહાર

આપણા માનવજીવનમાંના ધાર્મિક જીવનનો આદર્શ શ્રી **મહાવીર** જીવન છે; અને એ ધાર્મિક જીવનમાં પણ આપણી એટલે શ્રાવકોની સામાયિક વેળાએ પણ, શ્રી **મહાવીરસ્વામીની** સામાયિક આપણી ધાર્મિક સામાયિકનો આદર્શ છે.

હવે આત્મપ્રિય સામાયિકસ્થ, આત્મ પ્રિય બ્હેનો અને ભાઇઓ ! સામાયિક કરતી વખતે પ્રભુ શ્રી **મહાવીર સાધુ અવસ્થામાં** એટલે છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનમાં એટલે પ્રમત્ત અપ્રમત્ત ગુણસ્થાનકે કેવું સામાયિક કરતા હશે તે અનુમાન કરી તેવું સામાયિક કરવાની ભાવના કરવી.

આમ કરવા થકી આપણી એ સામાયિકમાં સુંદર ધારણા થશે. એ ધારણા કરતી વખતે એકસો આઠ વખત **नमामि वीरं गिरिसा - धीरम्** એ મંત્રનો જાપ કરવો.

જાપ એવે પ્રકારે કરવો કે વાણી જાપના શુદ્ધ ઉચ્ચારમાં, કર્ણેન્દ્રિય એ જાપના મધુર શ્રવણમાં અને મન એ છઠ્ઠે સાતમે ગુણસ્થાનકે રહેલા પરમાત્મા શ્રી મહાવીર સ્વામિના સામાયિકમાં રમતું રહે એ પ્રમાણે આપણો અંતરાત્મા એ ગુણસ્થાનકની ભાવના કરે છે.

આજ પ્રકારે તેઓશ્રીની ઉપાધ્યાયની અવસ્થાની વિશુદ્ધિવાળી સામાયિકની ભાવના કરવી.

તે જ પ્રમાણે તેઓશ્રીની આચાર્યપણાના વિશુદ્ધિવાળા ગુણસ્થાનકના સામાયિકની ભાવના કરવી.

એ જ રીતિએ શ્રી **મહાવીર સ્વામીની** એટલે શ્રી અરિહંત અવસ્થાની એટલે તેરમા ચૌદમા ગુણસ્થાનકની ભાવના કરી સામાયિક કરવું.

ત્યાર પછી શ્રી **મહાવીર સ્વામી** સિદ્ધ અવસ્થામાં જે સામાયિક સ્વરૂપે છે (" સામાયિક તે હિ આત્મા ") તે અવસ્થાની ભાવના કરી સામાયિકે રહેવું.

આ પ્રકારે શ્રી **મહાવીરની** પંચવિધ સામાયિકની ભાવનાઓ આપણી સામાયિકના સમયને રૂડે પ્રકારે ઉપયોગમાં લે છે કે જેથી ક્રમે ક્રમે તે અવસ્થાએ ધ્યાન અને સમાધિ સુધી પણ પહોંચી શકાય. વિ. વિ.

આત્મપ્રિય વાંચકો ! જે જે સામાયિક કરતાં સ્ફુરણો **प्रशमांशने** થયાં છે તે લખવા કેટલેક અંશે પ્રયત્ન કર્યો છે. અને સામાયિકની ક્રિયામાં પદે પદે-શબ્દે શબ્દે જો ઉપયોગ હોય, અર્થ વિચારે ભાવ વિચારવામાં આવે તો આત્માનંદ કે પ્રશાન્તવાહિતા એની મેળે જ પ્રાપ્ત થશે એ નિર્વિવાદ છે, આથી શું થશે ? **यत्र यत्र मनो याति तत्र तत्र समाधयः ।**

સૂત્ર પાઠો.

નમસ્કાર સૂત્ર ૧

नमो अरिहंताणं=શ્રી અરિહંત (પરમાત્મા)ને નમસ્કાર થાઓ.

नमो सिद्धाणं=શ્રી સિદ્ધ (પરમાત્મા)ને નમસ્કાર થાઓ.

नमो आयरियाणं=શ્રી આચાર્ય (મહારાજ)ને નમસ્કાર થાઓ.

नमो उवज्झायाणं=શ્રી ઉપાધ્યાય (મહારાજ)ને નમસ્કાર થાઓ.

नमो लोए सब्व साहूण=શ્રી લોક ક્ષેત્ર મધ્યેના સર્વ સાધુઓને નમસ્કાર થાઓ.

एसो पंचनमुक्कारो=એ પાંચેને કરેલ નમસ્કાર,
सव्वपावप्पणासणो=સર્વ પાપનો સર્વથા નાશ કરનાર છે.
मंगलाणं च सव्वेसिं=વળી સર્વ મંગલોમાં,
पढमं हवइ मंगलम्=પ્રથમ મંગળ (કલ્યાણ રૂપ) છે.

અથ પંચિંદિય ૨

पंचिंदियसंवरणो=પાંચ ઇંદ્રિયો (ના વિષય વિકારો)ને રોકનાર.
तह नवविहबंभचेर-गुत्तिधरो=તથા નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિના ધરનાર.
चउविहकसायमुक्को=ચાર પ્રકારના કષાયોથી મુક્ત.
इअ अट्ठारसगुणेहिं संजुत्तो=એ અઢાર ગુણોએ સહિત.
पंचमहव्वयजुत्तो=પાંચ મહાવ્રતે યુક્ત,
पंचविहायारपालणसमत्थो=પાંચ પ્રકારના આચાર પાળવાને સમર્થ.
पंचसमिओ तिगुत्तो=પાંચ સમિતિએ સમિત (અને) ત્રણ ગુપ્તિએ ગુપ્ત.
छत्तीसगुणो गुरु मज्झ=(એ) છત્રીસ ગુણોએ સહિત (તે) મારા ગુરૂ (છે).

ખમાસમણ સૂત્ર ૩

इच्छामि खमासमणो! वंदिउं, जावणिज्जाए। निसीहिआए मत्थएण वंदामि=હે ક્ષમાશ્રમણ! મારી શરીરની શક્તિ અનુસાર પાપ વ્યાપારને તજીને (આપના ચરણ કમળને) વાંદવાને ઇચ્છું છું (અને) મસ્તકે કરી વાંદું છું.

इच्छाकारेण संदिसह भगवन्! इरियावहियं पडिक्कमामि ?–इच्छं=આપની ઇચ્છાપૂર્વક હે જ્ઞાનવંત! (પૂજ્ય) આદેશ

આપો તો ચાલવાના માર્ગમાં જે પાપ થયું હોય તે પાપથી નિવર્તુ-પ્રતિક્રમું ? ત્યારે ગુરૂ આદેશ આપે કે પ્રતિક્રમો—પછી શિષ્ય કહે કે એ આજ્ઞા પ્રમાણ છે.

ઇરિયાવહિયં સૂત્ર ૪

इच्छामि पडिक्कमिउं; इरियावहियाए; विराहणाए હું પાપ-થકી નિવર્તવાને ઇચ્છુ છું. જવા આવવાના માર્ગમાં તથા સાધુ શ્રાવકના ધર્મ પાળતાં જે વિરાધના (પાપયુક્ત ક્રિયા) થઇ હોય, જેમકે—

गमणागमणे-पाणक्कमणे-बीयक्कमणे-हरियक्कमणे ओसा उर्त्तिग-पणग-दगमट्टीमक्कडासंताणासंकमणे; એક સ્થાનકેથી બીજા સ્થાનકે જતાં આવતાં (બે ત્રણ ચાર ઇંદ્રિયવાળા) જીવોને પગે કરી ચાંપવાથી, ધાન્યના બીજને ચાંપવાથી, લીલી વનસ્પતિને ચાંપવાથી, આકાશમાંથી પડતાં ઠારને, કીડીયોનાં નગરાંને, પાંચવર્ણી લીલફૂગને, સચિત માટીયુક્ત સચિત પાણીને, કરોળી-આની જાળને પગે કરી ચાંપવાથી અથવા મસળવાથી.

जे मे जीवा विराहिया; જે જીવોની મેં વિરાધના કરી હોય અર્થાત્ જે જીવોને દુઃખી કર્યા હોય, તે ક્યા જીવો ?—

एगिंदिया बेइंदिया तेइंदिया चउरिंदिया पंचिंदिया=

એક ઇંદ્રિયવાળા, બે ઇંદ્રિયવાળા, ત્રણ ઇંદ્રિયવાળા, ચાર ઇંદ્રિય-વાળા, અને પાંચ ઇંદ્રિયવાળા તેઓને કેવી રીતે વિરાધ્યા ? :—

अभिहया वत्तिया लेसिया संघाईया संघट्टिया परिया-विया किलामिया, उद्दविआ ठाणाओ ठाणं संकामिया जिवियाओ ववरोविया तस्स मिच्छा मि दुक्कडं=

સામા આવતાને હણ્યા (લાતે માર્યા) હોય, ધૂળે કરી ઢાંકયા હોય, ભૂમિ સાથે મેળવ્યા હોય, માંહોમાંહે શરીર એકઠાં

કર્યાં હોય, મૃતપ્રાય કીધાં હોય, ત્રાસ પમાડયા હોય, એક સ્થાનકથી બીજા સ્થાનકે મૂકયા હોય, જીવિતવ્યથી જૂદા કર્યા હોય, તે સંબંધી જે પાપ લાગ્યું હોય, તે પાપ મારૂં નિષ્ફળ થાઓ !

તસ્સ ઉતરી સૂત્ર ૫

तस्स उत्तरीकरणेणं, पायच्छित्तकरणेणं, विसोहिकरणेणं, विसल्लीकरणेणं, पावाणं कम्माणं, निग्घायणट्ठाए, ठामि काउस्सग्ग–તેને વિશેષ શુદ્ધ કરવાને, તેની ગુરૂ પાસે આલોયણા કરવાએ કરી, આત્માના અંતર મેલને ટાળવાએ કરી, આત્માને શલ્યથી રહિત કરવાએ કરી, અને તેથી સર્વ પાપ કર્મોનું ઉચ્છેદન કરવાને માટે હું કાય વ્યાપારના ત્યાગ કરવારૂપ અને આત્મવિકાશ આદરવા રૂપ કાઉસગ્ગ કરૂં છું.

अन्नत्थ ऊससिएणं, नीससिएणं, खासिएणं, छीएणं, जंभाइएणं, उड्डुएणं, वायनिसग्गेणं, भमलीए, पित्तमुच्छाए=

જે બાર આગારોનું વર્ણન કરૂં છું તે સિવાયના બીજા સ્થાનકે કાયવ્યાપારનો ત્યાગ કરૂં છું તે બાર આગારોનાં નામ—

ઉંચો શ્વાસ લેવો પડે, નીચો શ્વાસ મૂકવો પડે, ઉધરસ આવવાથી, છીંક આવવાથી, બગાસુ આવવાથી, ઓડકાર આવવાથી, વા સંચરવાથી, ચકરી આવવાથી, પીત્તના પ્રકોપ વડે મૂર્છા આવવાથી,

सुहुमेहिं अंगसंचालेहिं, सुहुमेहिं खेलसंचालेहिं, सुहुमेहिं दिट्ठिसंचालेहिं=સૂક્ષ્મ શરીરનો સંચાર થવાથી, સૂક્ષ્મ રીતે થુંક અથવા કફ ગળવાથી, સૂક્ષ્મ દૃષ્ટિના સંચારથી.

एवमाइएहिं आगारेहिं, अभग्गो अविराहिओ, हुज्ज मे काउसग्गो=પૂર્વોક્ત આગારો વિગેરે બીજા (પણ ચાર) આગારોથી (અન્યત્ર) મારો કાર્યોત્સર્ગ અખંડિત-અવિરાધિત હોજો.

(ક્યાં સુધી ?)

जाव अरिहंताणं, भगवंताणं नमुक्कारेणं न पारेमि= જ્યાંસુધી અરિહંત ભગવાનને નમસ્કાર કરવા વડે ન પારૂં.

ताव कायं, ठाणेणं मोणेणं. झाणेणं, अप्पाणं, वोसिरामि=

ત્યાંસુધી પોતાની કાયાને એક સ્થાને, મૌન રહેવા વડે. (અને) ધ્યાન વડે, (પાપ ક્રિયાથી) વોસિરાવું છું.

લોગસ્સ—સૂત્ર ૬.

लोगस्स उज्जोअगरे. धम्मतित्थयरे जिणे ।
अरिहंते कित्तइस्सं, चउवीसंपि केवली ॥ १ ॥

લોકના (કેવલજ્ઞાન વડે) ઉદ્યોતને કરનારા, ધર્મ તીર્થના કરનારા, (રાગ દ્વેષના) જીતનારા, કર્મ શત્રુનો નાશ કરનારા; (અને) કેવળજ્ઞાની એવા ચોવીશે તીર્થંકરો અને બીજાઓનું પણ કીર્તન કરીશ.

उसभमजिअं च वंदे, संभवमभिणंदणं च सुमइं च ।
पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥ २ ॥

(શ્રી) ઋષભદેવ તથા અજિતનાથને હું વાંદું છું. સંભવનાથ, અભિનંદન સ્વામી તથા સુમતિનાથને, પદ્મપ્રભુ, રાગ દ્વેષને જીતનારા સુપાર્શ્વનાથને તથા ચંદ્રપ્રભ પ્રભુને વાંદું છું.

सुविहिं च पुप्फदंतं, सिअलसिज्जंसवासुपुज्जं च ।
विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ॥ ३ ॥

(શ્રી) સુવિધિનાથ (બીજું નામ) પુષ્પદંતને, શીતલનાથને, શ્રેયાંસનાથને, અને વાસુપૂજ્ય સ્વામીને, વિમલનાથને, અનંતનાથને, અને રાગ દ્વેષના જીતનાર ધર્મનાથને તથા શાંતિનાથને હું વંદના કરૂં છું.

कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च ।
वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ॥ ४ ॥

(શ્રી) કુંથુનાથને તથા અરનાથને, મલ્લિનાથને, મુનિસુવ્રત સ્વામીને તથા રાગદ્વેષને જીતનારા નમિનાથને, વાંદું છું. શ્રી અરિષ્ઠનેમિને તથા પાર્શ્વનાથને અને વર્દ્ધમાન સ્વામિને હું વંદના કરૂં છું.

एवं मए अभिथुआ, विहुयरयमला पहीणजरमरणा ।
चउवीसंपि जिणवरा तित्थयरा मे पसीयंतु ॥ ५ ॥

એ પ્રકારે મેં (નામ પૂર્વક) સ્તવ્યા, તે ચોવીસે તીર્થંકરો તથા બીજા પણ તીર્થંકરો જેઓએ (કર્મરૂપ) રજ તથા મળને ટાળ્યા છે (તથા જેમણે) જરા અને મરણનો અતિશયે કરીને ક્ષય કર્યો છે. (તથા જે) સામાન્ય કેવળીઓમાં શ્રેષ્ટ છે, એવા તે તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ !

कित्तिय-वंदिय-महिया, जे ए लोग्गस्स उत्तमा सिद्धा ।
आरुग्गबोहिलाभं, समाहिवरमुत्तमं दिंतु ॥६॥

(જેમને ઇંદ્રાદિકે) સ્તવ્યા છે, વાંદ્યા છે, પૂજ્યા છે. અને જેઓ લોકને વિષે ઉત્તમ સિદ્ધ (ભગવાન) થયા છે, તેઓ (મને) આરોગ્ય, સમ્યગ્ દર્શનનો લાભ અને ઉત્તમ સમાધિનું વરદાન આપો !

चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा ।
सागरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥ ७ ॥

ચંદ્રોથી પણ વિશેષ નિર્મળ, સૂર્ય સમુદાયથી વિશેષ પ્રકાશ કરનારા (અને) સ્વયંભૂરમણ સમુદ્ર જેવા ગંભીર એવા સિદ્ધ (પરમાત્મા) મને મોક્ષ આપો.

करेमि भंते सूत्रपाठ ७,

करेमि भंते सामाइयं, सावज्जं जोगं पच्चक्खामि, जाव नियमं पज्जुवासामि, दुविहं, तिविहेणं=હે ભગવંત હું (રાગ દ્વેષના અભાવરૂપ) સામાયિક કરૂં છું, પાપ યુક્ત વ્યાપારનું પચ્ચખ્ખાણ કરૂં છું (નિષેધ કરૂં છું) જ્યાં સુધી તે નિયમનું સેવન કરૂં ત્યાંસુધી બે કરણ અને ત્રણ જોગથી.

मणेणं, वायाए, कायेणं, न करेमि, न कारवेमि, तस्स भंते पडिक्कमामि, निंदामि, गरिहामि, अप्पाणं वोसिरामि= મન, વચન અને કાયા (એ ત્રણ જોગ) વડે ન કરૂં (તથા) ન કરાવું, હે ભગવંત! તે સંબંધી (પૂર્વે કરેલા) અપરાધને હું પ્રતિક્રમું છું. (આત્મ સાક્ષીએ) નિંદુ છું. ગુરૂ સાક્ષીએ વખોડૂં છું, (અને આત્માને (પાપથી) વોસરાવું છું.

સામાયિક પારવાનું સૂત્ર ૮

सामाइयवयजुत्तो, जाव मणे होइ नियमसंजुत्तो, छिन्नइ असुहं कम्मं, सामाइय जत्तिआ वारा=સામાયિક વ્રતથી યુક્ત, જ્યાંસુધી મન તે નિયમથી સંયુક્ત હોય ત્યાંસુધી, જેટલી વાર સામાયિક કરે તેટલી વાર અશુભ કર્મનો નાશ કરે છે.

सामाइयंमि उ कए, समणो इव सावओ हवइ जम्हा एएण कारणेणं बहुसो सामाइयं कुज्जा=જે માટે, સામાયિક કરતી વખતે શ્રાવક, સાધુ સમાન થાય છે, તે કારણથી (તત્ત્વના જાણનાર) બહુવાર સામાયિક કરે.

સામાયિક વિધિએ લીધું, વિધિએ પાર્યું, વિધિ કરતાં જે કાંઇ અવિધિ હુઓ હોય, તે સવિ હું, મને, વચને, કાયાએ કરી, **मिच्छा मि दुक्कडं**; તે પાપ મિથ્યા થાય છે.

દશ મનના, દશ વચનના, બાર કાયાના, એ બત્રીસ દોષમાંથી જે કોઇ દોષ લાગ્યા હોય, તે સવિ હું મને-વચને કાયાએ કરી **मिच्छा मि दुक्कडम्०**

છેવટે એક નવકાર મંત્ર ગણીને ઉઠવું. એટલે સામાયિક પુરૂં થયું. આ સામાયિક **શ્રી વીર પરમાત્માનું** છે, પ્રભુશ્રીએ એ સામાયિકના સાધન વડે **કેવલ્યજ્ઞાન** પ્રાપ્ત કર્યું-પૂર્ણતા પ્રાપ્ત કરી, અને એજ સાધન વડે આપણે પણ પ્રાપ્ત કરવું છે એ જ લક્ષ્ય છે.

પરિશિષ્ટઃ—**समणो इव सावओ हवइ जम्हा, एएण कारणेणं बहुसो सामाइयं कुज्जा** એટલે કે શ્રાવક પણ સામાયિક કરતી વેળા સાધુનો નમુનો છે, એ કારણથી શ્રાવકોએ **ઘણીવાર સામાયિકો કરવાં.**

અહીં સમભાવ સામાયિકનું ચિત્ર આલેખવામાં આવે છે.

સમભાવ સામાયિક

હર્ષપુર નગરમાં **દમદંત** નામના એક ઘણાજ બળવાન રાજા રાજ્ય કરી રહ્યા છે. જરાસંગ રાજાને યુદ્ધમાં સહાય આપવા આ રાજા પોતાનું નગર છોડી જાય છે. જ્યારે દમદંત રાજા આ પ્રમાણે પોતાની નગરીમાં ગેરહાજર છે ત્યારે હસ્તિનાપુરના રાજાઓ પાંડવો કૌરવો તેમના નગર ઉપર ચઢાઇ કરી નગરને જીતી લે છે. મહારાજા દમદંતની ગેરહાજરીમાં તેના નગરને જીતનાર પાંડવો કૌરવો તે વેળા કેવા બળવાન હશે?

જ્યારે દમદંત રાજા પોતાના નગર ભણી પાછા ફર્યા ત્યારે પોતાની નગરી જીતાયેલી જાણી પાંડવો-કૌરવો સાથે યુદ્ધ કરી તેમને પોતાના નગરમાંથી હાંકી કાઢયા. ત્યાર પછી કેટલા એક વર્ષો સુધી આ દમદંત રાજા પોતાના નગરમાં સુખે-વૈભવ પૂર્વક રાજ કરી રહ્યા છે. એવામાં જીવનમાં મહા પરિવર્તન કરી નાખનાર એક બનાવ બને છે. એટલે કે એક વેળા પોતાના મહેલના ઝરૂખામાં

સંધ્યાકાળે બેઠા છે. આ સૂર્યાસ્ત વેળાએ આકાશ તરફ તેમની દૃષ્ટિ જાય છે–પડે છે. ત્યારે આકાશમાં નાના પ્રકારના ચિત્ર વિચિત્ર વાદળામાં થતા મનોહર રૂપો જોઇ બહુજ ખુશી ખુશી થઇ જાય છે. ભોગ જોગે આકાશમાં તે વેળા પવન ફૂંકવા લાગે છે, અને તે એટલે સુધી ફૂંકાય છે કે એ મનોગમ વાદળાનાં મનોહર આકારો એક પછી એક વિરૂપ થઇ વિખરાઇ જાય છે. આ બનાવ જોઇ દમદંત રાજા પોતાના રાજ્ય મહેલો, રિદ્ધિ સિદ્ધિ, રાણીઓ અને જે જે પદાર્થો ઉપર નજર કરે છે; તે તે સુંદર પદાર્થો આજ પ્રકારે કાળરૂપ પવનથી વિરૂપ થઇ નાશ પામે છે એમ તેમને વિચાર કરતાં મહાન આઘાત થાય છે. શું રાજ મહેલો પણ નાશ પામશે ? શું આ રાણીઓ પણ નાશ પામશે ? શું આ મારી રાજ્ય રિદ્ધિઓ પણ નાશ પામશે ? અરે છેવટે હું પણ કાળરૂપ પવનથી વિરૂપ થઇ નાશ પામીશ ? શું આ બધું વિખરાઇ જઇ ચાલ્યું જશે ? આ બધામાં અવિનાશી–વિનાશીઓમાં કંઇ અવિનાશી છે કે નહિ આવો વિચાર થતાં અંતર ભણી વળતાં આ વિનાશી વસ્તુને જોનાર આત્માની કંઇક ઝાંખી થાય છે. અને એ આત્મા અવિનાશી છે કે કેમ તેની શોધ કરવા રાજ્યને યુવરાજને સોંપી સંસાર છોડી શ્રીતીર્થંકરે ઉપદેશેલી ભાગવતી સામાયિકરૂપ દીક્ષા ગ્રહણ કરે છે. ત્યાર પછી આત્મશોધન રૂપ સામાયિક કરતાં કરતાં તથા વિહાર કરતાં કરતાં તેઓ હસ્તિનાપુરની ભાગોળ સુધી આવી પહોંચે છે. અને ત્યાં શહેરની બહાર કેટલેક અંતરે કાઉસગ્ગ ધ્યાને ઉભા રહે છે.

એવામાં ત્યાંથી પાંડવો ઘોડેસ્વાર થઇ પસાર થાય છે. જ્યારે તેઓ પસાર થતા હતા ત્યારે તેમની દૃષ્ટિ આ ધ્યાનસ્થ મુનિરાજ ઉપર પડે છે.

ભાવિક હોવાથી તેઓ મુનિરાજની નજીક આવે છે, અને જોતાં જણાય છે કે પોતા ઉપર જય મેળવનાર એ મહા બળવાન દમદંત રાજા છે એ જાણી બહુ આશ્ચર્ય પામે છે.

ક્યાં એમની રાજ્ય રિદ્ધિ ! અને ક્યાં આ મુનિપણું એમ વિચારતાં તેઓને તેમના પ્રત્યે પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન થાય છે. તેમની ત્રણ પ્રદિક્ષા કરી નમન કરે છે. ભક્તિ ભાવે સ્તુતિ કરી તેઓ પોતાના બગીચા તરફ વળે છે. થોડીવાર પછી કૌરવો ઘોડેશ્વર થઇ ત્યાંથી પસાર થાય છે. તેમની દષ્ટિ પણ આ ધ્યાનસ્થ મુનિરાજ પર પડે છે.

મુનિરાજને જોઇ પોતાને પૂર્વે હરાવનાર આ દમદંત મુનિરાજ પર દ્વેષ ઉદ્ભવે છે. અને ઇંટોડા, બિજોરા, પથ્થર આદિ તેમના ઉપર તેઓ અને તેઓના માણસો નાંખી આજુબાજુ ઓટલો બનાવી મૂકે છે.

મુનિરાજ તો આત્મચિંતનમાં ધ્યાનસ્થપણે ઉભા રહ્યા છે. થોડીવારમાં **પાંડવો** બગીચાથી પાછા વળતાં તે મુનિરાજને જોતા નથી. આસપાસ આવેલા ગોવાળોને પૂછતાં જણાવ્યું કે મુનિરાજની કૌરવોએ આવી સ્થિતિ કરેલી છે. ત્યાં આવી ઇંટોડા પત્થરો વિગેરે દૂર કરી મુનિરાજની આશાતના થયેલી જોઇ અત્યંત ખેદ પામી પુનઃ પુનઃ વંદન કરી પોતાના નગર ભણી વિદાય થાય છે.

હવે દમદંત રાજા પોતાના સામાયિકને કેવી રીતે સફળ કરે છે તે આપણે જોઇએ. તેઓ વિચાર કરે છે કે પાંડવોએ જે વંદન કર્યું–પુજન કર્યું તે વંદન-પુજન મારૂં નથી થયું; પરંતુ મારા **યશનામ કર્મનું** થયું છે.

કૌરવોએ જે નિર્ભત્સના કરી તે મારી નથી થઇ, પરંતુ મારા **અપયશ** નામ **કર્મની** કરી છે. મારા શુભ **કર્મને** દેખાડી નિવૃત કરાવનાર **પાંડવો** મારા ઉપકારી છે, અને મારા અશુભ **કર્મને** દેખાડી દૂર કરાવનાર કૌરવો મારા ઉપકારી છે, આમ બન્ને શુભ અશુભ કર્મની નિવૃત્તિ કરાવવામાં સહાયરૂપ **પાંડવ** કૌરવોને ધન્ય છે!

આમ વિચારતાં શુભ અશુભ કર્મનો ક્ષય કરી ક્ષીણમોહી થઇ સમભાવે રહેતાં-સામાયિકે રહેતાં કેવલ જ્ઞાનરૂપ પૂર્ણતા પામે છે.

સામાયિકના જીજ્ઞાસુ બાંધવો અને બ્હેનો, આપણે પણ આવી ભાવ સામાયિક કરી એવુંજ સંપાદન કરવા પ્રયત્ન કરવો.

મનને બોધ.

(ડગલે ડગલે ડુંગરા, વિકટ પ્રેમનો પંથ-એ રાહમાં)

૧

હે મનવા ! કાં ચકડોળે ચડાવ !
સત્પથ મારે સાધવે, શિવપ્રીતિ-સાધન થાય,
સાધ્ય દૃષ્ટિમાં આવતૂં, ભાવારોગ્ય થવાય. હે મનવા !
પૂજા પ્રીતિ રૂપ છે, પ્રીતિ રૂપ અનેક,
દર્શન નામ નમન સ્તુતિ, ધ્યાન મગ્નતા છેક. હે મનવા !

(મો. હ. દેશાઈ.)

‘ પ્રભુ ધ્યાન ’

૨

વ્હાલા વ્હેલો વ્હેલો લાગ , એવા ધ્યાનમાં રે,
એવા ધ્યાનમાંરે, એવા ધ્યાનમાંરે વ્હાલા......
આત્મ પ્રદેશ એકત્ર માની, ભાલ તિલક પર ધાર નિહાળી.
શ્વાસોશ્વાસમાં કર્મ કઠિન નિવારવારે વ્હાલા......
નિર્વિકલ્પ ઉપયોગે રહેવા,
સંસારિક ત્રિવ્યાધિ હરવા,
અપૂર્વ આનંદ સ્થિતિને નિપજાવવારે વ્હાલા......

ચંચળ મન અચંચળ કરવું,
કાર્ય અતિ દુર્ઘટ પણ ધરવું,
મુક્તિપુરી શાશ્વત સુખને નિહાળવારે, વ્હાલા......

આત્મ હીરા આવરણો ટાળી,
અનંતજ્ઞાન દર્શન પ્રગટાવી
અવ્યાબાધ જે સુખ દીપક પ્રગટાવવારે, વ્હાલા......
કાયાથી કાંઈ પણ નવ કરવું,

મૌનપણે સ્થિર બેસી રહેવું
બાહ્ય અભ્યંતર વિચારને અટકાવવારે વ્હાલા......

હિ. શે.

'પ્રભુ મમત્વ'

૩

ત્હને હું મારા જીવનનો પ્રાણ કરી રાખું—ટેક.
હો નાથ રાખ એટલું મમત્વ માત્ર મારૂં. ત્હને. ૧

હો નાથ ! જેથી દશ દિશામાં હું ત્હનેજ ભાળું,
હો નાથ ! જેથી વસ્તુ વસ્તુમાં ત્હને પિછાણું ત્હને. ૨

હો નાથ ! તારી ઇચ્છાને આધીન થાઉં,
હો નાથ ! બાહુ પાશ વડે તું થકી બંધાઉં. ત્હને. ૩

ત્હને હું જેથી કોઇ પ્રકારેય નહિ છાંડું,
હો નાથ ! રાખ બંધન એ પ્રેમતણું મારૂં. ત્હને. ૪

(રવીંદ્ર)

પ્રભુ પ્રસાદી-ભક્તને.

ગઝલ)

૪

ત્હને જો પ્રાણુથી પ્યારો, પછી તારે શી ચિંતા છે, ટેક
ત્હને જો પ્રેમથી ભેટું, પછી તારે શું બાકી છે.-ત્હને.
ત્હને જો આંખનો તારો, પછી તારે શું જોવું છે,
હૃદયનો રામ જો હું છું, પછી તારે શું મરવું છે-ત્હને.
સ્તવનમાં સ્તુત્ય જો હું છું, પછી તારે શું સ્તવવું છે,
શ્રવણુમાં શ્રાવ્ય જો હું છું, પછી તારે શું સુણુવું છે-ત્હને.
વચનમાં વેદ જો હું છું, પછી તારે શું વદવું છે,
ધ્યાનમાં ધ્યેય જો હું છું, પછી તારે શું ધ્યાવું છે,
જ્ઞાનમાં જ્ઞેય જો હું છું, પછી તારે શું બુઝવું છે-ત્હને.
સોહમ્‌માં ૐ જો હું છું, પછી તારે શું જપવું છે-ત્હને.
ૐમાં બ્રહ્મ જો હું છું, પછી તારે શું તજવું છે,
બ્રહ્મમાં શાન્તિ જો હું છું, પછી તારે ક્યાં ભમવું છે-ત્હને.

લાલન.

ૐ

‘ પ્રભુ યાચના ’

૫

બાપુ ! એવું બળ હું યાચું, ...ટેક.
અંતર અંતરની નિર્બળતા, છેદન કરો નાથ ...બાપુ.
બળ અર્પો સુખ સહજે ખપવા,
બળ અર્પો દુઃખ સહેજે અપવા
સ્મિત વિકસિત વદને હું ઉપેક્ષુ
પ્રબળ વેગ સુખ દુઃખનાં. ...બાપુ.

સેવા પરોપકારો કરવા,
સફળ કરૂં મુજ પ્રેમ હે પ્યારા,
ક્ષુદ્ર અબળ જનને ન ઉપેક્ષું,
મદોન્મત્તને ન શીરે નામું. ...બાપુ.

તુચ્છ વાતથી પર કક્ષાએ,
રાખું મમ મન દિન નિશાએ,
તુમ ચરણે મમ શુભ બળ અર્પુ,
અચલ પ્રેમ શ્રદ્ધાએ ...બાપુ.

(ગો. ઈ. ઈ.)

પરમાત્માને સંબોધન!

૬

મુજ ચિત્ત વિષે તું આવી ભલે ટેક,
કર ચિંતન તું, તુજમાં રમશે. મુજ. ૧

કર ગાન રૂડાં મુજ વાણી વિષે,
વીણા થઇ તે તુજને સ્તવશે. મુજ. ૨

કર કાર્ય ભલાં મુજ દેહ વિષે,
આજ્ઞા તે તારી શીરે ધરશે. મુજ. ૩

મુજ પ્રાણ જપે અજપે તુજને,
સતિથિ તેનો થઇ તું વસજે. મુજ, ૪

(લાલન)

' આંતર વિકાસ '

૭

અંતર મમ વિકસિત કરો, અંતરતર હે, ટેક.
નિર્મળ કરો ઉજ્જવલ કરો, સુંદર કરો હે. અંતર.
જાગ્રત કરો ઉદ્યત કરો, નિર્ભય કરો હે,
મંગળ કરો નિરલસ, નિઃસંશય કરો હે. અંતર.
યુક્ત કરો હે સવાર સંગે, મુક્ત કરો હે બંધ,
સંચાર કરો હે સકળ કર્મે શાન્ત તુમારા છંદ. અંતર.
ચરણ પદ્મે મમ ચિત્ત નિસ્પંદિત કરો હે,
નંદિત કરો, નંદિત કરો, નંદિત કરો હે, અંતર.

(કવીંદ્ર રવીંદ્ર.)

'ધ્યાનાભિલાષી વાચક મિત્રોપ્રતિ.'

'યથારૂપે વિશ્વદર્શને'

(રાગ ધનાશ્રી)

૮

દેખું જુદું હું આજ જગત સૌ—
દેખું જુદું હું આજ.
દેહ જુદો મુજરૂપ થકી છે,
આ સૌ દેહનાં સાજ. જગત—૧
સ્ત્રી ધન માતા પિતા પુત્રને,
ઘર કુટુંબ પરિવાર;
એ પણ દેહના ધાર. જગત—૨
હું નહિ જગમાં, જગ નહિ મુજમાં,
જગ જડ હું જોનાર. જગત—૩

જે કરતો ક્રિયા લાલનમાં,
તેને પણ જોનાર, જગત—૪
નિશ્ચયથી શિવ વ્યવહારે જીવ,
ધ્યાને એક જણાય. જગત—૫
ક્રોડ ભવે પણ ધ્યાન વિના જીવ,
ભમતાં શિવ નહિ થાય. જગત—૬
ઓળખ ઓળખનારને ધ્યાને,
તો ક્ષણમાં શિવ થાય. જગત—૭

પંડિત લાલન.

ભક્તિ કુસુમાંજલિ.

આત્મ સાક્ષાત્કાર.
(ગઝલ.)

૯

મને કોઇ કે' તું જગત ખોટું,
તે તો મેં હવે જાણ્યું;
મને કોઇ કે' તું જગત સાચું,
તે પણ મેં હવે જાણ્યું. મને. ૧
કદિ ખોટું તો મારે શું,
કદી સાચું તો મારે શું,
નથી થાતું નથી જાતું,
હું માં હું સમાયો છું,
અખંડ આ સ્થિર જ્યોતિમાં,
નથી થાતું નથી જાતું. મને. ૨

પંડિત લાલન.

પદ્મખીણ (Lily Bale)
અમેરિકા ૨૧ મી જાન્યુઆરી ૧૯૦૦

'બ્રહ્મચર્ય'ની ભાવના

वसुधैव कुम्टुंबकम्

(શાર્દૂલવિક્રિડિત)

૧૦

મોટી તે સહુ માતૃતુલ્ય ગણું હું,
છોટી ગણું પુત્રીઓ,
જે હોયે સમ વર્ષમાં મુજતણા,
તેને ગણું ભગિનીઓ,
મોટા તે સહુ પિતૃ તુલ્ય ગણું હું,
છોટા ગણું પુત્રકો,
જે હોયે સમ વર્ષમાં મુજતણા,
તેને ગણું બંધુઓ,
એવી માનવ માત્રમાં મુજ થજો,
પ્રીતિ તણી વૃષ્ટિઓ,
આ કાળે મુજને પ્રભુ કરી કૃપા,
આશિષ એવી દીઓ.

લાલન.

પદ

૧૧

ઉઠ ઉંઘને ઉડાડ હવે સુવે છે શું—ટેક.
સુવે છે, સુવે છે, સુવે છે શું 'ઉઠ ઉંઘને ઉડાડ હવે સુવે છે શું'
ઘણા દિવસ સોડતાણીને સૂતો
જંજાળી જીવ હવે જુવે છે શું? ઉઠ ઉંઘને.
દિનકર જોવા ઘણું દેખાયું

ખાલી વખત હવે ખોવે છે શું ઉઠ ઉંઘને.
　　પ્રસન્નતાને પડતી મૂકી
ધૂળથી કપાળ હવે ધુવે છે શું? ઉઠ ઉંઘને.
　　ઘોર નિદ્રામાંથી જાગ્રત થઇને
કર્મ રૂપી પલંગને પછાડી દે તું. ઉઠ ઉંઘને.
　　ખોલી દીયે તારા ઘરનો ખજાનો
રાંક સમાન આમ રૂવે છે શું? ઉઠ ઉંગને.
　　કાયારૂપી ચિત્રશાળાની મમતા
માયા રૂપી શય્યામાં સુવે છે શું? ઉઠ ઉંઘને.
　　વિષય કષાયમાંથી મુક્ત થઇને
જાગ્રત દશામાં હવે રહેને તું, ઉઠ ઉંઘને.
　　જ્ઞાનરૂપી હસ્તિ ગર્જના કરે છે.
ધ્યાન રૂપી અશ્વનો વિલાસિ તું. ઉઠ ઉંઘને.
　　સર્વવિરતિ પ્રવણ પર આરૂઢ થઇને
મોક્ષમંદિરમાં બિરાજીશ તું. ઉઠ ઉંઘને.
　　સંતોને શિષ્ય સુખ માટે સુણાવે
ખીર મૂકી નીરને વલોવે છે શું? ઉઠ ઉંઘને.
　　સુવે છે સુવે છે સુવે છે શું. ઉઠ ઉંઘને.

શ્રી મહાવીર જીવની

૧૨

દીઠો દીઠો હો ત્રિશલાકો નંદન દીઠો
થીરપુર મંડન **વીર** જિનેશ્વર નીરખત અખીય પઇઠોરે, ત્રિશલાકો
　　નંદન દીઠો (૧)
શૂરલ પાણી સુર સમતા ધાર્યો તે ચમરેન્દ્ર ઉગાયો
શ્રેણિકને નિજ પદવી દીધી, ચંડકોશિયો તાર્યો યે ત્રિશલાકો—(૨)

ઇન્દ્રભૂતિઅભિમાન ઉતારી, કીધો નિજ પટ્ટધારી
અડદતણા બાકુલા લઇ; ચંદનબાળા તારીરે ત્રિશલાકો નંદન દીઠો—(૩).
મેઘકુમર મુનિ તેં સ્થિર કિયો, સંયમ સમરસભાવે
રોહિણીયો હણીયો નહિ અજાયે જો તુજ વયણુલીનોરે ત્રિશલાકો—(૪)
શિવસુખકારક દુઃખનિવારક તારક તું પ્રભુ મિલીયો
જ્ઞાનવિમલ કહે વીરજીનેશ્વર દર્શન સુરતરુ ફળીયોરે
ત્રિશલાકો નંદન ત્રુઠોરે—(૫)

ચિત્રકાર અને વિચિત્રકાર.

વિષમતા—સમતા.

એકવેળા મહારાજા ગાયકવાડ જેવા નરેંદ્રના દરબારમાં બે કારીગરો આવી ચડે છે. આવી મહારાજા સન્મુખ ભેટણું ધરે છે. એટલે મહારાજા તેમની સામે જુએ છે અને પૂછે કે—
તમે કોણ છો ? તેઓ ઉત્તર આપે છે કે અમે કળાકાર છીએ. તેમાંના એકને પૂછે છે કે તમારૂં નામ શું ? ઉત્તરમાં કહે છે કે મારૂં નામ ચિત્રકાર. બીજાને પૂછે છે કે તમારૂં નામ શું ? તે કહે છે કે મારૂં નામ વિચિત્રકાર. ચિત્રકારને કહે છે કે તમે શું કરો છો ? તેણે ઉત્તર આપ્યું કે હું ચિત્રો કરૂં છું, વિચિત્રકારને પૂછતાં તેણે જવાબ આપ્યો કે હું વિચિત્ર કરૂં છું.

મહારાજા સાહેબે તેમને આજ્ઞા કરી કે મારો લક્ષ્મીવિલાસ નામનો મહેલ તૈયાર છે. ચિત્રકાર ! તમે તેની એક દીવાલ પર તમારે મનગમતાં ચિત્રો કરો અને બીજાને કહ્યું કે બીજી દિવાલ પર તમારૂં વિચિત્ર કરો.

ચિત્રકાર અને વિચિત્રકાર બન્ને હાથ જોડી મહારાજા સાહેબને કહે છે કે અમારૂં કામ ૪૮ દિવસમાં થઇ રહેશે. અને કામ પૂરૂં થતાં આપ મહારાજ અમારૂં કામ જોવા પધારશો.

ચિત્રકારે એક ભીંત પર એક સુંદર વનનો દેખાવ ચિતર્યો. નાના પ્રકારના વૃક્ષો જેવાં કે જાંબૂનાં, આંબાનાં, દાડિમનાં, જમરૂખનાં, મોસંબીનાં ઈત્યાદિ ઘણાં ફળવૃક્ષો ચિતર્યા. પર્વતમાંથી નીકળતાં પાણીનાં ઝરણો આલેખ્યાં. વહેતા ઝરાઓ ચિતર્યા. નદી, તળાવ અને સરોવરો ચિતર્યાં, આકાશમાં ઉડતાં પક્ષી ચિતર્યાં. ચિત્રકાર જ્યારે આ પ્રકારે પોતાનાં ચિત્ર ચિતરી રહ્યો છે ત્યારે વિચિત્રકાર પોતાનું કામ શું કરી રહ્યો છે એ વાચક! હવે પછી તમને કહેવામાં આવશે. આ બન્ને કારીગરો સામસામેની ભીંતો ઉપર પોતાનું ચિત્રવિચિત્ર કામ કરી રહ્યા છે ત્યારે બન્ને ભીંતોની વચમાં આવેલા મધ્યભાગમાં એક પડદો રાખવામાં આવ્યો હતો.

૪૮ દિવસને અંતે જ્યારે મહારાજા સાહેબ, મહારાણી, તેમના મુખ્ય અમાત્ય અને પાંચ હજુરીયા આ બન્નેનું કામ જોવાને લક્ષ્મીવિલાસમાં પધારે છે.

ઉપર વર્ણન કરેલા ચિત્રકારનું પ્રથમ કામ જોતાં મહારાજા સાહેબ તેમજ તેમની સાથેના બધાઓ બહુ જ ખુશી થઇ જાય છે. થોડીવાર નિહાળી જોતાં તેઓ એવા દિગ્મૂઢ થઇ જાય છે કે ફળ વૃક્ષોમાંના ફળોને તોડવાનો પ્રયત્ન કરે છે. **અમાત્ય કહે છે કે મહારાજા** આ વન નથી પણ વનનું ચિત્ર છે.

વિચિત્રકાર પોતાના હાથમાં એક મોટું કોડું લઇ દીવાલને ઘસ્યા કરતો જોવામાં આવે છે. જ્યારે મહારાજા સાહેબની સવારી આવી પહોંચે છે ત્યારે વિચિત્રકાર પોતાનું કામ બંધ કરે છે. ઘસી ઘસીને ભીંતને એવી કરેલી છે કે જાણે આબેહૂબ દર્પણ–આરીસો–મિરર-મહારાજા વગેરે પોતાનાં પ્રતિબિંબો જોઇને દિગ્મૂઢ થયા. થોડીવાર ગયા પછી તેમને લાગ્યું કે અમે આ દેખાય છે તે છીએ કે આ. અર્થાત્ પ્રતિબિંબો પોતે હોઇએ એવું લાગવા માંડયું.

વિચિત્રકાર કહે છે કે આપ અહીં જ ઉભા રહેજો. હજી મા કામ બીજું પણ છે. જેને હમણાં જ તમે જોશો. એક બે મિનિટ સુધી પોતાનાં પ્રતિબિંબો સિવાય તેઓ કંઇ જોતા નથી, એટલામાં મહેલના મધ્યભાગમાં આવેલો પડદો ખસ્યો: એટલે ચિત્રકારના વનનો દેખાવ પણ વિચિત્રકારની દીવાલ પર દશ્ય થયો. હવે વાંચનાર તમો જોશો કે ચિત્રકાર અને વિચિત્રકારની કળામાં શો ભેદ છે? જે ભેદ આ ઉભયની કળામાં છે તે જ ભેદ જગતના તમામ દર્શનોની ફિલસુફીમાં અને તેમના અધ્યાત્મવાદમાં છે.

અધ્યાત્મવાદનો પ્રતિનિધિ વિચિત્રકાર છે અને ફિલસુફીનો પ્રતિનિધિ ચિત્રકાર છે. ફિલસુફી જે દિવાલપર કામ કરે છે, તે મસ્તક છે અને અધ્યાત્મ જ્યાં કામ કરે છે તે હૃદય છે.

જો હૃદયને ઘસીને તેમાંથી તેના ઉપર આવેલા ખાડા અને ડાઘા ઘસીને સાફ કર્યા હોય તો જેમ મહારાજા અને તેની સાથેના બીજા મનુષ્યોનાં પ્રતિબિંબો પ્રથમ દેખાયાં તેમ જે અધ્યાત્મ વિદ્યાનો સાધક મનુષ્ય પોતાના હૃદયમાંથી વિષમતાના ડાઘા કે ખાડા ઘસી નાખી હૃદયને સમતામાં–સમભાવમાં લાવે છે તો જેમ મહારાજા દીવાલ દર્પણમાં દેખાયા તેમ તેને આત્મદર્શન થશે અને એ આત્મા-રૂપી મહારાજ બુદ્ધિરૂપી મહારાણીદ્વારા, મનરૂપી પ્રધાનદ્વારા, પાંચ ઇંદ્રિયોરૂપી હજુરીયાદ્વારા પોતે અને પોતાનાં સાધનોમાં સ્થિર થઈ પોતાનાથી કરાતા ચિત્રોમાં જે ચિત્રકારની ભીંત ઉપર દેખાતાં હતાં તેમાં મોહ પામશે નહિ. પરંતુ ઉદયાધીન કર્મમાં અનાસક્ત રહી કર્મને ખપાવી સમતાભાવવાળા ધર્મકાર્યોને કરશે.

આ ઉપરથી વાચક બંધુઓ જૈનોને કરવાનાં છએ આવશ્યકો આત્મદર્શનપૂર્વક કરશે તો તેના કાર્યની સિદ્ધિ થશે એમ નિઃસંશય લાગે છે.

માનવજીવનનો ધાર્મિક આદર્શ

અથવા

સામાયિક અનુષ્ઠાન અને તેથી થતો આત્મવિકાસ[1]

વ્યાખ્યાતા—શ્રીયુત ફ. ક. લાલન.

વ્યાખ્યાન પહેલું. તા. ૧૪–૭–૨૭.

मंगलम्ः—

એક વિશાળ વન–કાનન–forest છે, આખું વન ચંદનવૃક્ષોથી ભરપૂર છે. ચંદનવૃક્ષોમાં રહેલી સુગંધથી સર્પ પ્રત્યેક વૃક્ષની આસપાસ વીંટાઇ રહ્યા છે. પરંતુ જ્યારે એ સર્પ સુગંધ લેવા લાગે ત્યારે ચંદનમાં રહેલ અમૃતમય સુગંધ પણ જાણે વિષમય થઇ જતી હોય એવું ભાન થાય છે.

આ ચંદનવનમાં કોઇ પુણ્યોદયે મયૂર આવી ચઢે છે. હવે મયૂર અને સર્પને–જેવી ઉંદર બિલાડીને બકરીને, વાઘને; ગાય અને સિંહને સગાઇ હોય છે તેવી સગાઇ હોય છે, જેવું અંધારા અને અજવાળાને બને છે, તેવું સર્પને અને મોરને બનતું હોય છે. આજ પ્રકારે આ સંસાર એક મહાન વન છે, તેમાં આવેલા જીવો એ ચંદનવૃક્ષો છે, અને એ જીવરૂપ ચંદનવૃક્ષની આસપાસ કર્મરૂપ–કષાયરૂપ–મોહરૂપ સર્પો વીંટાઇ રહેલ છે, એવામાં માનવોના પુણ્યોદયે આ ચંદનવનમાં–આ જીવનવનમાં **શ્રી પાર્શ્વનાથ** રૂપ મયૂર જ્યારે આપણા હૃદયમાં બિરાજે એટલે તુરત જ મોહરૂપ સર્પ પલાયન થઇ

---

૧ શ્રીયુત મોતીચંદ ગિરધર કાપડિયા, સોલીસીટરના પ્રમુખપણા નીચે સામાયિક અનુષ્ઠાન ઉપર આપેલાં વ્યાખ્યાનો, મહાવીર વિદ્યાલય તા. ૧૪, ૧૫, ૧૬, ૧૮ મહિનો સાતમો ૧૯૨૭.

આપણા જીવનરૂપ ચંદનની સ્વાભાવિક અમૃતમય સુગંધ પૂર જોસમાં મ્હેકી રહે છે. આ પ્રકારે શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રાર્થના કરી–એ મહામયૂરને આપણા હૃદયનાં સિંહાસન ઉપર બિરાજેલા જોઇ, આપણે આજના વ્યાખ્યાનમાં પ્રવેશ કરીશું.

हृद्वर्तिनि त्वयि विभो शिथिलीभवन्ति ।
जन्तोः क्षणेन निबिडा अपि कर्मबन्धाः ॥
सद्यो भुजंगममया इव मध्यभाग-
मभ्यागते वनशिखण्डिनि चन्दनस्य[1] ॥

विषयः—

મનુષ્ય આત્માનો સંપૂર્ણ વિકાસ કરવા માટે જૈનધર્મ બે સાધનોને મુખ્ય ગણે છે એટલે કે **ज्ञानक्रियाभ्यां मोक्षः ।** આત્મવિકાસરૂપ સાધ્યને પામવાને માટે એકલું જ્ઞાન બસ નથી, નથી એકલી ક્રિયા. જ્ઞાનવિનાની ક્રિય કે ક્રિયા વિનાનું જ્ઞાન આત્મવિકાસની ટોચે મનુષ્યને પહોંચાડી શકે નહિ. પરંતુ જ્યારે તે ઉભયનો સંયોગ થાય ત્યારે જ પૂર્ણ વિકાસ થઇ શકે.

આજનો વિષય સામાયિક નામના જૈન અનુષ્ઠાનનો–વિધાનનો છે, અને સામાયિક એ ચારિત્રમાં ગણાતું હોવાથી આજનો વિષય મુખ્યત્વે ક્રિયાનો છે. તથાપિ જ્ઞાનવિના ક્રિયા ફલવતી થાય નહિ તેથી સામાયિકની પૂર્વે કયું જ્ઞાન મનુષ્યને જોઇએ, અને એ જ્ઞાનપૂર્વક સામાયિકના જ્ઞાનસહિત સામાયિકની ક્રિયા કરતાં આત્મ-

---

૧ (હરિગીત)

હે નાથ ! ભવિકતણા મનો મંદિરે તું આવતાં,
ક્ષણમાં સખત પણ કર્મબંધો શિથિલ થઇ વિખરી જતા,
ચંદનમહીં વીંટાયેલા સર્પો તરત અલગા થઇ,
વનમયૂરને જોતાં બધા ભાગે દશે દિશમાં જઇ.

વિકાસનાં આપણે કેવાં ફળો હાલના સમયમાં પણ પામી શકીએ તેનું કંઇક આછું ચિત્ર કે ઝાંખી તમોને દેખાડવાનો આ લાલનનો પ્રયત્ન છે.

અનુષ્ઠાન—વિધાન–વિધિ એ સર્વ ધર્મોમાં જોવામાં આવે છે. અનુષ્ઠાનો એ સાધનો છે. means છે. અને એ અનુષ્ઠાનને યથા-વિધિ અનુસરવાથી મનુષ્યનું સાધ્ય તેની ભણી દોડી આવે છે.

હવે એ અનુષ્ઠાનો–ધાર્મિક વિધાનો મનુષ્યની પાસે કેવી રીતે પરંપરાથી ઉતરી આવ્યાં છે તે આપણે જોઇએ. એ વિધાનો કોણે કોણે પ્રરૂપ્યાં છે તેની આપણે ધર્મજગતમાં ઝાંખી કરીએ. ક્રાઇસ્ટ નામના મહાત્માએ પ્રભુની પ્રાર્થના કરી પ્રભુને મેળવ્યા, અને પછી મનુષ્યને કહ્યું કે તમે જો મારી પેઠે પ્રભુને આત્મનિવેદન–Self dedication સંપૂર્ણ રીતે કરી પ્રભુની પ્રાર્થના કરશો તો તમારાં પાપરૂપ વિઘ્નો જઇ તમે આત્મવિકાસ પામશો. મોહમદ સાહેબે નિમાજ ભણી ભણી ખુદાને મેળવ્યા અને પછી ઇનસાનોને ફરમાવ્યું કે તમે પણ ખરા દીલથી નિમાજ રોજરોજ ભણશો તો ખુદાને પામશો. આમ મહાત્મા ક્રાઇસ્ટ જે સાધનવડે–મોહમદ સાહેબ જે સાધનવડે પ્રભુને પામ્યા તે સાધન તેમણે મનુષ્યને ઉપદેશ્યું; તેમ શ્રીમહાવીર સ્વામી જે સાધન વડે આત્માના પૂર્ણ વિકાસને પહોંચ્યા એટલે કે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતઆનંદ, અનંતવીર્ય એવા અનંત અનંતા ગુણોની પૂર્ણતાએ પહોંચ્યા તે સાધન–તે વિધાન–તે ક્રિયા તે ચારિત્ર સામાયિક હતું. અને એ સાધન એમની પ્રસાદીથી આપણુ જૈનો તે તેઓશ્રીએ ઉપદેશ્યું. આમ મોહ-મેદનોને નિમાજો; હિંદુઓને નિત્યકર્મો—બ્રાહ્મણોને સંધ્યા, ક્રિશ્ચયનોને પ્રેયરો–પારસીએ ને ખોરદે અવસ્થા અને જૈનોને સામાયિકરૂપ આવશ્યક–અવશ્ય કરવાની ક્રિયા પ્રાપ્ત થઇ છે.

જે સ્થિતિએ પ્રભુ પહોંચ્યા, તેજ સ્થિતિએ પહોંચવાનાં સાધનો આપણને પ્રાપ્ત થયાં. હવે આ પ્રશ્ન જૈનનો ધર્મ દર્શન રૂપે philosophy ફીલસુફી અને ક્રિયા રૂપે science વિજ્ઞાન છે. માટે વૈજ્ઞાનિક રીતિએ આપણાં વિધાનો આચરાવાં જોઇએ.

જૈનધર્મના કોહીનૂર રૂપ શ્રી હરિભદ્રાચાર્ય અનુષ્ઠાનોનાં પાંચ પ્રકાર કહે છે. અને એ પંચવિધ અનુષ્ઠાનો આ બોર્ડ ઉપર લખેલાં તમે જોશો;-

૧ **प्रणिधि=** સાધ્ય-લક્ષ્ય-Goal-end

૨ **प्रवृत्ति=** સાધન-means to end,

૩ **विघ्नजय=** દોષો ઉપર જય-obstacles to be overcome.

૪ **सिद्धि=** સાધ્યની પૂર્ણ પ્રાપ્તિ-realization of the object

૫ **विनिमय=** આત્મનિવેદન પોતાને પ્રાપ્ત વસ્તુનું બીજાઓને પૂર્ણદાન-self-dedication to the service of humanity.

પ્રણિધિ-જે અનુષ્ઠાન કરવું હોય તેમાં મુખ્ય સાધ્ય શું છે- Aim શું છે-goal શું છે એ પ્રથમ નક્કી કરવું જોઇએ. આપણે જે મેળવવું છે એ નક્કી થયા વિના આપણી પ્રવૃત્તિ બલવતી થતી નથી. આપણા ઉદ્દેશમાં-આપણા સાધ્યમાં જેટલી આપણી પ્રીતિ- જેટલી આપણી ભક્તિ તેટલી બલવતી આપણી પ્રવૃત્તિ સાધ્યને માટે આપણે કરી શકીએ.

આપણી સામાયિક નામની ક્રિયાનો આદર્શ-Ideal **શ્રી મહાવીર સ્વામી** છે.

શ્રી મહાવીર સ્વામીએ સામાયિક વડે અનંતજ્ઞાનાદિ ગુણોનો પૂર્ણ વિકાસ કર્યો, અને એમણે ઉપદેશેલી સામાયિકની ક્રિયા આપણી શક્તિ ગોપ્યા વિના આપણે કરીએ તો આપણે પણ આપણી શક્તિના

પ્રમાણમાં આપણે આત્મવિકાસ કરી શકીએ. એટલા માટે શ્રીવીરની સામાયિક સમજવી-જાણવી અને આચારમાં યથાશક્તિ મૂકવી જોઇએ. યથાશક્તિનો અર્થ એવો કરવો જોઇએ કે આપણી શક્તિનો હાલ જેટલો વિકાસ થયો હોય તેટલી પૂર્ણ શક્તિથી બલ-વીર્ય ગોપ્યા વિના આપણે સામાયિક રૂપ પ્રવૃત્તિ કરવી જોઇએ.

કોઇ એમ કહે કે શ્રી વીરનો આદર્શ અર્થાત્ તેમની સામાયિકનો આદર્શ આપણાથી કેમ લેવાય ? કયાં મેરૂ જેવા મહાવીર સ્વામી અને કયાં કાંકરા જેવા પણ પૂર્ણ નહિ એવા આપણે ?

કોઇ વિદ્યાર્થીનો આદર્શ M. A. ની ઓનર્સમાં પાસ થયેલા વિદ્વાનનો હોય. એ આદર્શ હૃદયમાં સ્થિત કરી ઘણા વિદ્યાભિલાષીઓ એમ. એ. થાય છે, થયા છે અને થશે પણ ખરા. એમ. એ. નો આદર્શ રાખનાર જિજ્ઞાસુ વિદ્યાર્થી કદાચ એમ. એ. ની ઉચ્ચતમ ભૂમિકાએ ન પહોંચે તથાપિ તેણે જે સ્થિતિમાં આદર્શને હૃદયમાં સ્થાપ્યો અને પછી એ આદર્શને હંમેશાં પોતાની સમક્ષ રાખી પ્રયત્ન સેવ્યા તે જિજ્ઞાસુ વિદ્યાર્થી જે સ્થિતિમાં હતો તે સ્થિતિ કરતાં તો ઘણી ઉંચી સ્થિતિએ પહોંચ્યો. એટલે કે M. A. નો ઉચ્ચ આદર્શ રાખતાં કદાચ M. A. ન થયો તો પણ B. A. તો થઇ શક્યો. એનું કારણ એમ જણાય છે કે એમના આદર્શ તરફની ભક્તિ કે devotion છે.

જો પોતે જ સેવેલા-પોતેજ ક્રિયામાં મૂકી સિદ્ધ કરેલા સામાયિકનો આદર્શ આપણે માટે યોગ્ય છે એમ શ્રી મહાવીરે જાણીને જ આપણને સામાયિક ક્રિયાનો ઉપદેશ કર્યો છે.

જે માણસનો આદર્શ પૈસા છે તે માણસ પોતાનો દેશ, પોતાના ઘરબાર, પોતાના સગાવ્હાલાં, પોતાના મિત્રો અને પોતાના કુટુંબને પણ મૂકી યુરોપ, આફ્રિકા નથી જતા ? જાય છે. કારણ કે તેનો

આદર્શ પૈસા છે. અને આપણે સારી રીતે જાણીએ છીએ કે એવો આદર્શ રાખી કેટલાએક મનુષ્ય પોતાના ધારેલા આદર્શે પહોંચ્યા છે. એટલું જ નહિ પણ કેટલાએક તો તેથી પણ આગળ વધેલા જોવામાં આવે છે.

આદર્શચૂસ્ત પોતાના આદર્શથી પણ વિશેષ ઉચ્ચતર ભૂમિકાએ પહોંચેલાના પણ થોડાએક દૃષ્ટાંતો આપણી સમક્ષ મોજૂદ છે. હા, કેટલાએક આદર્શને ન પણ પહોંચે તથાપિ તેમના પુરુષાર્થથી જેટલો લાભાંતરાય કપાય તેટલો લાભ તો તેઓ પ્રાપ્ત કરે જ. તે જ પ્રમાણે શાસ્ત્રમાં જે વિધાન કર્યું હોય તેને બરાબર સમજી તેના પર ભક્તિપૂર્વક પ્રવૃત્તિ કરી હોય તો અનંતજ્ઞાનના ઘણા ઘણા અંશો પ્રાપ્ત કરતાં કરતાં કોઇ કાળે આપણે પણ શ્રીમહાવીર સ્વામીએ કરેલાં સામાયિકના પરમદાનરૂપ આદર્શને પહોંચી શકીએ.

પ્રભુશ્રી મહાવીરે જ્યારે સામાયિકનો વિનિમય–દાન કરવા માંડયું ત્યારે એ પ્રકારના અધિકારીઓ જોવામાં આવ્યા. પોતાની ઉચ્ચતમ સ્થિતિએ પહોંચાડવા જ્યારે પોતાના સામાયિકનું વર્ણન કરવા માંડયું, ત્યારે કેટલાક મહાપુરુષોએ અને દેવીઓએ જેવું સામાયિક ઉપદેશ્યું તેવું જ અંગીકાર કર્યું. જેણે તે અંગીકાર કર્યું તેઓએ સાધુ અને સાધ્વીપણાની દીક્ષા ગ્રહણ કરી સામાયિકને આચારમાં મૂકવા, સર્વથા પ્રયત્ન કરવા માંડયો.

વળી કેટલાએક પુરુષો અને સ્ત્રીઓએ ઇચ્છા યોગથી તો સામાયિકને સંપૂર્ણ અંગીકાર કરી, પરંતુ ગૃહસ્થપણાને લઇને સામર્થ્ય યોગ વડે ઇત્વર એટલે અમુક કાળ સુધી તેવું જ સામાયિક આચરવાનો નિયમ કર્યો. આ પાછળના મુમુક્ષુઓ પ્રભુના શાસનમાં શ્રાવક અને શ્રાવિકા ગણાયા. આમ સામાયિકની ક્રિયા કરનાર એટલે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચારે પ્રકારના મનુષ્યનો સમાજ તે પ્રભુનું તીર્થ ગણાયું અને પ્રભુ તીર્થંકર કહેવાયા. એટલા માટે જે મનુષ્યે પ્રભુના

ઉપદેશેલા સામાયિકને-પછી તે સામાયિક સર્વથા હો કે દેશથી હો-તેને આચારમાં ન મૂકતો હોય તો તેને જૈન સમાજમાં ગણવો કે કેમ એ વિચારવા જેવું છે. અલબત્ત! તેમાં પ્રીતિ રાખતો હોય તો અનુમોદક તો ખરો!

ઘણાએક મનુષ્યો મહાપુરુષની આજ્ઞાને માથે ચઢાવે છે, તેમનું કહેવું જ સાચું માને છે, પરંતુ મસ્તકે ચઢાવ્યા પછી તે આજ્ઞાને હૃદયમાં ઉતારતા નથી-તેઓ આચારમાં મૂકી શકતા નથી, માટે આપણે એ આજ્ઞાનું ફળ હાલ બરોબર જોવા પામતા નથી. આપણે આ પ્રમાણે પ્રણિધિ નક્કી કરી-આદર્શ નક્કી કરી સામાયિક નામની પ્રવૃત્તિમાં પ્રવેશ કરવો જોઈએ.

સામાયિકનું સ્થાનઃ-શ્રાવકોના સામાયિક વ્રતનું સ્થાન બાર વ્રતમાં નવમે વ્રતે છે, અને એ શ્રાવકોનાં-શ્રાવિકાઓનાં બાર વ્રતરૂપ વૃક્ષનું મૂળ સમ્યક્ દર્શન છે. આ ઉપરથી એ બાર વ્રતોને સમ્યક્ત્વ મૂળ બાર વ્રત આપણા શાસનમાં ગણવામાં આવ્યાં છે. મોક્ષનો-આત્મસ્વાતંત્ર્યનો-આત્મ સ્વરાજનો perfect freedom. and perfect liberation કે self-Government નો ઉપાય જૈન શાસ્ત્રમાં સમ્યગ્દર્શનપૂર્વક સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનજ્ઞાનપૂર્વક સમ્યક્ ચારિત્ર છે માટે જ કહ્યું છે કે—

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः।

"જડ ચૈતન્યનો-સત્યાસત્યનો તત્ત્વજ્ઞાનનો નિશ્ચય કરવો તે સમ્યક્જ્ઞાન છે, તેના ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખવી તે સમ્યક્ દર્શન છે, આ બન્ને વસ્તુતત્ત્વને વસ્તુતત્ત્વરૂપે જાણવા અને સદ્દહવા-દૃઢ નિશ્ચય કરવા રૂપે છે, પછી જ્ઞાનથી જેવું જાણ્યું અને દર્શનથી જેવો નિશ્ચય કર્યો તે પ્રમાણે વર્તનમાં મૂકી તેનો અનુભવ કરવો તે સમ્યક્ ચારિત્ર છે. આ સમ્યક્જ્ઞાન અને સમ્યક્દર્શનવિના ચારિત્ર હોઇ શકે નહિ.[1]"

---

1 શ્રી વિજયકેસરસૂરીજી.

કહ્યું છે કે-" ત્રસ સ્થાવરની કરૂણાકીની જીવ ન એક વિરાધ્યો, ત્રિનકાલ સામાયિક કરતાં તોય ન કારજ સાધ્યું-સમકિત નવી લહ્યું રે તેણે રોળ્યો સંસાર."

સમકિત તે શું? વ્યવહાર સમકિત તે શું અને નિશ્ચય સમકિત તે શું તે સમજવા આપણે હવે પ્રયત્ન કરીએ. સમ્યક્ત્વ પ્રાપ્ત થયા વિના હાલ જે સ્થિતિમાં આપણે છીએ તેને મિથ્યાત્વ કહે છે. જગતના તમામ મહાત્માઓ આ મિથ્યાત્વને દૂર કરવા અને સમ્યકત્વને પ્રાપ્ત કરવા બળપૂર્વક ઉપદેશ આપે છે. આ સંસારનું-આ બંધનનું-આ દુઃખના સાગરનું આ જ્ઞાનના અંધકારનું આ સહરાના રણ જેવી ખરતર અટવીનું કારણ કોઇ હોય તો મહાત્મા બુદ્ધ કહે છે કે તે **માર** છે,

મહમદ પેગમ્બર કહે છે કે તે **સેતાન** છે;
મહાત્મા મોઝીઝ કહે છે કે તે Devil છે,
શ્રીમદ્ શંકરાચાર્ય કહે છે કે તે **માયા** છે,
ઋષિમુનિઓ કહે છે કે **મોહ** છે.
મહાત્મા ક્રાઇસ્ટ કહે છે કે Sin-પાપ છે-
શ્રી પરમાત્મા મહાવીર સ્વામી કહે છે કે તે **મિથ્યાત્વ** છે.

અને એ મિથ્યાત્વ તે એ જ કે આ દેહને-આ દેહાધીનને-આ કર્મને કે કર્મના પરિણામને 'હું' માનવો તે છે. દેહાધ્યાસ ટળતાં-કર્માધ્યાસ છૂટતાં જે સ્વરૂપ આપણું પ્રગટે છે તે સમ્યક્ત્વ છે. જૈન-શાસ્ત્રમાં એ મિથ્યાત્વને બહિરાત્મભાવ પણ ગણવામાં આવ્યો છે, શ્રીમદ આનંદઘનજી કહે છે કે:-

આ સંસારમાં મોટામાં મોટું કોઇ જો પાપ હોય તો તે બહિરાત્મ એટલે કાયાદિકને હું માનવો તે છે. તેઓ શ્રી કહે છે કે:-

"આતમ બુદ્ધે હો કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ"

મોટામાં મોટું કોઇપણ પાપ હોય તો શરીરાદિને હું માનવો એમ આનંદઘનજી કહે છે. જૈન શાસ્ત્રમાં પણ આ વાત ઠામ ઠામ

મનુષ્યને આત્મજાગૃતિ આપવા કહેવામાં આવી છે, શરીરને હું માનીને મનુષ્યની ઉત્તમોત્તમ યોનિમાં આવ્યો છતાં—ચઢયો છતાં મનુષ્ય પોતાનો—કાળ—મનુષ્ય પોતાનો અવતાર—અરે! દેવને પણ દુર્લભ, પણ તમોને અને મને મળેલો હોવાથી સુલભ એવો ઉત્તમોત્તમ માનવાવતાર એ કેવી રીતે આપણે ગુમાવી નાંખીએ છીએ એના ઉપર જરા નજર ફેરવી જઇએ.

ત્યાર પછી શ્રોતૃમંડળમાંના એક શ્રોતાને વક્તા પૂછે છે કે તમારૂં નામ શું? તેઓ કહે છે કે મારૂં નામ ફુલચંદ. વક્તા કહે છે કે હું તો તમારૂં નામ પૂછું છું? ફુલચંદ એ તો શરીરનું નામ, તમે કહ્યું. ફુલચંદ એ તો તમારા શરીરનું આ ૪૫ વર્ષનું નામ છે, પણ તમે તો ૪૫ વર્ષના પૂર્વે તેમજ હાલ અને હવે પછી પણ ફુલચંદ જેવા શરીરના સાક્ષી રૂપે છો. તો એ સાક્ષીનું નામ શું?

ધારો કે ફુલચંદરૂપી શરીરમાં જે આત્મા સાક્ષી રૂપે રહ્યો છે તેનું નામ **સંવર** છે. તમે પોતાને ફુલચંદ માની એટલે શરીરાદિને હું માની—કે વક્તા લાલનરૂપ શરીરાદિને હું માની જેટલી ક્રિયા કરે એ બધી ક્રિયા મિથ્યાત્વમાંથી—બહિરાત્મભાવમાંથી—વિર્પયાસમાંથી કે મોહથી ઉત્પન્ન થયેલી હોવાને લીધે મિથ્યાત્વરૂપ છે. શ્રીઆનંદઘનજીના શબ્દમાં કહીએ તો મહા પાપરૂપ છે અને અઘોર સંસારનું કારણ છે.

મનુષ્ય જેને હું માને છે, દાખલા તરીકે શરીરને હું માને છે તો તેની સઘળી પ્રવૃત્તિઓ વિશેષે કરીને શરીરને માટે થાય છે. શરીરમાં રહેનાર જેમ કે ફુલચંદમા રહેનાર **સંવર** અને લાલનમાં રહેનાર **પ્રશામ** તેને માટે થતી નથી. આ ઉપર થોડું દિગ્દર્શન કરાવવું જરૂરનું છે.'

આપણે કહી ગયા કે સઘળી યોનિઓમાં—જીવરાશિમાં મનુષ્ય ઉત્તમ છે તથાપિ આપણા મનુષ્યમાંનાં મોટા ભાગનો કાળ કેવી પ્રવૃત્તિમાં વહ્યો જાય છે તે જોઇએ.

વળી દેહને હું માનવાથી મનુષ્યમાં રહેલાં કેટલાંએક અગમ્ય અને કેટલાંએક ગમ્ય સામર્થ્યોની પણ તેને ખબર પડતી નથી પરંતુ જ્યારે દેહમાં રહેનાર કોણ છે તેની શોધમાં વળે ત્યારે તેમાં રહેલા અખૂટ ખજાનાની તેને માહિતી મળે છે. સામાયિક એ અખૂટ ખજાનો ખોલવાની ચાવી છે.

હવે એ દેહરૂપ ઘરમાં રહેનાર–એ ફુલચંદરૂપ ઘરમાં રહેનાર–એ લાલનરૂપ ઘરમાં રહેનાર આત્મા જેને આપણે સમજવા ખાતર અહીં **સંવર** અને અહીં **પ્રશામ** કહીશું તે ભણી વિચાર કરીએ, અને એમ કરવા થકી આપણે કેવાં કેવાં સુખનાં અંબાર પર ચઢી શકીએ છીએ એ આપણે જોઇએ. શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે મનુષ્ય પણ ઉત્તમમાં ઉતમ હોવા છતાં પણ શરીરને હું માને તો તેનો જન્મ પાપરૂપ છે, અને શરીરમાં રહેલા સાક્ષી આત્માને હૃદયસ્થ કરી વર્તે તો–ધર્માદિ અનુષ્ઠાન કરે તો તેનામાં રહેલો આત્મા જ પોતાના પરમાત્માપણાને પ્રગટ કરી શકે. તેઓ કહે છે કે–

" કાયાદિકનો હો સાક્ષીધર રહ્યો અંતરાતમરૂપ."

શ્રીમદ્ આનંદઘનજીના આ સૂત્રરૂપ વાક્ય ઉપર મનન કરીએ તો આપણું સ્વરૂપ આપણને કંઇક પ્રત્યક્ષ થશે. તેઓ કહે છે કે તું શરીરાદિ નથી અર્થાત્ તું કાયા નથી, તું મન નથી, તું અહંકાર નથી, કાયાદિના સગાવહાલાં તે તું નથી. પુદ્ગલાદિક મિલ્કત તું નથી–એ સર્વનો તું સાક્ષી છે witness દૃષ્ટા છે. હવે વિચાર કરો કે કોર્ટમાં કોઇ મનુષ્યને હાજર કરવામાં આવે અને તે મનુષ્યે કંઈ ભૂડું કર્યું હોય કે ભલું કર્યું હોય તો તેનો સાક્ષી જાણતો હોય, કે આપણી કોર્ટમાં શ્રીમહાવીર સ્વામી પ્રભુ ન્યાયાધીશ છે. ભાઇ ફુલચંદ એ પાંજરામાં ઉભા છે. અને ફુલચંદમાં નિવાસ કરતો તેમનો આત્મારૂપી પ્રામાણિક સાક્ષી જેને હાલ **સંવર** નામથી ઓળખીએ છીએ એ સાક્ષી શું એના ભલા ભુંડા કામનો જોખમદાર છે? responsible છે? પ્રામાણિક

સાક્ષી જેવું હોય તેવું પરમાત્મ રૂપ ન્યાયાધીશના પાસે પ્રામાણિકપણે પ્રગટ કરે છે. ભલું કર્યું હોય તો ભાઇ ફુલચંદને કર્મ પરિણામ પાસે ઇનામ અપાવે છે–Justice of the peace બનાવે છે અને ભુંડું કર્યું હોય તો એ કર્મ પરિણામ તેને શિક્ષા કરે છે. આમ શિક્ષા માનનાર કે પારિતોષિક પ્રાપ્ત કરનાર ફુલચંદ છે, પણ ફુલચંદમાં રહેલ **સંવર** રૂપ આત્મા તો તેનો સાક્ષી છે, આટલે સુધી વિચાર કરતાં એટલે **સંવર** માં સ્થિર થતાં એટલે આનંદઘનજીના શબ્દમાં અંતરાત્મા થતાં અર્થાત્ સમ્યક્ત્વી થતાં સંસારમાં આવતાં દુઃખ સુખથી આપણે પર થઇએ છીએ. આપણને એમ લાગે છે કે સુખદુઃખો એ આગંતુક છે. અને આપણે તો સુખદુઃખથી પર છીએ

આટલું થયા પછી **સંવરરૂપ** આત્મા ફૂલચંદ ઉપરથી દૃષ્ટિ ખેંચી લઇ પરમાત્મા તરફ પોતાના અંતરચક્ષુથી દર્શન કરવા ભાગ્યશાળી થાય છે. આત્મા અને પરમાત્માનો સંબંધ તે પારખે છે અને જેમ તે દેહાદિથી અલગ છે તેમ પરમાત્મા તરફ નિહાળતાં જાણી લે છે કે તેનો આત્મા કર્માદિથી પણ અલગ છે માટે એ કર્માદિથી અલગ થવાને પોતાના આત્મવીર્યને અવલંબી સામાયિકાદિ પ્રવૃત્તિઓ કરતો રહે છે, તેમ તેમ પરમાત્મામાં પ્રગટ રહેલા અને પોતાનામાં ગુપ્ત રહેલા સામર્થ્યો વચ્ચે માર્ગમાં આવતાં વિઘ્નોને દૂર કરી તે સામર્થ્યો પ્રાપ્ત કરતો રહે છે. શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે

'અતીન્દ્રીય ગુણગણમણિ આગરૂરે એમ પરમાતમ ભાવ'

આટલા માટે આત્મા અને પરમાત્માની વચ્ચે રહેલાં વિઘ્નોને દૂર કરવા બીજી પ્રવૃત્તિ કહ્યા પછી ત્રીજું **વિઘ્નજય** દેખાડે છે.

સામાયિકરૂપી પ્રવૃત્તિને ક્રિયામાં મૂકતાં ક્યાં ક્યાં વિઘ્નો આવે છે એ પણ સામાયિકના વિધાનમાં ગણાવેલાં છે. સામાયિક સૂત્રમાં જણાવેલું છે કે બાર વિઘ્નો કાયાનાં, દશ વિઘ્નો વચનનાં અને દશ

વિધ્નો મનનાં છે. આ વિધ્નો કે દોષોનો વિજય શરીરને હું માનનારને ઘણો મુશ્કેલ છે. પરંતુ અંતરાત્માને કે શરીરમાં રહેલ સાક્ષી આત્માને, શરીર અને વચનના દોષો તો શું પરંતુ મનના દશ દોષો ઉપર પણ એ સામાયિકનો સાધક વિજય મેળવે છે.

જેમ જેમ સાધક એ દોષો ઉપર વિજય મેળવતો જાય છે તેમ તેમ સામાયિકના ફલરૂપ ગુણો–આત્મિકગુણો પ્રગટ થતા જાય છે, એ તો આપણે જાણીએ છીએ કે બળ કરતાં કળ વાપરવાથી જલદી વિધ્નો ઉપર વિજય મેળવી શકાય છે. સામાયિકની ક્રિયા કરતાં એ ક્રિયાનો જેમ જેમ આપણે અર્થ અને પછી ભાવ પ્રાપ્ત કરતા જઇએ તેમ તેમ વિધ્નો સહજ દૂર થતાં જાય છે. એ વિધ્નો દૂર થયાં કે શ્રીહરિભદ્રસૂરિ કહે છે કે સિદ્ધિ પ્રાપ્ત થાય છે. સાધકને આ સિદ્ધિ પ્રગટ થઇ કે તુરત જ પોતાનામાં જે સામર્થ્યો પ્રગટ થયાં, તે સામર્થ્યો જગતના જીવોને પ્રાપ્ત થાય એવી ભાવદશા ઉત્તમ જીવને–ઉત્તમ સાધકને પ્રગટ થાય છે.

सवी जीव करुं शासनरसी । એવી ભાવના સાધકમાં જાગે છે એટલે Self-dedication–એટલે જનતાના કલ્યાણને માટે આત્મ–નિવેદન કરે છે આ આત્મનિવેદનનું નામ જ **વિનિમય** કહેવામાં આવેલ છે.

શ્રી મહાવીરસ્વામીએ સામાયિકના સાધન વડે સિદ્ધિ પ્રાપ્ત કરી –વિનિમય કરતાં કહ્યું છે કે **आत्मसमं करोमि ।** સર્વ જીવોને મારા સમાન બનાવું. ઉંચામાં ઉંચી સ્થિતિ જે મનુષ્ય પ્રાપ્ત કરી શકે તે મેં કરી છે, તેવી જ સ્થિતિ જનતામાં હું પ્રગટાવું.

આવી રીતે જેમ જેમ સામાયિકના સાધકને લાભ દેખાતો જશે તેમ તેમ સામાયિકનું રહસ્ય વિશેષ વિશેષ માલુમ પડતું રહેશે. તેના ભક્તમાં પ્રેમ જાગૃત થશે, અને આદર્શ ઉપર પ્રેમ કે ભક્તિ થતાં એટલે સાધકમાં ઉત્તરોત્તર અધિક અધિક ઉત્સાહ અને બળ

વધશે. તથાપિ સામાયિકમાં આવતાં વિઘ્નોને દૂર કરવાને કંઈક થોડુંક કહેવાની ઇચ્છા થાય છે. અને તે એ કે વિઘ્નો જ્યારે આપણા માર્ગમાં અડચણ કરતાં હોય તો આપણે એ બત્રીસ વિઘ્નોને જરા બાજુપર રાખી આપણે આપણા આદર્શોને વધારે સમજવાની કોશીશ કરવી અને એ સમજતાં એવાં Intuitions પ્રતિભાઓથી રહસ્ય પ્રગટ થશે એટલે એવું બળ આવશે કે આપણે વિઘ્નોનો સહેલાઇથી જય કરી શકીશું.

ઉપસંહારઃ—આ વ્યાખ્યાનનો ઉપસંહાર કરતાં કહેવું જોઇએ કે આપણા અનુષ્ઠાનમાં શ્રીહરિભદ્રસૂરીએ કહેલાં પાંચે પ્રકારોને એટલે કે પ્રણિધિ અથવા હેતુ કે સાધ્યને નક્કી કરવો, તે પછી પ્રવૃત્તિ એટલે સાધનો એટલે કે સામાયિકમાં આવતાં સૂત્રોમાં રહેલાં રહસ્યો જાણી તેને ક્રિયામાં મૂકવાં, ત્યાર પછી આવતાં વિઘ્નોનો જય કરવો અને સિદ્ધિ પ્રાપ્ત થયા પછી જનતાના કલ્યાણને માટે તેનો વિનિમય કરવો એ ધાર્મિક અનુષ્ઠાનની પદ્ધતિ છે–Scientific પદ્ધતિ છે, વિજ્ઞાનિક પદ્ધતિ છે. આવતી કાલના ભાષણમાં સામાયિકમાં આવતાં પ્રત્યેક સૂત્રોમાં શા શા સામર્થ્યો ભરેલાં છે તે સંબંધી વિવેચન કરશું.

વ્યાખ્યાન બીજું તા. ૧૫–૭–૨૭

આત્મપ્રિય સુશીલ બ્હેનો, અને સુજ્ઞ બાંધવો,

પંચાવયવ અનુષ્ઠાનમાં એટલે પ્રણિધિ, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિમયમાં પ્રવૃત્તિ અને વિઘ્નજય એ મુખ્ય છે તથાપિ પ્રવૃત્તિમાં જે બળ વાપરવું જોઇએ તેટલું બળ વિઘ્ન દૂર કરવામાં જરૂરનું નથી, કારણ કે શુભ કે મંગળ પ્રવૃત્તિઓમાં ઘણું કરીને વિઘ્નો શુભ પ્રવૃત્તિના પ્રભાવથી ઘણે ભાગે દૂર થઇ જાય છે. એવું છતાં વિઘ્નજય એટલે બત્રીસ દોષો સામાયિક કરતાં અનિચ્છાએ

પણ થઈ જાય છે. અને તેમાં પણ કાયાના બાર દોષો વચનના દશ દોષો ભાગ્યશાળી સાધકો દૂર કરી શકે છે તથાપિ તેઓનાથી પણ મનના દશ દોષોને દૂર કરવા અશક્ય નથી, પણ દુઃશક્ય છે not impossible, but improbable તથાપિ એ મનના દોષો આવી જવાનાં કારણોને જો દૂર રાખવામાં આવે તો, એ દોષોનો જય શક્ય છે–probable છે, હવે એ કારણો કયા છે, અને તે કેમ દૂર રાખી શકાય એ વિષય ઉપર કંઇક વિચાર કરીએ.

જે ક્રિયા કે જે અનુષ્ઠાન કરવામાં આવે તેમાં પણ જે ધાર્મિક વિધાન સેવવામાં આવે તેનું ફળ આત્મવિકાસ વિના બીજું ન હોય. આત્મવિકાસ એ યોગ્ય અર્થ કામનો વિરોધી નથી, પરંતુ આત્મવિકાસ થતાં એવાં પુણ્યો બંધાય છે કે જેનું ફળ પણ પુણ્ય કરવામાં વિશેષ ઉપયોગમાં આવે છે. એને શાસ્ત્રમાં પુણ્યાનુબંધી પુણ્ય ગણવામાં આવ્યું છે. આટલી પ્રસ્તાવના કરી હવે એ દોષો આવી જવાનાં કારણોને જણાવીએ અને તે આ પ્રકારે છે–

૧. અવિધિદોષ.
૨. અતિપ્રવૃત્તિ (ન્યૂનપ્રવૃત્તિ)
૩. દગ્ધદોષ
૪. શૂન્યદોષ.

જે વિધિ શાસ્ત્રમાં કહેલી છે તે વિધિ સમજી, તે જ પ્રકારે ક્રિયા કરવામાં આવે તો માનસિક દોષો આવવાનો સંભવ નથી, અર્થાત્ ધાર્મિક અનુષ્ટાન વિધિપૂર્વક કરવાં જોઇએ.

બીજું ધાર્મિક અનુષ્ઠાન કરતાં ધાર્મિક પ્રવૃત્તિ શાસ્ત્રમાં લખ્યાથી અધિક પણ ન કરવી જોઇએ તેમજ ન્યૂન પણ ન કરવી જોઇએ. રોટલી ચાર મિનિટમાં પાકતી હોય, તેને છ મિનિટ સુધી રાખવામાં આવે તો તે કેટલીક બળી જાય, અને બે મિનિટ રાખવામાં આવે તો તે કેટલીક કાચી રહી જાય, તેમ ધાર્મિક ક્રિયા કરતી વખતે

અતિ પ્રવૃત્તિ કે ન્યૂન પ્રવૃત્તિનો દોષ ટાળીને યથાર્થ પ્રવૃત્તિ કરવી જોઇએ. દાખલા તરીકે સામાયિક કે પ્રતિક્રમણ ૪૮) મિનિટે જ પુરૂં થવું જોઈએ, અને તેનું નામ જ **યથાર્થ પ્રવૃત્તિ છે.**

ત્રીજો દોષ દગ્ધ દોષ છે. દગ્ધ એટલે બળેલું એટલે કે સામાયિક કરતાં ઇહલોક કે પરલોકના સાંસારિક વિષયોની વાંચ્છના કરવી નહિ. કરી હોય તો માનસિક દોષ લાગે છે એટલું જ નહિ પરંતુ ધાર્મિક ક્રિયાનું ફળ જે પૂર્ણ આત્મવિકાસ કે મોક્ષ છે તે ફળ પ્રાપ્ત થતું નથી, માટે ધાર્મિક ક્રિયાથી આત્માની શક્તિઓ જેથી ખીલે એ જ ફલની ઇચ્છા રાખી ધાર્મિક ક્રિયાઓ કરવી કે જેથી યોગ્ય સુખોના બાધ વિના પણ આત્મવિકાસ થયાં કરે.

ચોથો દોષ **શૂન્યદોષ** છે, અને આ દોષ ધાર્મિક અનુષ્ટાન કરનારા આપણા ભાઇઓ અને બ્હેનોમાં થોડે અંશે દેખાતો નથી. એ દોષનું ઘણે ભાગે સામ્રાજ્ય હોવાથી ધારેલું ફળ સત્વર સાધકને મળતું જોવામાં આવતું નથી. શૂન્યદોષ એટલે ઉપયોગ વિના ધાર્મિક ક્રિયા કરવી તે જિનમંદિરમાં જે જે સ્તવનો ગવાય છે–સામાયિકમાં કે પ્રતિક્રમણમાં કે ગુરુવંદનમાં જે જે સૂત્રો બોલાય છે, કાઉસગ્ગમાં જે મંત્રોનું ધ્યાન કરવામાં આવે છે, એ ક્રિયાઓમાં ઘણે ભાગે અર્થ નહિ સમજવાની બેદરકારી જોવામાં આવે છે, અને કેટલીક વખતે અર્થ પણ સમજાતા હોય છતાં તેમાં ઉપયોગ હોતો નથી. દાખલા તરીકે મંદિરમાં ભગવાન પાસે સ્તવન ગાતાં પ્રભુની સામે લાંબા હાથ કરી એમ કહેવું કે ‘ પંચમી તપ તમે કરો રે પ્રાણી ’ આ પ્રમાણે ગાનાર ભોળે ભાવે ઉપયોગ નહિ હોવાથી મોટી ભૂલ કરે છે, માટે શૂન્યદોષ ટાળી ઉપયોગપૂર્વક સમજીને–જ્ઞાનપૂર્વક સમજીને એ ક્રિયા કરવામાં આવે તો વક્તાની ખાતરી છે કે મનના દશ દોષો તો તેમને લાગતા નથી એટલું જ નહિ પણ સામાયિકાદિ ક્રિયાનું ઉત્તમોત્તમ ફળ સાધકના તરફ સત્વર દોડતું આવતું સાધકને

જણાય છે, માટે-અવિધિ દોષ, અતિપ્રવૃત્તિ કે (ન્યૂન પ્રવૃત્તિ) દોષ, દગ્ધદોષ કે શૂન્યદોષ ટાળી વિધિપૂર્વસર પ્રવૃત્તિ-યથાર્થ પ્રવૃત્તિ-આત્મવિકાસ ભણી પ્રવૃત્તિ અને ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ કરવી જોઇએ.

'ધાર્મિક અનુષ્ઠાનના પાંચ પ્રકાર'

વળી અન્ય પ્રકારે ધાર્મિક અનુષ્ઠાનો શાસ્ત્રમાં પાંચ પ્રકારે ગણાવેલાં છે એટલે કેઃ—

૧ વિષાનુષ્ઠાન,
૨ ગરલાનુષ્ઠાન,
૩ અન્યોન્યાનુષ્ઠાન,
૪ તદ્દહેતુ-અનુષ્ઠાન,
૫ અમૃત-અનુષ્ઠાન,

આ પાંચે અનુષ્ઠાન જ્ઞેય છે. વિષાનુષ્ઠાન અને ગરલાનુષ્ઠાન એ બે હેય છે. અન્યોન્યાનુષ્ઠાન કંઇક હેય અને કંઈક ઉપાદેય છે. અને તદ્દહેતુ તથા અમૃત બન્ને પૂર્ણ રીતિએ ઉપાદેય છે. વિષાનુષ્ઠાન એટલે ઇહલોકના સંસારી પદાર્થોની વાંચ્છા, ગરલાનુષ્ઠાન એટલે ધર્મક્રિયા કરી પરલોકના એટલે સ્વર્ગાદિની તૃષ્ણા રાખવી તે. આ બન્ને ત્યાજય છે. અન્યોન્યાનુષ્ઠાન જે કંઇક ત્યાજ્ય અને કંઇક ગ્રાહ્ય છે તે ઉપર વિચાર કરવાની અગત્યતા જણાય છે. અન્યોન્યાનુષ્ઠાન એટલે દેખાદેખીથી ધાર્મિક ક્રિયા કરવી તે. કેટલાએકોની એવી લાગણી હોય છે કે આપણે અમુક ધાર્મિક ક્રિયા નહિ કરીએ તો લોકોમાં ખોટું દેખાશે, અને કરશું તો આપણી આબરૂ વધશે. આવી ભાવનાથી જે ફળ અનુષ્ઠાન કરનારને મળે છે, તે પ્રગટ છે એટલે કે દેખાદેખીથી અનુષ્ઠાન કરનારની નિંદા થતી નથી એટલું જ નહિ પણ અનુષ્ઠાન કરનારાઓમાં તેની આબરૂ વધે છે, તથાપિ તેમની ક્રિયાનાં ફળની સમાપ્તિ અહીંઆ જ છે. જેવી ભાવના છે તેવું જ ફળ થાય છે. માટે અન્યોન્યાનુષ્ઠાન ન કરવું એમ વક્તાનું કહેવું નથી પણ કરવું એમ

કહેવું છે, તથાપિ અન્યોન્યાનુષ્ઠાન કરતાં આત્મવિકાસની ભાવનાથી ધાર્મિક ક્રિયા કરવી તે વધારે ઉત્તમ છે. તદ્દહેતુ અનુષ્ઠાન તેને કહેવામાં આવે છે કે જે ધર્મ ક્રિયાનું ફળ પરોક્ષ રીતિએ-Indirect રીતિએ ધર્મક્રિયા કરનારને આપે છે અર્થાત્ સાધકોને એવાં સરળ અને ઉપયોગી સાધનો કે સગવડતા મળે છે કે જેથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાઈ, સાધકને અમૃત ક્રિયામાં જોડે છે.

અમૃતાનુષ્ઠાન તે છે કે જેનું ફળ અમૃત અથવા આત્માનો પૂર્ણ વિકાસ-મોક્ષ-મહાઆનંદ વગેરે છે.

આ પ્રકારે તદ્દહેતુ કે અમૃતાનુષ્ઠાન કરનારને માનસિક દોષો લાગતા નથી. એટલું જ નહિ પરંતુ આત્મિક ગુણો તેમના મનમાં પણ રમી રહેતા જોવામાં આવે છે. મનુષ્ય જેવા ઉત્તમ દેહમાં રહી દેવોને પણ નમાવનાર પુણીયા શ્રાવકો કે તીર્થંકર ગોત્ર બાંધનાર શ્રી મહાવીરે તદ્દહેતુ અને અમૃત અનુષ્ઠાન કરી આત્મવિકાસ કર્યો હતો. આપણે તેમને પગલે ચાલવાથી તેવું જ કરીશું.

'સામાયિકની પ્રવૃત્તિ'

આપણે ઉપર કહી ગયા કે વિઘ્નજય કરતાં પણ પ્રવૃત્તિમાં વિશેષ બળ ખરચાવું જોઇએ. કેમકે **પુનાની** હવા શરીરને અનુકૂળ માલમ પડયા પછી **પુના** જનારને રસ્તામાં જે પર્વતો વિઘ્નરૂપે વચ્ચમાં આવેલા હોય તેને પણ ફોડી તોડી હવાનો જિજ્ઞાસુ પુના પહોંચે છે. એ જ પ્રકારે આપણી પ્રવૃત્તિ નક્કી કરવી જોઇએ. આપણી સામાયિકની પ્રવૃત્તિમાં શ્રી **નવકારમંત્ર,** પ્રથમ મંગલને માટે ગણુવામાં આવે છે, ત્યાર પછી ગુરુસ્થાપનાને માટે **પંચિંદિય** નામનું સૂત્ર ગણુવામાં આવે છે. પછી ગુરુવંદનને માટે પંચિંદિયમાં ગુરુના ગુણોની ભાવના કર્યા પછી **ઇચ્છામિ ખમાસમણો** નામનો પ્રણિ-પાતમંત્ર ગણુવામાં આવે છે ત્યાર પછી કયાં કયાં સૂત્રો ગણુવાનાં છે એ આગળ ઉપર કહેવામાં આવશે. હાલ તુરત તો પ્રથમ જે

નવકાર મંત્ર ગણવામાં આવે છે તેનો શુદ્ધ ઉચ્ચાર, અર્થ અને હેતુ એ કહેવામાં આવશે.

પંચ પરમેષ્ઠિને કે કોઇને પણ નમન કરવામાં સાધકનો હેતુ એ હોય છે કે નમનીય આદર્શમાં જે ગુણો પ્રગટ છે તેવા જ ગુણો પોતામાં અપ્રગટ છે તે અપ્રગટ ગુણો ભાવસહિત વિધિ પ્રમાણે નમન કરતાં પ્રગટ થાય. અમેરિકાના અધ્યાત્મી મહાત્મા એમર્સન મનુષ્યની નમન પ્રવૃત્તિને બહુ જ સુંદર રીતે ઘટાવે છે.

ઇતિહાસ નામના નિબંધમાં તેઓ લખે છે કે શ્રીમાન પુરુષોને મનુષ્યો શા માટે માન આપે છે ? શ્રીમાનમાં ત્રણ શક્તિઓ પ્રગટ હોય છે, અને તે એ કે **સ્વતંત્રતા**–freedom (liberty); **શોભા**–grace અને **સામર્થ્ય**–power. આપણને એમ જણાય છે કે મનુષ્ય મનુષ્યને નમે છે; પરંતુ આંતરિક દૃષ્ટિએ જોતાં મનુષ્યનો આત્મા પોતામાં રહેલા અપ્રગટ ગુણોને પ્રગટાવવા, પ્રગટ થયેલા ગુણોવાળા આત્માને નમન કરતો હોય છે.

પંચ પરમેષ્ઠિ એટલે પરમ–ઉત્કૃષ્ટ સ્થાને વિરાજીત આત્માને નમન કરતાં આપણો આત્મા તેઓના જેવા જ ગુણોને પ્રગટ કરી આત્મવિકાસની ટોચે પહોંચવાની ભાવના રાખે છે. વળી નવકાર મંત્રના ઉચ્ચારથી–પઠનથી અને ભાવનાથી સર્વ દુઃખોની નિવૃત્તિ થાય છે–સર્વ પ્રકારનાં સુખોની પ્રાપ્તિ થઈ છેવટે પરમસુખ કે અવ્યાબાધ સુખ કે અનંતઆનંદ પ્રાપ્ત થાય છે.

सव्वपावप्पणासणो એનો અર્થ જ એ છે કે સર્વ દુઃખનાં કારણરૂપ પાપનો સર્વથા નાશ થવો તે અને કારણનો નાશ થયો એટલે કાર્યનો સહજ નાશ થઇ જાય છે. સકલ દુઃખનું કારણ પાપ છે, માટે પાપના નાશથી દુઃખનો પણ સંપૂર્ણ નાશ થાય છે. **पणासणा** શબ્દમાં એકલો નાશ જણાવ્યો નથી, પરંતુ **प्र+नास**

પ્રકર્ષે નાશ–સર્વથા નાશ જણાવેલો છે. છાણું બાળવામાં આવે ત્યારે તેની રાખ થઇ જાય છે. એ છાણાનો નાશ થયો કહેવાય; પરંતુ તેની રાખ પણ જ્યારે ઉડી જાય ત્યારે એ છાણાનો પ્રણાશ થયો કહેવાય; તેમ નવકારને વ્યંજન અર્થ, તદ્‌ઉભય, અર્થાત્ શુદ્ધ ઉચ્ચાર, શુદ્ધ વિચાર (અર્થ) અને શુદ્ધ ભાવ એટલે કે ઉચ્ચાર અને વિચારથી ઉત્પન્ન થતું જ્ઞાન એ ત્રણે વિધિએ ગણવામાં આવે તો સકલ પાપનો નાશ થાય છે, અર્થાત્ સંપૂર્ણ દુઃખનો સર્વથા નાશ થાય છે. એટલું જ નહિ પણ **मंगलाणं च सव्वेसिं**=સર્વ પ્રકારનાં મંગલો અર્થાત્ પુણ્યો–અર્થાત્ સુખો પ્રાપ્ત થઇ **पढमं हवइ मंगलं**=Supreme felicity–Highest happiness–મનુષ્ય જન્મનું ઉત્તમોત્તમ સાધ્ય Sumum bonum, પણ નવકારના યથાર્થ પાલનથી પ્રાપ્ત થાય છે. એ જ **સ્વરાજ્ય**–એ જ **આત્મસ્વરાજ્ય** કે મહાનમાં **મહાન આનંદ** છે. નવકારમાં પંચ પરમેષ્ઠિ એટલે પાંચ મહાન આત્મા–પાંચ આદર્શ આત્માઓનું સ્મરણ નવકાર ગણનાર આત્માએ કરવાનું છે.

આત્મા અને પરમાત્માનો સંબંધ આપણે એટલા માટે જ જોવો પડશે. શરીરને હું માનનાર પરમાત્માનું સ્મરણ યથાર્થ કરી શકે નહિ; પરંતુ શરીરમાં રહેનાર અમર આત્મા અર્થાત્ **संवर** કે **प्रशम** જે અંતરાત્મરૂપ છે તે જ પરમાત્માનું યથાર્થ સ્મરણ કરી શકે. દાખલા તરીકે એક માણસ પાસે એક પૈસો છે અને બીજાની પાસે એક કરોડ રૂપીઆ છે. આ બન્ને પૈસાવાળા છે. કોઇ નિર્ધન નથી. એક પૈસાવાળો પણ પૈસાવાળો ગણાય અને કરોડ રૂપીઆવાળો પણ પૈસાવાળો ગણાય. તેમ એક આત્મા પણ આત્મા ગણાય અને પરમાત્મા એ મહાન આત્મા ગણાય. માત્ર તફાવત ગુણોના વિસ્તારનો છે. સાધક અજ્ઞાન નથી, પણ અલ્પજ્ઞ છે, સાધ્ય સર્વજ્ઞ છે. જ્ઞાન ઉભયમાં છે. આમ સાધક સાધ્યનો સંબંધ સમજી નવકાર મહામંત્રમાં–ઉચ્ચારમાં–વિચારમાં–અને ભાવમાં પ્રવેશ કરવો જોઇએ. શ્રેણી

વખતે નવકારના પદનો ઉચ્ચાર મનુષ્ય કરતા જોવામાં આવે છે, અર્થ પણ કેટલા જાણતા હોય છે, પરંતુ શબ્દ અને અર્થ ઉપર વિચાર કર્યા વિના ભાવરૂપ પ્રકાશ બહાર આવતો નથી, અને એ ભાવરૂપ પ્રકાશ બહાર આવ્યા વિના મનુષ્યને યથાર્થ જ્ઞાન થતું નથી. શબ્દ એ ચકમક છે, અર્થ એ ફ્લક છે. અને જેમ ચકમક અને ફ્લકના અથડાવાથી તણખારૂપે પ્રકાશ બહાર આવે છે, તેમ વ્યંજન એટલે શુદ્ધ શબ્દ, અત્થ એટલે શુદ્ધ અર્થ અને તદ્‌ઉભય એટલે વિચાર, એ ભેળાં થવાથી ભાવરૂપ પ્રકાશ પ્રગટે છે. સાધક આત્માને ખબર પડે છે કે જે પરમાત્માનું હું સ્મરણ કરી રહ્યો છુ તેના પ્રગટ ગુણો જેવાજ મારામાં અપ્રગટ ગુણો છે, અને સ્મરણ કરતાં કરતાં હું પણ તેવા ગુણો પ્રગટ કરી શકીશ.

વળી પંચપરમેષ્ઠિમાંના છેલ્લાં ત્રણ પદો એટલે કે **नमो लोए सव्वसाहूणं, नमो उवज्झायाणं,** અને **नमो आयरियाणं** એ ત્રણ પદના ભાવપૂર્વક ધ્યાનથી સવ્વપાવપ્પણાસણો—સર્વ દુઃખનો સર્વથા નાશ થાય છે. અને **नमो अरिहंताणं** એના ભાવપૂર્વક સ્મરણથી સર્વ પ્રકારનાં મંગળ સુખો—કલ્યાણકારક સુખો પ્રાપ્ત થાય છે, અને **नमो सिद्धाणं**ના સ્મરણથી પૂર્ણ સુખ કે અવ્યાબાધ સુખ કે મહાન આનંદ પ્રગટ થાય છે—

ગુરુ મહારાજને વંદન કરતાં આપણે **मत्थएण वंदामि** એમ કહીએ છીએ—આ ઉપવાક્યનો (phrase) નો હેતુ એ છે કે આખા શરીરમાં મસ્તક એ ઉત્તમ અંગ ગણાય છે માટે મસ્તક જેણે નમાવ્યું તેને સર્વસ્વ નમન કર્યું એમ સમજવું અર્થાત્ નમન કરનારે આત્મનિવેદન કર્યું અને આત્મનિવેદન કરી એવું સ્વીકાર્યું કે મારી સર્વ ધાર્મિક ક્રિયા—મારાં સર્વ ધાર્મિક અનુષ્ઠાનો આપની આજ્ઞા પ્રમાણે કરીશ. વળી ગુરુ મહારાજને વંદન કરતાં એમ કહે છે કે **आवस्सिआए—निस्सिहिआए**—સર્વ બાહ્ય વ્યવહારને છોડીને—સર્વ પાપવ્યા-

પારનો ત્યાગ કરીને મારી સર્વ શક્તિથી આપને વંદન કરૂં છું. વળી ગુરુ મહારાજને વંદન કરતાં એમ કહે છે કે **इच्छामि खमा समणा वंदिउ**=હે ક્ષમાશ્રમણ ! હું આપને વંદન કરવાને ઇચ્છું છું આપ ક્ષમાશ્રમણ છો. ક્ષમા એ જ આપનો મુખ્ય વ્યાપાર છે તો હું પણ આપને વંદન કરી મારામાં ક્ષમા ગુણનો વિકાસ કરવાને ઇચ્છું છું, મારે મારી ક્ષમાનો વિકાસ વિશેષ કરવો નથી; પરંતુ આપમાં જેટલી ક્ષમા વિકાસ પામી છે તેટલી જ ક્ષમા મારામાં વિકાસ પામે એવા ભાવથી હે ક્ષમાશ્રમણ ! ભગવન ! આપને હું વંદન કરૂં છું. આત્માને શુભ બલની પ્રાપ્તિ અશકય નથી એમ જૈન શાસ્ત્ર કહે છે અને એ શુભ બળ પ્રાપ્ત કરવામાં અન્ય પ્રશસ્ત નિમિત્ત તરીકે છે, આત્મા એ ઉપાદાન છે અને પંચપરમેષ્ઠિ એ નિમિત્ત છે-ગુરુ એ નિમિત્ત છે. શ્રી **શ્રીપાલ**ના રાસના પરિશીલનથી જણાય છે કે આત્મા આપકર્મી છે, પોતાનાં જ આત્મબળથી soul-force થી તે ઉચ્ચમાં ઉચ્ચસ્થિતિ પ્રાપ્ત કરી શકે છે.

સામાયિકની ક્રિય એ રાજયોગ ક્રિયા છે.

સામાયિક કરતાં કાઉસગ્ગ કરવામાં આવે છે. કાઉસગ્ગ એટલે કાર્યોત્સર્ગ-સૃજ to leave-છોડવું ઉત્સર્ગ એટલે સર્વથા છોડવું. કાર્યોત્સર્ગ એટલે કાયા ભાવને-કર્મભાવને છોડી આત્મભાવમાં આવી પરમાત્મભાવમાં ધ્યાન ધરવું. કાઉસગ્ગની ક્રિયા કરવા પૂર્વે ઇરિયાવહિ ગણવામાં આવે છે. **इरियावहि**માં દશ પ્રકારે થતી જીવોની વિરાધનાની ક્ષમા યાચી સર્વ જીવોના આત્મા સાથે પોતાના આત્માને સમભાવે રાખે છે, અને વિરાધના કરતાં જે પાપ થયું હોય તે પાપ ધોઇ નાંખવાને કાઉસગ્ગ કરે છે. **तस्स उत्तरी**થી એમ જણાવે છે કે સર્વ પાપની નિર્ઘાતનાને અર્થે હું કાર્યોત્સર્ગ રૂપ ધ્યાન કરીશ.**पावाणं कम्माणं निग्घायणट्ठाए ठामि काउसग्गं** પાપકર્મની નિર્ઘાતનાને અર્થે કાયાભાન છોડી હું આત્મભાવમાં રહી પરમાત્મામાં મારા આત્માને સ્થાપું છું.

આચારાંગ સૂત્રમાં આત્મસંશોધન માટે **શ્રીવર્ધમાને** શું કર્યું તેનું વર્ણન આપવામાં આવ્યું છે. એમની મહાન શક્તિ પ્રમાણે એમણે એવી પ્રતિજ્ઞા કરી કે **करेमि सामाइयम् । सव्वं मे अकरणिज्जं पावकम्मं ।** હું સર્વ આત્માઓને સમાન ગણીશ અને કોઇ પણ પ્રકારનું પાપ નહિ કરીશ. આજ પ્રકારે શ્રાવક બે ઘડી **करेमि भंते सामाइयं** । હે ભગવન ! હું સર્વ આત્માને સમાન ગણીશ. **सावज्जं जोगं पच्चक्खामि ।** કોઇ પણ પ્રકારનું પાપ કરવામાં મારા મન–વચન, કાયાને હું નહિ યોજીશ એવી પ્રતિજ્ઞા **जाव नियमं पज्जुवासामि**=એ ઘડી પણ પાળીશ અને એ સમભાવે રહી મારા આત્મગુણનું સંશોધન કરીશ. પાપને–કર્મને–કષાયને જેમ જેમ હું દૂર કરતો જઇશ તેમ તેમ મારા આત્મગુણનો વિકાસ કરતો રહીશ. જૈનદર્શન Scientific એટલા માટે છે કે તેમાં કલ્પનાને સ્થાન નથી. આત્મસંશોધન અને આત્માવલંબન મુખ્ય છે. બીજાનો જે આધાર લેવામાં આવે છે તેને માત્ર નિમિત્ત ગણવામાં આવે છે, પરંતુ શ્રી જૈન દર્શને માન્યું છે કે આત્મા એ જ પરમાત્મા છે. અને તે પોતાના ઉપર છેવટે આલંબન લઇ પરમાત્મા થઇ શકે છે. હવે જો કોઈ એમ કહે કે **શ્રીવર્ધમાને** દીક્ષા લઈ મોહની સામે–કષાયોની સામે યુદ્ધ કરી મહાવીરપણું પ્રાપ્ત કર્યું અને તેમ કરી મોક્ષ પ્રાપ્ત કર્યો. આ કાલમાં તો મોક્ષનાં બારણા બંધ છે. આ પ્રશ્નનો ઉત્તર એટલો અપાય કે અહીં ઉભીને શું કરવું છે; સામાયિક કરી તેમણે બતાવેલા માર્ગે સામાયિકદ્વારા વહન કરી કરી મોક્ષના બારણા સુધી પહોંચવું અને જ્યારે બારણું ઉઘડે ત્યારે તેમાં તુરત પ્રવેશ કરી દેવો. જો એમણે બતાવેલા માર્ગે આપણે ગતિ કર્યા કરીએ તો છેક મોક્ષના બારણા સુધી તો આપણે પહોંચી શકીએ. અને એમ કરીએ તો મોક્ષદ્વારમાં પ્રવેશ કરવાનો પહેલો વારો આપણો આવે. વક્તાને લાગે છે કે Door–keeper; gate–

keeper દરવાન મોક્ષમાં પ્રવેશ કરવા નથી દેતા તેનું કારણ કષાય છે. મોહ છે–દેહ દૃષ્ટિ છે, અને એ સંપૂર્ણ ક્ષય ન થાય ત્યાં સુધી આપણે મોક્ષના દ્વાર પાસે ઉભું રહેવું પડે; પરંતુ knock and it will be opened એમ કર્યા કરીએ તો થોડા કાળમાં કે ભવમાં એ દ્વાર ઉઘડે. ખરા દેહભાવ છોડવાથી વિદેહભાવ કે અંતરાત્મભાવ પ્રગટે છે અને અંતરાત્મામાંથી પણ કર્મભાવ દૂર કરી શુદ્ધાત્મભાવમાં જો રહેતાં શીખીએ તો મહાવિદેહને માટે આપણે યોગ્ય થઇએ. અને એ યોગ્યતા આવી એટલે ત્યાંથી મોક્ષનાં દ્વાર હાલ પણ ઉઘાડાં છે, જેને શાસ્ત્રયોગ પ્રાપ્ત થઇ પ્રામાણિકપણે વિધાને કરવાં છે, તેમાં સામાયિકયોગ પણ પ્રગટે છે એમ શ્રી હરિભદ્રસૂરિ યોગબિંદુમાં કહે છે. પ્રભુ મહાવીર સ્વામીએ પરિષહો અને ઉપસર્ગો સહન કર્યા; કારણ કે તેઓએ શોધી કાઢયું કે આત્માના એકેકા પ્રદેશમા અનંતુ બળ :છે. ઇંદ્રની પણ તેઓએ સહાય લીધી નહિ, પરંતુ સ્વાવલંબને સકળ કર્મનો ક્ષય કરી આત્માનો પૂર્ણ વિકાસ કરી આત્મસ્વરાજ્ય પ્રાપ્ત કર્યું. આપણી શક્તિને પણ ગોપ્યા વિના યથાશક્તિ આપણે પણ એમને પગલે ચાલી આત્મવિકાસ કરવો જોઇએ.

આ ઉપરથી આપણે **શ્રીવીરનીસ્તુતિ** ગાઇએ છીએ કે નમામિ વીરં ગિરિસારધીરમ્ । હે વીર પ્રભુ! હું આપને નમું છું. હું આપના એ સામર્થ્યને નમું છું કે જે સામર્થ્ય મેરૂ પર્વતના જેવું અડગ છે. ખરા પર્વતમાં બે ગુણો જોવામાં આવે છે એમ કવીન્દ્ર શ્રી રવીન્દ્રના મોટા ભાઇ બડાદાદા કહે છે કે ગમે તેવી વીજળીઓ પડે. ખરા પર્વતમાં ફાટ પડતી નથી. ગમે તેવા વરસાદો પડે તો પણ ખરા પર્વતની કાંકરી પણ ખરતી નથી, તેમ મહાપુરુષો પર્વત શિરોમણિ મેરૂના જેવા અડગ છે, અને પરિષહરૂપ વૃષ્ટિઓ કે ઉપસર્ગરૂપ વિજળીઓ તેમને અસર કરતી નથી. આત્માના

અનંત સામર્થ્ય પાસે ત્રણે લોકના બાહ્ય સામર્થ્યો પોતાનું માથું નમાવે છે.

સ્વાવલંબનને માટે જૈનશાસ્ત્ર મુખ્ય ભાર આપતું જણાય છે. કહે છે કે ગૌતમ સ્વામીને શ્રી મહાવીર ઉપર રાગ હતો. તે રાગ પ્રશસ્ત હતો અને એમના આલંબનથી ઘણી ઉંચી સ્થિતિએ એટલે ગણધર પદવીએ તેઓ પહોંચ્યા હતા. તથાપિ પ્રશસ્ત રાગ પણ કેવલ જ્ઞાન પામવામાં જ્યારે અંતરાયરૂપ થયો ત્યારે તેઓ વિચારણા કરી શોધી શક્યા કે શ્રી મહાવીરે સ્વાવલંબન રાખ્યું અને એમ કરી પોતાના ચરિત્રથી સ્વાવલંબને રહેવાનો મને બોધ કર્યો એમ જણાય છે. આમ થતાં એટલે સ્વાવલંબને રહેતાં તુરત જ પોતે કેવળજ્ઞાન પામ્યા. આ દષ્ટાંત ઉપરથી જણાય છે કે પ્રશસ્ત રાગ એ આદરણીય છે છતાં છેવટની સ્થિતિને માટે સ્વાવલંબનજ–આત્માવલંબન જ પૂર્ણતાનું અચૂક અમોઘ સાધન છે.

જૈનશાસ્ત્ર એકાંત નથી, અનેકાન્ત છે. તેનો સ્યાદ્વાદ એ સમાધાનવાદ છે. જ્યાંસુધી સાધક બાલક હોય ત્યાંસુધી તેને પ્રશસ્ત આલંબન પણ લેવું ઘટે અને જ્યારે તે યુવાન થાય, ત્યારે તેણે સ્વાવલંબને પણ રહેવું ઘટે.

પ્રશસ્ત અવલંબને રહેતાં જે ક્રિયા કરવામાં આવે છે તેમાં નિર્જરાના કરતાં પુણ્યબંધ–પુણ્યાનુબંધી પુણ્ય થવાનો વિશેષ સંભવ છે. પુણ્યબંધનને પણ સોનાની બેડી ગણનાર શુષ્ક અધ્યાત્મીઓને કહેવું ઘટે છે કે મુમુક્ષુએ જે ક્રમથી શાસ્ત્રમાં ચઢવાનું લખ્યું છે, તે જ ક્રમે ચઢવું જોઇએ. પ્રથમ પાપને દૂર કરી પુણ્યને માર્ગે અને પછી પુણ્યના ફળમાં અનાસક્ત રહી શુદ્ધ આત્મસ્વરૂપ ભણી વહન કરવું જોઇએ.

પુણ્ય અને પાપ બન્ને કર્મ છે–ભીલ છે; પરંતુ પાપરૂપ કર્મ મનુષ્ય સંસારમાં પણ લૂંટારા છે અને પુણ્યરૂપ કર્મ ભીલ જેવા હોવા છતાં મોક્ષ માર્ગના વોળાવા છે, જેટલો તફાવત difference

લૂંટારા અને વોળાવામાં છે તેટલો પાપ અને પુણ્યમાં છે. પાપ જ્યારે આત્મગુણને લૂંટે છે ત્યારે પુણ્ય લૂંટારાથી બચાવે છે એટલું જ નહિ પરંતુ આત્મસ્વાતંત્ર્યના માર્ગમાં વોળાવારૂપ થઇ આપણને છેક મોક્ષ મંદિરના દ્વાર સુધી પહોંચાડે છે.

હવે પછી કાર્યોત્સર્ગ પાળ્યા પછી મુમતિ પલોવવાની ક્રિયા આવે છે અને એ મુમતી પલોવતાં પુરૂષોને ૫૦ અને સ્ત્રીઓને ૪૦ પ્રકારની પ્રતિજ્ઞા કરવાની હોય છે, તેમાં એ પચાશમાં ૩૫ નિષેધાત્મક છે. Negative છે અને પંદર વિધાયક કે positive છે એ વિધાયક અને નિષેધક પ્રતિજ્ઞાઓ શી છે એ આપણે અનુક્રમે તેની ક્રિયા કરશું ત્યારે તે ઉપર વિવેચન કરશું. વક્તાને તો દીવા જેવું દેખાઇ ગયું છે કે પતંજલિ ભગવાને ઉપદેશેલા રાજયોગનો આમાં સમાવેશ થઈ ગયો છે. ત્યાર પછી સામાયિક કરવાની પ્રતિજ્ઞા લેવામાં આવે છે. જિજ્ઞાસુ સાધક એવી પ્રતિજ્ઞા કરે છે કે હે ભગવાન ! આપનું ઉપદેશેલુ સામાયિક હું કરીશ. આપની આજ્ઞા એ જ મારો જ્યાં સુધી નિયમ છે ત્યાંસુધી ધર્મ છે **आणा एव धम्मो** । આપની આજ્ઞા એ જ ધર્મ. જેમ બુકર ટી. વૉશીંગ્ટને પોતાના ઉપરીની આજ્ઞા પાળી. તેમને ખુશી કરી અંતે એવી પદવીએ ચઢયો કે અમેરિકાની તમામ ગુલામ પ્રજાને અમેરિકન લોકોની સાથે સમાન કક્ષાએ પહોંચાડયા.

પ્રમાણિક સેવક તે જ કહેવાય કે સેવ્યને–શેઠને masterને આજ્ઞા કરતાં થકાવે પણ આજ્ઞા પાળતાં થાકે નહિ. હાલ બુકર ટી. વૉશીંગ્ટનના પ્રયત્નથી ૪૪ યુનિવર્સિટિઓ ગુલામ જાતિના લોકોને સ્વતંત્ર બનાવવાને ઉત્પન્ન થયેલી છે. કદાચ **करेमि भंते**માં જે પ્રતિજ્ઞા લેવામાં આવે છે. જે પચ્ચક્ખાણ લેવામાં આવે છે, તેમાં પૂર્વાભ્યાસને લઇને–દેહાધ્યાસને લઇને–મોહાધ્યાસને લઇને ભૂલ થઇ જાય તો **पडिक्कमामि–निंदामि–गर्हामि–अप्पाणं वोसिरामि**–એટલે કે હું પાપ ભાવને નિંદુ છું, ગુરુ સાક્ષીએ ધિક્કારૂં છું–વોસરાવું છું

અને મારા શુદ્ધ સ્વભાવમાં પાછો આવું છું. આવી ભૂલો ફરીથી નહિ કરીશ, આમ કરતાં કરતાં જ્યારે એક પણ ભૂલ બત્રીસ દોષોમાંની નહિ થાય ત્યારે આપણે સામાયિકની સિદ્ધિની નજીક આવી ચઢશું. તથાપિ કહેવું જોઇએ કે હું ફુલચંદ છું એમ માનીને સામાયિકની શુભ ક્રિયા ઉપર ચઢનાર જાણે Jacob's ladder કે નિસરણીએ ચઢતો હોય એવો લાગે છે, અને સંવર ભાવે જે સામાયિક કરતા હોય તે liftની ઝડપે પોતાના સાધ્યને પહોંચે છે

શ્રીહરિભદ્રસૂરિ કહે છે કે અનુષ્ઠાનો જે સાધનો સાધ્યની સાથે જોડે તે અનુષ્ઠાનો યોગ છે. જે ધર્માનુષ્ઠાનો શુદ્ધાત્માની સાથે જોડે તે યોગ છે. પતંજલિ ભગવાને **योगश्चित्तवृत्तिनिरोधः** અર્થાત્ ચિત્તવૃત્તિઓનો નિરોધ તે યોગ કહ્યો અને ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવાથી **तदा द्रष्टुः स्वरुपेऽवस्थानम्** । જ્યારે ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવામાં આવે છે ત્યારે દષ્ટા રૂપ આ આત્મામાં પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. પરંતુ જૈનશાસ્ત્ર જાણે એવું કહેતું હોય કે યોગોયોગનિરોધઃ એટલે સાવદ્ય યોગને બંધ કર્યા એટલે સ્વાભાવિક રીતે મન–વચન–કાયા પુણ્યપંથે વહે છે અને મન, વચન, કાયાને આત્મ ભણી વાળ્યા એટલે યોગનિરુદ્ધ થઇ શુદ્ધાત્મા કે પરમાત્માનું સ્વરૂપ પ્રગટ થાય છે.

अहिंसा परमो धर्मः એમ કહેવામાં આવે છે, હિંસા ન કરવી એ સહેલું છે. છતાં એમ કહેવું પડયું છે કે આપણને એમ કરવું ઘણું કઠિન લાગે છે. ન કરવું એ ઘણું કઠિન છે. હિંસા કરવાની ટેવ–હિંસા ન કરીને દૂર કરવાની છે. જીવ ક્રિયા વિના રહી શકતો નથી. જ્યારે હિંસા કરવાનું બંધ કરવામાં આવે કે એ જ જીવ અહિંસા કરવાની ક્રિયા કરે છે. જે જીભે મનુષ્યો ગાળ આપે છે, એ જ જીભે મનુષ્ય આશિષો આપી શકે છે. જેને બોલવાની ટેવ છે એ ખોટું બોલવાનું બંધ કરે કે સાચું બોલવાનો જ. એ જ પ્રકારે પાપ

કરવાનું બંધ થાય કે મન-વચન કાયાના યોગ સ્વભાવિક રીતે પુણ્ય વ્યાપારમાં જોડાઈ જાય છે, દાખલા તરીકે **ઇરિયાવહિ** સૂત્રમાં જે દશ પ્રકારે વિરાધના ગણાવી છે એ વિરાધના બંધ થઇ જીવમાં સ્વભાવિક રીતે સમભાવ કે આત્મભાવ જાગ્રત કરે છે અને આત્મભાવ જાગ્રત થયો કે એ જીવોની આરાધના કરવા માંડે છે.

વિરાધના કરી જીવ જ્યારે નરકગતિ સાધતો હતો ત્યારે આરાધના કરવાની ભાવનાથી-સર્વ જીવોની આરાધના કરવાની ભાવનાથી કાંતો તે **પુણ્યાશ્રાવકની** સામાયિકે પહોંચે છે કે તીર્થંકર રૂપ પુણ્ય ઉપાર્જન કરે છે.

સંસારમાં ઉચ્ચમાં ઉચ્ચ પદવી પામવી, અને પરલોકમાં પણ ઉત્તમોત્તમ સ્થિતિએ પહોંચવું તેનું કારણ આત્મદષ્ટિ છે. આ વાત વારંવાર સ્મરણ આપ્યા વિના આગળની ઉચ્ચતર સ્થિતિઓનું દર્શન કરાવી શકાતું નથી, એટલા માટે શરીર અને આત્માનો સંબંધ દેખાડનાર એક દષ્ટાંત આપી આજનું વ્યાખ્યાન સમાપ્ત કરીશું.

અક્ષરોમાં કેટલાએક સ્વરો Vowels અને કેટલાએક વ્યંજનો Consonants છે. ચાર અક્ષરો લઇએ, એટલે કે કા, ખા, ગા, ઘા, તેમાંના પ્રત્યેકને લંબાવીએ એટલે કે કા......આ-આ-આ, આ-એજ પ્રકારે ખા, ગા, ઘા ને લંબાવતા, ક્, ખ્, ગ્, ઘ્ નો સહેજ ઉચ્ચાર થઇ રહી જશે, પણ **આ** ચાલ્યાજ કરશે. હવે આને આ રૂપ સ્વરૂપને આપણે આત્મા ગણીએ અને ક, ખ, ગ, ઘ જેમાં **આ** આવેલો છે તેને વ્યંજન ગણીએ તો જેમ ક, ખ, ગ, ઘ સ્વર વિના રહી શકતા નથી તેમ આત્મા વિના શરીર રહેતાં નથી. **આ** નીકળી જતાં ક, ખ, ગ, ઘ ખોડા લખાય છે અને બરોબર બોલી શકાતા નથી; કારણ કે તેમાં સ્વરૂપ આત્મા નથી. આટલા માટે ધર્મક્રિયાના જિજ્ઞાસુઓએ શરીરને-ક્ષુલ્લચંદને વ્યંજન જેવો ગણવો જોઇએ, અને શરીરમાં રહેલા આત્માને શાશ્વત સ્વર જેવો ગણવો

જોઇએ. જ્યાં સુધી આપણે શરીરને એટલે લાલનને હું સમજીશ ત્યાં સુધી આપણે કીડી જેવા હોઇશું, અને કર્મો તે મોટા પહાડ જેવા જણાશે; પરંતુ જ્યારે આત્મા કે પ્રશામ હું છું એવું Conviction કે પ્રતીતિ થશે કે realization કે સાક્ષાત્કાર થશે એટલે કર્મો રૂપ પત્થરાઓ કાંકરા થઇ આપણે હાથી જેવા છીએ એમ કાંતો દેખાશે અગર જો આત્મામાં સ્થિર થયા તો રફતે રફતે કર્મ રૂપ પર્વતો ઉપર આપણે વજ્ર હોઇએ એમ જણાઇ રહેશે. આટલું કહી આજનું વ્યાખ્યાન અહીં રાખીશું. આવતી કાલે સામાયિકના સૂત્રો પર અને તેમાં આવેલી ખૂબીઓ ઉપર વિશેષ વિવેચન કરશું.

વ્યાખ્યાન ત્રીજું. તા. ૧૬–૭–૨૭
આત્મપ્રિય બાંધવો.

કાલે આત્મા અને દેહનો સંબંધ બતાવતાં કહ્યું હતું કે દેહ એ વ્યંજન જેવો છે, અને આત્મા એ સ્વર જેવો છે. આજે એ દૃષ્ટાંતમાં થોડો ફેર કરવો પડશે. આત્મા જ્યાં સુધી તેની પૂર્ણ શુદ્ધ સ્થિતિમાં ન આવે–એના પૂર્ણ વિકાશે ન પહોંચે–પૂર્ણ આત્મ સ્વરાજ્ય ન મેળવે–જે અનંત ગુણો પામ્યા પછી કોઇ પણ ગુણ પામવાનો ન રહે–અનંત ગુણોમાંના પ્રત્યેક ગુણો અનંતા ન પામે ત્યાં સુધી તે ખરેખરો સ્વર જેવો કહેવાય નહિ, માટે આપણે અક્ષરોના હવે ત્રણ વિભાગ પાડીશું. એટલે કે દેહને આત્મા ગણનાર–બહિરાત્મા એ વ્યંજન જેવો છે, જીવને આત્મા ગણનાર અર્થાત્ સકર્મ આત્માને આત્મા ગણનાર એટલે અંતરાત્મા એ સ્વર જેવો નહિ પણ જ્યાં સુધી તેમાં કર્મ રૂપ–કષાય રૂપ ભાવ છે ત્યાં સુધી તેને અર્ધસ્વર ગણીશું, એટલે કે ય્, ર્, લ્, વ્ જેમ અક્ષરોમાં Semi Vowel કે અર્ધસ્વર ગણાય છે તેમ અંતરાત્માને અર્ધસ્વર જેવા લેખાશું.

અને આપણે જાણીએ છીએ કે ય્, ર્, લ્, વ્ રૂપ અર્ધસ્વર પણ સંપ્રસારણ ભાવ પામતાં ઇ, ઉ, ઋ, ૡ જેવા ચોખા સ્વર

થઇ જાય છે તેમ જીવભાવમાંથી જ્યારે કર્મભાવ સદંતર ઉડી જાય છે ત્યારે ચોકખા સ્વર કે અ, ઇ, ઉ, ઋ, લ જેવો ચોકખો શુદ્ધ આત્મા કે પૂર્ણ વિકાસી થઇ રહે છે. એક અધ્યાત્મરસિક મહાત્મા કહે છે કે **नाहं नारकीं नाम, न तिर्यचनापि मानुषः। न देवः किंतु सिद्धात्मा सर्वोऽयं कर्मविभ्रमः॥**

હું નારક નથી–નથી હું તિર્યંચ, નથી મનુષ્ય, અને નથી હું દેવ. નારક, તિર્યંચ, મનુષ્ય, દેવ એ હું નથી પણ નામ કર્મ છે–નામકર્મની પ્રકૃતિ છે. હું તો સિદ્ધાત્મરૂપ છું, સિદ્ધાત્મા એ જ મારૂં ખરૂં સ્વરૂપ છે.

એક વેળા સાંજની વખતે ૬ાા અને ૭ નો ટાઇમ હતો, રસ્તામાં એક માણુસે સપને જોયો; જોતાં જ તેને ભય ઉત્પન્ન થયો. તેણે બૂમ પાડી કે સર્પ છે! સર્પ છે! થોડીવારમાં પાંચ પચાસ માણુસો એકઠાં થઇ ગયાં અને કેટલાએક તો બુમો પાડવા લાગ્યાં કે સાણુસો લાવો. એટલામાં આ ભયભીત થયેલા મનુષ્યોના ટોળામાંથી એક મનુષ્ય દોડયો, અને ફાનસ લાવ્યો. બીજાઓ સાણુસો લેવા ગયા. પરંતુ આ ફાનસ લાવેલા મનુષ્યના દીવાથી જણાઇ આવ્યું કે તે સર્પ નથી પણ દોરડી છે. એ જ વખતે હાજર રહેલા મનુષ્યોમાંથી ભય ભય પામી ભાગી ગયો. એ જ પ્રકારે આપણે જીવોને–મનુષ્ય, તિર્યંચ, નારકી કે દેવ તરીકે જોઇએ છીએ, ત્યારે ક્રોધ, માન, માયા, લોભ, મોહરૂપો સર્પો કે વિકારો આપણા મનોભાવને, આત્મભાવને બગાડી નાંખે છે–વિક્ષિપ્ત કરી નાંખે છે અને તેથી આપણે ખરેખરી વસ્તુ અર્થાત્ આત્મદ્રવ્ય દેખતા નથી: પરંતુ સામાયિકરૂપ ફાનસ લાવનાર મહાત્મા આપણને દેખાડી આપે છે કે–દેખાડી આપશે કે આ જીવો શરીરો નથી–કષાય કે કર્મો નથી એટલે મનુષ્ય તિર્યંચ નથી, પણ આત્મા છે. એવું જોતાં જ આપણા રાગદ્વેષરૂપ ભય અને આસક્તિ ચાલી જશે. આત્મા પોતાના શુદ્ધ સ્વભાવમાં સર્વ આત્માઓ સાથે સમભાવે રહી અનંત આનંદને પણ અનુભવશે.

પરમાત્માને વીતરાગ શા માટે કહેવામાં આવ્યા? જો કે પરમાત્મા તો વીતરાગ અને પૂર્ણ સમભાવવાળા છે, સર્વ આત્માઓને પોતાના સમાન ગણનારા છે. દેહના કે કર્મના ભેદથી જીવો જુદા જુદા નાના મોટા, હળવા ભારે, જીવતા મરતા, કાળા–ગોરા ઉંચા નીચા જણાય છે, પણ આત્મદષ્ટિએ સર્વ આત્માઓ સમાન છે શરીરને લઇને જેને આપણે ભૂલથી વનસ્પતિ તરીકે–કીડી તરીકે મનુષ્ય તરીકે–ચક્રવર્તી તરીકે કે ઇંદ્ર તરીકે ગણીએ છીએ તે સર્વમાં આત્મા સમાન છે. કોઇમાં પણ આત્માનો એક પ્રદેશ વિશેષ કે ઓછો નથી. કીડીમાં અને હાથીમાં સમાન છે. કીડીમાં સંકુચિત જણાય છે અને હાથીમાં વિકસિત. જેમ રબરનો કટકો સંકુચિત અને વિકસિત થાય છે તેમ આત્મપ્રદેશો તો સંકુચિત હોય કે વિકસિત હોય પણ સમાન હોય છે. આટલા માટેજ **करेमि सामाइयम्।** એટલે જ્યાં સુધી મને સામાયિકની પ્રતિજ્ઞા છે ત્યાં સુધી જગતના તમામ જીવોને–ચોર્યાસી લાખ જીવયોનિના સર્વ જીવોને મારા સમાન ગણીશ એટલે કે એ સર્વ જીવોમાં એવો ભાવ રાખીશ કે મને વર્ધમાનમાં જેવો ભાવ છે તેવો જ ભાવ હું સર્વ જીવમાં રાખીશ. આ સમભાવથી નથી રાગ થતો કે નથી દ્વેષ થતો, તેથી જ પ્રભુ વીતરાગ છે અને વીતદ્વેષ છે.

હવે પ્રભુ વીતરાગ અને વીતદ્વેષ હોવા છતાં એટલે રાગદ્વેષ રહિત હોવા છતાં એને વીતરાગ શા માટે કહેવામાં આવ્યા છે તેનો વિચાર કરીએ. દ્વેષ કરતાં રાગને જીતવો બહુ મુશ્કેલ છે, ધર્મવ્યાપાર દ્વેષને અટકાવી શકે છે પરંતુ રાગને ધર્મવ્યાપાર પણ કેટલીક વેળા અટકાવી શકતો નથી. આ વાત સ્પષ્ટ સમજવા એક ઉદાહરણ લેશું.

એક વેળા પૌષધ નામની ધાર્મિક ક્રિયામાં એટલે આખા દિવસની સામાયિકમાં સોએક માણસો રોકાયેલાં હતાં, તેમાં એકનું

નામ ફુલચંદ હતું, મધ્યાન્હ પછી એક જગજીવન નામનો મનુષ્ય આવ્યો અને આવીને ફુલચંદ પર ગાળોનો વરસાદ વરસાવવા લાગ્યો. મુનિરાજ બેઠા હતા. પૌષધમાં આવેલાં મનુષ્યો પણ પોતાનાં ધાર્મિક ઉપકરણો સાથે બેઠા હતા, આ બધાંને જોઇને ફુલચંદ પોતે પૌષધમાં હોવાથી કાંઇ પણ બોલ્યા નહિ, અર્થાત્ ધાર્મિક ક્રિયાએ તેને દ્વેષ કરતાં જગજીવનની સામે ગાળો આપતાં અટકાવ્યો. ધાર્મિક અનુષ્ઠાને દ્વેષ થવા ન દીધો. કંઈ પણ જવાબ ન મળવાથી અંતે જગજીવન થાકી જ્યારે ચાલ્યો ગયો ત્યારે શું બન્યું તે હવે આપણે જોઇએ.

મુનિમહારાજ તેમજ પૌષધની ક્રિયા કરનારા મનુષ્યો ફુલચંદ ભાઈની શાન્તિનાં–ધીરજનાં વખાણ કરવા લાગ્યા. ફુલચંદભાઇ મનમાં ફુલાયા અને તે કોઇએ જાણ્યું નહિ, ધાર્મિક ક્રિયા કરતા હતા. કટાસણું–મુહુપત્તિ, ચરવળો, ગુરુ મહારાજ અને પૌષધ કરનારા બાંધવો એ ધર્મનાં સાધનો હતાં, તે છતાં તેના વખાણ થયાં ત્યારે ફુલચંદભાઇ ખુશી થયા વિના રહી શક્યા નહિ; કારણ કે ફુલચંદ-ભાઇ તે વખતે સમજી શક્યા નહિ કે તે તે વખાણ આત્માના થતાં નથી, પણ યશનામ કર્મનાં થાય છે, માટે મારે તેમાં મોહ પામવો જોઇએ નહિ. આ ઉપરથી શ્રોતાઓ સમજ્યા હશે કે–વક્તા જાણતો નથી કે તેઓ કાદવ જેવું ચોકખું clear as mud કે clear as crystal કે સ્ફટિક જેવું એ તેને ખબર નથી, પરંતુ વક્તાને લાગે છે કે દ્વેષ કરતાં રાગ જીતવો મુશ્કેલ બહુ હોવાથી એ રાગને પણ જીતનાર મહાત્માને વીતરાગ ગણી આપણે પરમાત્મા પણ ગણ્યા. એવા રાગદ્વેષ રહિત પણ સર્વમાં સમભાવ રાખવા શીખવાની કોઇ પણ કળા હોય તો વક્તાને તો અનુભવ થઇ રહ્યો છે કે એ **करेमि सामाइयम्** છે–અર્થાત્ સામાયિક છે.

કારણ કે સામાયિક પાળવાનું સૂત્ર બોલતાં **बहुसो सामाइअं कुज्जा**–એનો અર્થ જો કે ઘણી વાર સામાયિક કરવાં એવો થાય

છે તથાપિ વક્તાને એવું સ્ફુર્યું કે બહુ પ્રકારે એટલે નાના પ્રકારે સમભાવ જેમાં ઉત્પન્ન થાય એવાં સામાયિક કરવાં. આ ભાવના થતાં મિત્રરત્ન મોહનલાલ દલીચંદ ભાઇએ યોજેલું સામાયિકનું પુસ્તક હાથે ચડ્યું. એમાં આઠ–પ્રકારે સામાયિક કરવાનાં લખ્યાં છે. એટલે કે સમભાવ સામાયિક, સમયિક એટલે દયા ભાવ, સામાયિક, સમવાદ=સત્યવાદ, સમાસ=ટુંકામાં થોડા શબ્દોમાં સમાયિક, ઉપશમ વિવેક સંવર નામના ત્રણ પદમાં સામાયિક, સંક્ષેપ સામાયિક અનવદ્ય અથવા પાપરહિત સામાયિક, પરિજ્ઞા અથવા કોઇ એક પદાર્થ ઉપર વિચારણા કરતાં ઉત્પન્ન થતું સામાયિક અને પ્રત્યાખ્યાન સામાયિક–આવાં આઠ પ્રકારનાં સામાયિક તેમાં જોવામાં આવ્યાં. આમાંથી પહેલું સમવાદ અને સાતમું પરિજ્ઞા સામાયિકમાં થોડું પરાવર્તન કરી બે સામાયિક કરવા માંડયા, અને એ બન્ને સામાયિકની ખૂબી વક્તા તમારી પાસે મૂકવાને માટે પ્રયત્ન કરે છે. સમભાવ સામાયિકનું દ્રષ્ટાંતઃ—

હર્ષપુર નગરમાં નામનો મહા બળવાન રાજા રાજ્ય કરે છે. જરાસિંધ રાજાને સહાય કરવા પોતાનું લશ્કર લઇ પોતાના નગરમાંથી જરાસિંધની નગરીએ જાય છે. દરમિયાન દમદંત રાજાની ગેરહાજરીમાં હસ્તિનાપુરના રાજા પાંડવો, કૌરવો હર્ષપુરને જીતી લે છે. દમદંત રાજા પાછા ફરતાં પોતાની નગરીને જીતેલી જોઇ પાંડવ, કૌરવ સાથે યુદ્ધ કરી, તેઓને પોતાના નગરમાંથી હાંકી કાઢે છે. કેટલાએક વર્ષ પછી એક દિવસે પોતાના મહેલના ઝરૂખામાં સંધ્યાકાળે દમદંત રાજા બેઠેલા છે. એવામાં તેઓની દષ્ટિ આકાશ ભણી જાય છે. તેને નાના પ્રકારના સુંદર આકૃતિવાળા વાદળાં જોવામાં આવે છે, એ વાદળાંઓની રમણીયતા ઉપર મોહિત થાય છે. થોડોક સમય જતાં પવન વાય છે. વાદળાં વિરૂપ થઈ વિખરાઈ જાય છે. એ જોઇને રાજાને ખેદ થાય છે, અને વિચાર કરે છે કે શું આ

પ્રમાણે આ સુંદર દેખાતો મારો રાજમહેલ, મારી રાણીઓ મારો વૈભવ આ મારૂં શરીર એ પણ કાળ નામના પવનના ઝપાટાથી વિરૂપ થઈ નાશ પામશે. હા ! સકળ જગતની સકળ સુંદર વસ્તુઓ કાળના ઝપાટાથી અસુંદર થઈ નાશ પામે છે. જે આ વસ્તુમાં દેખાય છે તે ખરી સુંદરતા નથી પણ આગંતુક છે. ત્યારે એ ખરી સુંદરતાનું સ્થાન ક્યાં છે. આમ વિચાર કરતાં કરતાં તેમની દૃષ્ટિ બાહ્ય પદાર્થો ઉપરથી નિવૃત્ત થઇ અંતર દૃષ્ટિ થાય છે અંતરદૃષ્ટિ થતાં સુંદરતાના આધાનરૂપ આત્માની ઝાંખી થાય છે. પછી આંતરધ્યાને ચઢતાં એ સુંદરતા અવિનાશી છે કે કેમ—એ સુંદરતા જે આત્મામાં દેખાય છે તે બાહ્ય વસ્તુની પેઠે વિનાશી છે કે અ-વિનાશી તેની શોધ કરવા દમદંત રાજા રાજ્ય પોતાના યુવરાજને આપીને દીક્ષા ગ્રહણ કરે છે. આત્મનિરીક્ષણને માટે દીક્ષા ગ્રહણ કરનારા મહારાજ દમદંત ત્યાર પછી વિહાર કરતાં કરતાં હસ્તિ-નાપુરના સીમાડા સુધી આવી પહોંચે છે અને ત્યાં કાઉસગ્ગ મુદ્રાએ ઉભા છે. એવામાં પાંડવો ઘોડેસ્વાર થઇ પોતાના બગીચા ભણી જાય છે, તેઓની દૃષ્ટિ ગામ બહાર આવતાં શ્રીદમદંત મુનિરાજ ઉપર પડે છે. તેઓ મુનિરાજ પાસે આવે છે, અને પોતા ઉપર વિજય મેળવનાર આ સમર્થ મુનિરાજને કાઉસગ્ગ મુદ્રાએ જોઇ તેઓનાં મનમાં ભક્તિભાવ ઉદ્‌ભવે છે. મુનિરાજની પ્રદક્ષિણા ફરી નમન કરી સ્તુતિ કરી પોતાના બગીચા ભણી વિચરે છે. થોડીવાર પછી કૌરવો એ જ પ્રકારે ઘોડેશ્વાર થઇ ત્યાંથી ચાલ્યા જાય છે. નગરની બહાર આવતાં તેઓને પણ આ મુનિરાજ નજરે ચઢે છે. મુનિરાજ ભણી જાય છે, અને પોતાના પર પૂર્વે જય મેળવનાર આ મુનિરાજને જોઇ તેઓનાં હૃદયમાં દ્વેષ ઉદ્‌ભવે છે તેથી તેઓ મુનિ-રાજ તરફ બીજોરાં ફેંકે છે તે જોઈ તેમના માણસો પણ ઇંટ ઢેખાળાં–પત્થરા વિગેરે નાખી મુનિરાજની આસપાસ ઓટલો જેવો કરી મુકે છે. પાંડવો કેટલોક વખત ગયા પછી પોતાના બગીચામાંથી પાછા ફરે છે, મુનિરાજને સીમાડામાં નહિ દેખી આસપાસ રહેલાં

ગોવાળાને પૂછે છે. ગોવાળાઓ બનેલી હકીકત જાહેર કરે છે પાંડવો ઈંટ પત્થરો, ઢેખાળાં મુનિરાજની આસપાસથી ખસેડી નાંખે છે. કૌરવોએ કરેલી આશાતનાથી ખેદ પામે છે. મુનિરાજની આવી ધીરજ જોઇ પુનઃ સ્તુતિ કરે છે. અને નગર તરફ પ્રયાણ કરે છે.

આ પ્રકારે અર્થાત્ પાંડવોએ કરેલા યશોગાન અને કૌરવોએ કરેલી નિર્ભત્સના–આશાતના એ ઉભય ઉપર દમદંતરાજા શો વિચાર કરે છે તે જોઇએ.

જૈન psdycology કર્મગ્રન્થ એમ કહે છે કે પાંડવોએ કે કૌરવોએ દમદંતરાજાનો યશ કે અપયશ કર્યો નથી, પણ દમદંત રાજાના પૂર્વ કર્મોએ–યશનામ કર્મોએ પાંડવો દ્વારાએ સ્તુતિ કરાવી; અને અપયશ નામ કર્મોએ કૌરવો દ્વારા અપમાન કરાવ્યું. આ પૂર્વે કરેલાં મારાંકર્મનાં ફળ છે. દમદંતરાજા વિચાર કરે છે કે, કર્મોને દેખા-ડનાર પાંડવો કૌરવો તો મને ઉપકારી છે. એમણે જો માન, અપમાન નહિ કર્યું હોત તો મારા યશ, અપયશ કર્મને હું કેવી રીતે જાણી શકત ? માટે તેઓનો ઉપકાર માની આ કર્મોને સહન કરી લઉં. તેઓશ્રી સન્માનને અને અપમાનને સહન કરી કર્મનો ક્ષય કરે છે. અને આત્માને નિર્મળ કરે છે. આ પાંડવ કૌરવો ઉપર દમદંત રાજાએ રાખેલો સમભાવ એને Jainlogy જૈન આત્મવિદ્યા સમભાવ સામાયિક કહે છે, આ સમભાવ સામાયિકથી આપણને સમજાયું હશે કે વિનાશી વાદળાં ઉપર વિચાર કરતાં અવિનાશી આત્માનો દમદંતરાજાને બોધ થાય છે. એને જૈન પરિભાષામાં પ્રત્યેક બુદ્ધ કહે છે, અને જ્યારે રાગદ્વેષનો માન અપમાનનો ક્ષય કરે છે ત્યારે સમભાવ વડે કેવળ જ્ઞાનાદિગુણો–પૂર્ણ ગુણો આત્મામાં વિકસે છે.

સામાયિકના પ્રત્યાખ્યાનમાં तस्स भंते प[illegible]मामि એવું એક પદ આવે છે, અને એનો ભાવ એવો છે કે આત્મા પોતાના સ્વભાવને છોડી વિભાવમાં ગયો હોય, ત્યાંથી પાછો સ્વભાવમાં લા-વવો. આને અંગ્રેજીમાં confession કહે છે. અને જૈન પરિભાષામાં

પ્રતિક્રમણુ કહે છે. આત્મદષ્ટિ થયા વિના પોતાના દોષો ઘણા જીવો પ્રગટ કરી શકતા નથી. મહાત્મા ગાંધી સત્યના પ્રયોગો નામની પોતાની આત્મકથામાં લખે છે, તેમાં જૈનના પ્રતિક્રમણુની-વિચારકોને ઝાંખી થયા વિના રહેતી નથી. દોષો કબૂલ કરવા અને હવે પછી ન કરવા અને એમ કરી આત્માને નિર્મળ કરવાના જિજ્ઞાસુઓ અકર્મક ક્રિયાપદ Intransitive કે verb Passive સભ્ભેદ વિશેષતઃ-વાપરવા નહિ. વક્તાના મિત્ર સ્વ૦ કાન્ત વિશેષે કરી આ પ્રયોગ કરતા હતા. દાખલા તરીકે તેમના પુત્રને તેમણે પૂછ્યું કે ખડીઓ કેમ પડયો ? પુત્રે જવાબ આપ્યો, બાપુજી, હાથમાંથી પડી ગયો. તેમણે કહ્યું કે એમ કહે કે મેં પાડી નાંખ્યો, ખડીઆમાં પોતાની મેળે પડી જવાની શક્તિ નથી. મેં વિચાર પૂર્વક-જ્ઞાનપૂર્વક ખડીઓ બરોબર હાથમાં પકડયો નહિ એટલે તે પડયો, એમ તારે કહેવું જોઇએ. આ પ્રકારે આપણે પોતાનો દોષ સ્વ. કાન્તના પુત્રની પેઠે કાંતો કબૂલ કરતા નથી અને કાંતો બીજા કોઇ ઉપર એ દોષો પાડીએ છીએ. અને એથી કરીને આપણા આત્મામાંથી દોષનિવૃત્તિ થતી નથી, અને દોષનિવૃત્તિ વિના આત્મા પોતાનો વિજય કરી શકતો નથી-વિઘ્નો ઉપર જય મેળવી શકતો નથી.

દેહદષ્ટિ ગયા પછી અંતરાત્મ દષ્ટિ થતાં આપણે કર્મના ક્ષેત્ર ઉપર કાર્મણુ દેહમાં થતા નાના વિકારોમાં પડીએ છીએ. ઘણાએક વિદ્વાનો પણ મનને દોષ આપતા જણાય છે; જેમકે એક વિદ્વાન કવિ ગાય છે કેઃ—

મન તું ગમાર થા માં,
દોષમાં દબાઇ જા માં.

મન તેને જવાબ આપે છે કે પ્રભુ ! હું ગમાર નથી. હું તો જડ છું તમે પોતેજ મને દોષમાં પકડો છો, અને પછી મને ગમાર કહો છો. તમે શિખરે ચઢાવો તો હું જડ મન સ્વર્ગને શિખરે ચઢું છું, અને નરકની ખાઈમાં પટકો તો હું નરકમાં પડું છું. તમારી પ્રેરણા વિના મારાથી કાંઇ થતું નથી. આમાં દોષ કે ગુણુ તમારો

છે. મારામાં તમે આરોપો છો માટે તમારે **પડિક્કમામિ** કહેવું જોઇએ.

કેટલાએકો લક્ષ્મીને દોષ આપે છે. અને લખે છે અને વદે છે કે જગતમાં કલહનું મૂળ લક્ષ્મી છે. લક્ષ્મી પણ ચૈતન્યને કહે છે કે હું તો જડ છું. મારો દુરૂપયોગ તમારા હાથમાં છે, મારામાં હું જડ હોવાથી ગુણ દોષ નથી. દોષ અને ગુણનો આરોપ તમે મારામાં કરો છો. હું લક્ષ્મી છું. તમે લક્ષ્મીના પતિ છો. હું નારી છું. તમે નારાયણ છો, અને તમારી આજ્ઞા પ્રમાણે મારે તો ચાલવું રહ્યું, માટે પ્રભુ તમારા દોષને માટે તમારે પ્રાયશ્ચિત કરવું જોઇએ. પ્રતિક્રમણ કરવું ઘટે અને Confession કરવું જોઇએ.

કેટલાએકો-કેટલાએક શાસ્ત્રજ્ઞો પણ જાણે છે પોતે દોષરહિત હોય તેમ કર્મને દોષ આપે છે. કર્મ તો-કર્મપરિણામ રાજા તો વિચાર કરતાં જણાય છે કે નિષ્પક્ષપાત જડ Judge જડજના જેવા દેખાય છે. આત્મારૂપી મહારાજના રાજ્યમાં-સ્વરાજ્યમાં-self-governmentમાં કોઈ યથાર્થ વ્યવસ્થા રાખનાર government ચલાવનાર હોય તો તે કર્મરૂપ અદલ ઈન્સાફી ન્યાયાધિશ છે. તીર્થંકર જેવાઓને પણ દોષની શિક્ષા અને ગુણના પારિતોષિક આપ્યા વિના રહેતો નથી. મહારાજાના ન્યાયાધિશપણાનું કાર્ય જે નિષ્પક્ષપાતપણે કરતો હોય તે સર્ટિફિકેટ મેળવવાને માટે લાયક હોય કે ઠપકાને! કર્મ રીસાઇને આત્માને કહે છે કે મને પેન્સન આપો. મારે તમારી સેવા કરવી નથી. આપ શ્રોતૃ બાંધવો ઉપમિતિ ભવ-પ્રપંચના પ્રસ્તાવોને લક્ષ્યપૂર્વક વાંચશો તો આ વક્તાનું કર્મના સંબંધમાં જે કહેવું છે તે clear as mud ના જેવું નહિ પણ clear as light ના જેવું થઇ જશે મનુષ્યમાં એવી હિંમત આવવી જોઇએ કે એણે પોતાનો પૂર્ણ-વિકાસ કરવો હોય તો જડ એવા મનનો લક્ષ્મીનો કે કર્મનો દોષ ન કાઢતાં-જડમાં ન આરોપતાં જે

દોષો પોતાના છે એમ પ્રગટ રીતે Confession કરી–પ્રતિક્રમણ કરી આત્માને સામાયિક વડે શુદ્ધ કરવો જોઇએ.

આત્મપ્રતીતિ સામાયિકમાં કેવી થાય છે તે સંબંધી હવે વિચાર કરીએ. Whether the Conviction of the soul is possible or not, let us see. નૈષધિક રીતે એ negatively જોતાં એટલું તો માલુમ પડે છે કે આ શરીરરૂપી ખોખામાં આપણે હોઇએ છીએ ત્યારે શરીર પણ કેવી સ્થિતિમાં હોય છે, અને જ્યારે નથી હોતા ત્યારે તે કેવી અમાંગલિક સ્થિતિમાં હોય છે. આ ચામડીમાં જે ચકચકાટ ભાસે છે એ શાનો છે. કંઇક આ શરીરમાં આપણે છીએ–અને તેને લઇને આ શરીર માંગલિક દેખાય છે.

વળી આપણે positively વિધાયક દૃષ્ટિએ જોઇએ તો પણ પ્રતીતિ થાય છે કે શરીરરૂપી ગૃહમાં પ્રકાશરૂપે આપણે કંઇક છીએ.

જુઓ ! આપણે ૯–૩૦ વાગે સુવા ગયા પાંચેક મિનિટમાં આપણે સુઇ ગયા ૯–૪૦ મિનિટે આપણને સ્વપ્નું આવ્યું, જાણે કે એક મહેલની અંદર આપણે ગયા છીએ, તેના દિવાને ખાસમાં આપણે બેઠા છીએ. ઘણા મનુષ્યો અને અમલદારો તથા મહારાજા વિગેરે આપણે દેખીએ છીએ. ખુરસીઓ, કબાટો તથા તક્તાઓ અને નાના પ્રકારના નાટારામો આપણે જોઈ રહ્યા છીએ. હવે જરા વિચાર કરો કે સ્વપ્નામાં આપણી આંખો તો બંધ છે. ત્યાં દીવો ક્યાં હતો કે જેથી આ બધું દેખાયું ઝુમર, દિવાના લટકાવેલા ક્યા પ્રકાશથી આપણે જોયા ? જે પ્રકાશવડે આપણે આ બધું જોઇ શક્યા આંખો બંધ હોવા છતાં જોઈ શક્યા એ પ્રકાશ કોનો ? એ જ આત્માનો પ્રકાશ હોવો જોઇએ. જાગૃતમાં એ જ પ્રકાશથી આપણે જોઇએ છીએ. સૂર્યના પ્રકાશને પણ આપણો આત્મા પ્રકાશ આપી રહ્યો છે તેમ જ સુષુપ્તિમાં પણ–deep sleepમાં પણ આપણો આત્મા ઝગમગી રહે છે. જાગૃત સ્વપ્ન કે સુષુપ્તિ એ ત્રણે અવસ્થાને ભેદીને રહેલો આત્માનો પ્રકાશ કદી બુઝાતો નથી. હા ! મોહનાં આવરણો આવે

છે. કષાયનાં વાદળાંથી ઢંકાય છે, કર્મરૂપ સર્પના વિષથી વિષમય બને છે. તથાપિ એ જ આત્મા પોતાનું સ્વરૂપ સમજે, પોતાનું બળ ખોજે–નિહાળે તો કર્મરૂપી સર્પને કષાયરૂપી વાદળાંઓને અને મોહરૂપી અંધકારને તે દૂર કરે છે, આવું આવું ઘણુંએ સામાયિકમાં જણાય છે. સામાયિક એ જ આત્મા છે. શ્રીયશોવિજયજી કહે છે કે **सामायिक ते ही आत्मा, धारो शुद्धो अर्थ, नि[illegible] उपयोगमां नहि कर्मनो चारो** । વિગેરે. એક રોમન ફીલ્સુફ પણ કહે છે કે–Notali of meshall die–મારો સદંતર નાશ થવાનો નથી. ફ્રેન્ચ ફીલોસોફર પીસ્કલ–Piscal કહે છે કે કેટલાંએક એવાં વિષો છે કે એક ગ્રેનનો આઠમો ભાગ મનુષ્યને મારી નાંખે છે. પરંતુ એ ગ્રેનના આઠમા ભાગના વિષને ખબર નથી કે હું મારી નાંખુ છું. મનુષ્યમાં રહેલા આત્માને ખબર છે કે આ શરીર છોડીને હું જાઉં છું. એ જ આત્માની વિશેષતા છે.

હવે કર્મ કરતાં એ આત્મા બળવાન કેમ છે તે આપણે જોઈએ. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે આ ચોર્યાસી લાખ જીવયોનિમાં એકેકી યોનિમાં એક એક Class માં આપણે અનંતવાર ગયા છે. નારકીના સાગરોપમ અને દુઃખો–તિર્યંચના દુઃખો આપણે અનંતી વખત સહન કર્યાં. એ બધાં દુઃખોનો નાશ થયો પણ તમે અને હું નારકી તિર્યંચ દેવતાનાં સાગરોપમ અને પલ્યોપમનાં સુખ દુઃખો ભોગવ્યા છતાં હજી કાયમ છીએ, દુઃખોનો નાશ થયો પરંતુ એ કર્મોનો નાશ કરનાર આત્મા મનુષ્યના ઉત્તમોત્તમ ક્ષેત્રમાં આવી ચડયો. આટલું તો અજ્ઞાનપણામાં અકામનિર્જરાએ તે કરી શક્યો તો હવે સકામનિર્જરાએ મનુષ્યમાં રહી ત્રણે લોકને પર એવી ઉત્તમોત્તમ સ્થિતિ પણ કેમ ન પામી શકે? કહે છે કે બધાં કર્મોમાં મોહની કર્મ મોટામાં મોટું છે. સીત્તેર કોડાકોડી સાગરોપમની તેની સ્થિતિ ગણાય છે, તથાપિ આપણે સમજીએ છીએ કે સીત્તેર કોડાકોડી સાગરોપમનો છેડો પણ આવે છે, કારણકે એટલું મોટું હોવા

છતાં તેને Limit છે—હદ છે, અંત છે, અને આત્મા અનંત છે, તેના એકેકા પ્રદેશમાં અનંત કર્મની વર્ગણાઓને હઠાવી દે. છતાં તેનું બળ ક્ષતિ પામતું નથી. એમર્સન કહે છે કે eating-drinking, sleeping, clothing, is not man only, it does not represent him.' Walt Pitman પણ કહે છે કે I am not contained between my boots and hats.' મનુષ્યમાં રહેલો આત્મા Measure છે—માપ છે. અને તે કોઇથી માપી શકાતો નથી, વિચાર કરો કે ગજ મોટો કે તાકો ? મોટા દેખાતા તાકાને ગજ માપી જાય છે. પણ ગજ મપાતો નથી. ઉંચા દેખાતા પર્વત ઉપર મનુષ્ય ચઢી જાય છે, એટલે કે પર્વતની ઉંચાઈ પુરી થાય છે, પરંતુ મનુષ્યની થતી નથી. એક મનુષ્ય રોજ ૮ માઇલ ચાલતો હાલ જણાયેલી પૃથ્વીની આઠ વર્ષમાં પ્રદક્ષિણા કરી વળે; એટલે કે પૃથ્વીના પરિધ કરતાં મનુષ્યના પગની લંબાઇ નહિ ખૂટે તેવી છે. આ પ્રકારે વિચાર કરતાં શાસ્ત્રની વાત સિદ્ધ થાય છે કે ઘણા આત્માઓએ કર્મને—મોહને દૂર કર્યાં છે અને ઉત્તમમાં ઉત્તમ સ્થિતિએ પહોંચ્યા છે. એક અધ્યાત્મી તો એટલે સુધી કહે છે કે આત્મારૂપી સૂર્યની પાસે મોહરૂપ અંધકાર ટકી શકતો નથી.

એવી દંતકથા છે કે એક વેળા અંધકાર ઇંદ્ર મહારાજ પાસે ફરિયાદ કરવા ગયો અને ફરિયાદ રજુ કરી કે મહારાજ સૂર્ય મને ક્યાંયે ટકવા દેતો નથી. ઇંદ્રે કહ્યું, હમણાં તું જા, હું સૂર્યને બોલાવીને ઠપકો આપીશ. એવી કથા છે કે ઇંદ્રે સૂર્યને બોલાવ્યો અને હકીકત રજુ કરી. સૂર્યે જવાબમાં કહ્યું કે અંધકાર ખોટું બોલે છે. મારી પૂંઠે વાત કરે છે. સાચો હોય તો એમને બોલાવો અને મારી સમક્ષમાં કહેવડાવો કે હું એને કાઢી મૂકું છું કે મને જોઇને જ એ પોબાર થઇ જાય છે. આજ પ્રકારે આત્મજ્ઞાનરૂપી ભાણુ તેના સંપૂર્ણ જોસમાં પ્રકાશે છે, એટલે મોહરૂપ અંધકાર જતો રહે છે.

હવે આપણે આત્માની absolute કે સંપૂર્ણ શક્તિઓ સમજવાને પ્રયત્ન કરીએ. પૃથ્વીપર રાત્રિ દિવસ છે. રાત્રિ એ અંધકાર છે. દિવસ એ અજવાળું છે, રાત્રિ એ દુઃખરૂપ છે, દિવસ એ સુખરૂપ છે.

પૃથ્વીની જે બાજુ સૂર્યનો પ્રકાશ હોય છે તેને આપણે દિવસ કહીએ છીએ, અને તેથી ઉલટી બાજુને આપણે રાત્રિ કહીએ છીએ; પરંતુ આપણી સૂર્યમાળામાંથી પૃથ્વીને દૂર કરીએ તો સૂર્યનો પ્રકાશ સર્વત્ર વ્યાપી રહેલો જણાશે અથવા તો આપણે પૃથ્વીથી ઘણે ઉંચે જઈશું તો માલુમ પડશે કે સુર્યાસ્ત કે સૂર્યોદય જેવું કાંઇ નથી. સૂર્ય નિરંતર ઉદયમાન જ હોય છે. આપણે eternal day કે શાશ્વત દિવસમાં હોઇએ. Relative day and relative night–થી પર absolute day માં હોઇએ એવું આપણને જણાશે. આજ પ્રકારે દેહરૂપ પૃથ્વીપર શુભકર્મરૂપી દિવસ, અને અશુભકર્મરૂપી રાત્રિ આપણને દેખાય છે. પણ દેહથી પર એવા આત્મસૂર્યના પ્રકાશમાં આવતાં જ તેની absolute light ની પેઠે આપણે એ a bsolute જ્ઞાન પ્રકાશમાં મ્હાલતા જણાઇ રહીશું.

છેવટે આ સંસારરૂપ મહાસમુદ્રમાંથી તરવાને સામાયિકરૂપ સ્ટીમર આપણે તેમાં બેસીને પ્રવાસ કરવાને માટે મળેલ છે. શ્રી **મહાવીર** આપણા કેપટન છે, અને આપણે મુસાફરો છીએ. સામાયિકરૂપી સ્ટીમરમાં બેસવાને માટે ૪૮ મિનિટ જેટલા ટાઈમની કીંમતથી સામાયિકની ટીકીટ ખરીદીએ, સામાયિકે ચઢીએ તો શાસ્ત્ર કહે છે કે જે સ્થિતિ ઉપર શ્રી **વીર** પહોંચે તે સ્થિતિ ઉપર એ સ્ટીમરમાં પ્રવાસ કરનારાઓ પહોંચે. અનંતો પહોંચ્યા છે, અને અનંતો પહોંચશે

જૈનની ધાર્મિક ક્રિયાઓને ષડ્ આવશ્યક કે છ આવશ્યક કહે છે. એટલે અવશ્ય ધર્મક્રિયા કરવાના છ પ્રકાર. એ છ પ્રકાર શા છે અને કઇ અપેક્ષાએ સામાયિક નામની ક્રિયામાં એનો સમાવેશ પણ

થાય છે એ આપણે પરમ દિવસના એટલે સોમવારના ભાષણમાં જોઇશું. ધૈર્યથી તમે વક્તાનું ભાષણ સાંભળ્યું માટે વક્તા અંતઃકરણપૂર્વક તમારો અને પ્રમુખ સાહેબને આભાર માને છે.

વ્યાખ્યાન ચોથું તા. ૧૮-૭-૨૭.

જ્ઞાનક્રિયાપ્રિય પ્રમુખ સાહેબ, અને આત્મપ્રિય સુજ્ઞ બાંધવો,

રા. રા. મોહનલાલ દલીચંદભાઇએ સામાયિક ઉપર એક વિસ્તારવાળું પુસ્તક લખ્યું છે. હાલ તેઓ સુધારા વધારા સાથે નવીન આવૃત્તિ મુદ્રિત કરાવી રહ્યા છે. એ પુસ્તક અભ્યાસીને માટે ઘણું સારૂં છે. જુદી જુદી દષ્ટિએ શાસ્ત્રમાંથી દોહન કરીને મુનિરાજની સહાયથી એ પુસ્તક રચાયું છે, તથાપિ તેઓશ્રી કહે છે કે સામાયિકો કરીને મેં એ લખ્યું નથી. વળી બીજો એક સુંદર પ્રયત્ન એ વિષય ઉપર થયેલ જોવામાં આવે છે. આત્મબંધુ પ્રભુદાસ બેચરે એ પ્રયત્ન કર્યો છે. તેમનું રચેલું '**करेमि भंते**' નામનું પુસ્તક સામાયિક ઉપર છે. અને એ પુસ્તક તેમણે સામાયિકને અનુભવ કરી રચ્યું હોય એમ જણાય છે. શ્રીમહાવીર સ્વામીના સામાયિકને આદર્શ રાખી તેઓએ સામાયિક ક્રિયામાં મૂકી એ પુસ્તક લખ્યું હોય એમ જણાય છે. હું તમો સર્વને એ '**करेमि भंते**' નું પુસ્તક વાંચવાની ભલામણ કરૂં છું.

શ્રીયુત પ્રભુદાસ બેચર સામાયિકના સૂત્રમાં ૭ એ આવશ્યક આ પ્રકારે સમાયેલાં દેખાડે છે.

૭ આવશ્યક આ નીચે પ્રમાણે છે. એટલે કે—

૧. સામાયિક.

૨. ચોવિસથ્થો,—ચોવીસે પ્રભુની સ્તુતિ.

૩. વંદનક,—ગુરુવંદન.

૪. પ્રતિક્રમણ.

૫. કાઉસગ્ગ.

૬. પચ્ચખાણુ.

તેઓ શ્રી લખે છે કે **करेमि सामाइयं** એ phrase માં સામાયિક આવશ્યકનો સમાવેશ આવેલ છે. **भंते**માં ચોવીસથ્થાનો સમાવેશ થાય છે. **तस्स भंते** એ ભંતેમાં ગુરુવંદનનો સમાવેશ થાય છે. પડિક્કમામિમાં પ્રતિક્રમણુનો સમાવેશ થાય છે. **अप्पाणं वोसिरामि**માં કાઉસગ્ગનો સમાવેશ થાય છે, અને **सावज्जं जोगं पच्चक्खामि** એમાં પચ્ચખાણુ નામના આવશ્યકનો સમાવેશ થાય છે. આ છ એ આવશ્યકો આ પ્રકારે શ્રી વીરે ઉપદેશેલી અને ક્રિયામાં મૂકી સિદ્ધ કરેલી ધાર્મિક ક્રિયાનો વિસ્તાર છે. હવે આપણે સામાયિકમાં આવેલા સૂત્રોના હેતુઓ ટુંકામાં વિચારી જઇશું.

સામાયિકમાં નીચે પ્રમાણે સૂત્રો આવે છે.

૧—નવકારમંત્ર–નવકાર મંગલને માટે અને પંચ પરમેષ્ઠિના ગુણો આપણા આત્મામાં ખીલાવવા માટે.

૨—પંચિંદ્રિય–પંચિંદ્રિયમાં ગુરુના ગુણોનું વર્ણન છે.

૩—ઇચ્છામિ ખમાસમણો–ઇચ્છામિ ખમાસમણોમાં એવા ગુરુની આજ્ઞાનુસાર સામાયિકનું આવશ્યક કરવાનું છે.

૪—ઇરિયાવહિ–ઇરિયાવહિમાં સકળ જીવોની કેવે પ્રકારે વિરાધના થયેલી હોય છે તેની ક્ષમા ઇચ્છવામાં આવે છે.

૫—તસ્સઉત્તરી–તસ્સઉત્તરીમાં જીવોની વિરાધનાથી લાગેલાં પાપોનો નાશ કરવાને કાઉસગ્ગની પ્રસ્તાવના રૂપે પ્રાયશ્ચિત સૂત્ર છે.

૬ કાઉસગ્ગ—કાઉસગ્ગમાં દેહભાવ છોડી આત્મભાવમાં રહી લોગસ્સ વડે સામાયિકથી પરમપદ પામેલા ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરી પાપનો નાશ કરવાનું કાર્ય થાય છે.

૭ લોગસ્સ–લોગસ્સમાં ચોવીસ પ્રભુની સ્તુતિ કરી તેમની પાસે માગવામાં આવે છે કે તમો લોકને પ્રકાશ કરનાર છો, ધર્મરૂપ તીર્થ એટલે કે

સામાયિક રૂપ તીર્થને આપનારા છો. તમારૂં હું તેથી કીર્તન કરૂં છું, સ્તવન કરૂં છું. ભાવપૂજન કરૂં છું. તમે જરા રૂપી મલ અને મરણ રૂપી રજનો સર્વથા નાશ કરી અજર અમર થયા છો. મારા ઉપર પ્રસન્ન થાઓ. મને આરોગ્યતા મળો, ક્ષાયિક સમકિત તમારા જેવી ઉત્તમ સમાધિનું વરદાન એટલે નિર્વિકલ્પ સમાધિ આપો કે જેથી આપે ઉપદેશેલી સામાયિક આપની પેઠે હું કરી શકું. આપ ચંદ્રોથી પણ નિર્મળ છો, એટલે કેવળદર્શનવાળા છો-આપ સૂર્યોથી પણ વિશેષ પ્રકાશવાન છો એટલે કેવળજ્ઞાનવાળા છો, આપ સ્વયંભૂરમણ સમુદ્રથી પણ ગંભીર છો; એટલે શુદ્ધાત્મ સ્વરૂપમાં ચારિત્ર રૂપે રમી રહ્યા છો આપે મેળવેલી અનંત જ્ઞાન-અનંત દર્શન અને અનંત ચારિત્રની સિદ્ધિઓ મને દેખાડો. લોગસ્સ પછી મુહુપત્તિ પલોવવાની ક્રિયા-ત્યાર પછી સામાયિકનું પચ્ચખાણ આવે છે. જેનો પાઠ ગૃહસ્થોને માટે અને સાધુઓને માટે ભિન્ન ભિન્ન છે. સાધુઓના પચ્ચખાણમાં **करेमि भंते सामाइयं-सावज्जं जोगं पच्चक्खामि-जाव जीवाय पज्जुवासामि** અને ગૃહસ્થો સામાયિકના પચ્ચખાણમાં-પ્રતિજ્ઞામાં **जाव नियमं पज्जुवासामि** એટલે એક મુહુર્ત કે બે ઘડી સુધી હું સર્વ જીવોની સાથે સમભાવમાં રહી સર્વ પાપનો નિષેધ કરીશ, અને આત્મધ્યાને ચઢીશ. સામાયિકમાં રહી પછી આત્મધ્યાન જુદે જુદે પ્રકારે કરે છે-૪૮ મિનિટનો ટાઇમ આગળ કહેલાં આઠ પ્રકારનાં સામાયિકોમાં કે સ્વાધ્યાયમાં પસાર કરે છે. Æsthetic અર્થાત્ જેમ ગ્રીક ફીલોસોફીમાં સૌંદર્યવડે અધ્યાત્મજ્ઞાન કહેલું છે તેમ પરિજ્ઞા નામની સામાયિકમાં જૈન સામાયિકના વિધાનમાં પણ જોવામાં આવે છે. આના ઉપર એલાચી પુત્રનું દૃષ્ટાંત છે.

આ દૃષ્ટાંતમાં એલાચી પુત્ર કેવે પ્રકારે આત્માનું અનુપમ સૌંદર્ય જાણવા પામે છે. અને એ સૌંદર્યથી કેવે પ્રકારે કેવળજ્ઞાન

પામે છે એ દૃષ્ટાંત વિસ્તારવાળું હોવાથી વકતા હાલ બીજા પ્રસંગને માટે Reserved રાખે છે.

સામાયિકમાં આપણો આદર્શ શ્રી મહાવીર સ્વામી છે. અને આપણી ખીલેલી અને ખીલતી શકિત પ્રમાણે તેનું સામાયિક સમજી ક્રિયામાં મૂકીએ તો પહેલું આત્મભાન પછી આત્મજ્ઞાન પછી આત્માનંદ અને પછી આત્માનું અપૂર્વ અને અખૂટ બળ પ્રાપ્ત થાય. ભગવાન પતંજલિ કહે છે કે **सत्वपुरुषान्यताख्यातिमात्रस्य सर्वभावाधिष्ठातृत्वं सर्वज्ञातृत्वं च.** અર્થાત્ સત્વ એટલે બુદ્ધિ, જે પ્રકૃતિનો પ્રથમ વિકાર છે તે અને પુરૂષ એટલે આત્મા અર્થાત્ જડ અને ચૈતન્ય એ બન્નેનું સમભાવ વડે ભાન થતાં જ સર્વ પદાર્થો ઉપરનું અધિષ્ઠાતાપણું અને સર્વજ્ઞપણું સાધકને પ્રાપ્ત થાય છે. **तद् वैराग्यादपि दोषबीजक्षये कैवल्यम्** તેમાં એટલે પ્રકૃતિમાં વૈરાગ્ય થતાં દોષનો ક્ષય થાય છે, અને ક્ષય થતાં કૈવલ્ય પ્રાપ્ત થાય છે.

હાલ અહીં આપણાં વ્યાખ્યાનને પૂરાં કરશું અને હવે પછી પ્રવાસથી પાછા ફરતાં બાકીના ભાગ ઉપર વિવેચન કરી તેને finish આપી પ્રમુખ સાહેબની ઇચ્છા પ્રમાણે સામાયિકના પ્રયોગ આપણી ખીલતી શકિત પ્રમાણે બળવીર્ય ગોપ્યા વિના કરવા પ્રયત્ન કરશું, છેવટે પ્રમુખ સાહેબનું અને શ્રોતૃવર્ગમાંથી જે કોલેજીયન વિદ્યાર્થીએ વકતાને માટે કહ્યું તેનો અંતઃકરણપૂર્વક ઉપકાર માની વ્યાખ્યાન પુરૂં કરતો નથી. વ્યાખ્યાન ચાલુજ છે જ્યાં સુધી તે યથાર્થ ન સમજાય ત્યાં સુધી ideally ભાવનાથી, પરંતુ practically વ્યવહારથી તે પોતાનું ભાષણ હાલ બંધ કરે છે.